ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં ટેક્સ્ટ તરીકે મંજૂર.
(નામદાર મુંબઈ સરકારના એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ
નંબર ૩૨૧૪ તા૦ ૧૮ ૧૨-૧૯૧૬.)

ભૂગોળ.

(ગુજરાતી ચોથા ધોરણ માટે.)

પ્રકાશક:

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.
બુકસેલર્સ, એન્ડ પબ્લીશર્સ, મુંબાઈ.

લખનાર.

હિ. ગ. અંજારિયા.

કિ. રૂ. ૦-૮-૦.   પ્રત ૫૦૦૦.

૧૯૧૯.

ભૂગોળ

ગુજરાતી ચોથા ધોરણ માટે.

લખનાર

હિમ્મતલાલ ગણેશજી અંજારિયા

એમ. એ. એલએલ. બી.

ગોંડળના વાર્તારૂપ ઇતિહાસ તથા મુંબઇના

ત્રીજા ધોરણની ભૂગોળના લેખક,

તથા

કાવ્ય માધુર્ય, સંગીત મંજરી અને મધુબિન્દુ

તૈયાર કરનાર.

પ્રકાશક

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

કાલકાદેવી રોડ—મુંબાઇ.

"શ્રી ભાગ્યોદય પ્રીન્ટીંગ પ્રેસ" માં જેઠાલાલ દેવશંકર દવેએ

છાપ્યું. ખાડીઆ—અમદાવાદ

સંવત ૧૯૭૫. ઇસ્વી સન ૧૯૧૯

આવૃત્તિ બીજી.

કીંમત આઠ આના.

અનુક્રમણિકા.

નકશાની અનુક્રમણિકા.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

શ્રીમાન સરકાર તરફથી તંત્રપોથી (ટેક્સ્ટ) તરીકે મંજુરી મળવાની રાખેલી આશા સફળ થયેલી છે. પાંચ હજાર નકલની પહેલી આવૃત્તિ તુર્તમાં ખપી જવાથી શિક્ષકોએ પણ ઉપયોગિતા સ્વીકારી છે એમ માની શકાય છે. તે માટે ગુજરાત સમસ્તનો ઉપકાર માની, આ આવૃત્તિની કિંમતમાં પુસ્તકના હક્ક ધરાવનારને કાંઇક વધારો કરવો પડ્યો છે માટે ક્ષમા માગવાની જરૂર છે. મહાન વિગ્રહને પરિણામે બીજી વસ્તુઓના ભાવની પેઠે કાગળોના ભાવમાં પણ અસાધારણ વધારો થયો છે, અને તેથી જ આ પગલું લેવાની ફરજ પડી છે.

જેમ જેમ આવૃત્તિ થતી જશે તેમ તેમ નકશા વગેરેમાં પણ સુધારો કરતા જવાની અભિલાષા છે. આ વખત બે નકશા નવા કરાવ્યા છે. ભાવની હાડમારીને લીધે એક સાથે બધા સુધારા કરી શકાયા નથી, પરંતુ વખત જતાં રંગીન નકશા પણ દાખલ કરી શકાશે એવી આશા છે.

મેશર્સ એન. એમ. ત્રિપાઠીની કંપનીએ આ પુસ્તકના સર્વ હક્ક લઇ લીધેલા હોવાથી બીજો કશો સંબંધ રહ્યો નથી—છતાં પણ લખાણ નકશા વગેરેની સર્વ સૂચના તો લખનારને જ કરવા વિનંતિ છે.

હિ. ગ. અંજારિયા.

પ્રસ્તાવના.

ભૂગોળ શીખવાની ખરી પદ્ધતિ તો એજ છે કે શીખનારાઓ પાસે પુસ્તક ન જ હોવું જોઇએ—માત્ર નકશા જ જોઇએ. પરંતુ એકલા નકશાથી ચલાવી શકે તેવા શિક્ષકો અંગ્રેજી નિશાળોમાં પણ હજી માલમ પડતા નથી, ત્યારે કંગાળ પગારવાળી ગુજરાતી નિશાળોમાં તો તે ક્યાંથી જ માલમ પડે ? એટલે ભૂગોળનાં પુસ્તક વગર ચાલે તેવું નથી. સરકારી કેળવણી ખાતાંએ પણ તે જરૂર સ્વીકારી છે. પરંતુ ખાતાં તરફથી બહાર પડેલાં પુસ્તકમાં નકશાઓનો તો તદ્દન અભાવ છે. ભૂગોળનું જ્ઞાન નકશા વગર અપાય જ નહિં, ભૂગોળનાં પુસ્તકમાં નકશાઓ હોવા જ જોઇએ, એ સત્ય સર્વત્ર સ્વીકારાયેલું હોવા છતાં, ગુજરાતીમાં તેવાં પુસ્તક નહિં હોવાને લીધે આ સાહસ વહોર્યું છે. મુંબઇનાં ત્રીજાં ધોરણ માટે તો એકે પુસ્તક હતું જ નહિં, પરંતુ ગુજરાતનાં ચોથાં ધોરણ માટે પુસ્તક નથી એમ નથી; છે, અને તે વિગતથી ભરપૂર પણ છે. છતાં તેમાં નકશા નહિં હોવાને લીધે આદર્શરૂપ પુસ્તક એકે નથી એમ કહી શકાશે. તે ખોટ પૂરી પાડવાના વિચારથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. સરકારી કેળવણી ખાતું યોગ્યાયોગ્યતાનો વિચાર કરી પુસ્તકને શાળાઓમાં ચલાવવા જેટલી લાયકાતવાળું સ્વીકારશે તો લેખકનો મનોરથ કાંઇક અંશે સિદ્ધ થયો ગણાશે.

આ ભૂગોળપોથીમાં વિગત ઝાઝી માલમ નહિં પડે. વિગતની પૂર્ણતાથી તંત્ર-પોથી (ટેક્સ્ટ બુક)ની કિમ્મત કરવાના કરતાં, તે વિષયનાં જ્ઞાન માટે મોહ ઉત્પન્ન કરવો, અને તે મોહ વધતો જાય તેવી રસિક હકીકત વાંચક આગળ રજુ કરવી એ તન્ત્રપોથી માટે વધારે જરૂરનું ગણવું જોઇએ. તે જરૂર ધ્યાનમાં રાખી આ પોથી માત્ર છોકરાઓને સ્મૃતિને સાહાય્યરૂપ થાય એટલુંજ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. શિક્ષકે તો વિગતવાળાં બીજાં ઘણાં પુસ્તકોમાંથી માહેતી મેળવવી જોઇએ. તેટલું છતાં, થોડીક યાદીરૂપ વિગત આપવા જેટલો વિસ્તાર કરવામાં તો આવ્યો છે. એટલે આશા છે કે જોઇતી વિગત થોડી ઘણી તો મળી શકશે.

ચોથું ધોરણ પૂરૂં કરનારા વિદ્યાર્થીઓનું ભૂગોળનું જ્ઞાન કેટલું હોવું જોઇએ તે અન્યત્ર લખેલું જરા ફેર કરી આંહિં ઉતારવામાં આવ્યું છે. કેટલાંક પુસ્તકોમાં ન માલમ પડે તેવું પણ કાંઈક આ પુસ્તકમાં દાખલ કરવામાં આવ્યું છે તેનો ખુલાસો આ ઉતારાથી મળી જશે એમ માનું છું.

૧. પોતે રહે છે એ તાલુકો, જીલ્લો, કે સંસ્થાન, અને વિભાગ કેવડો મોટો છે? તેનું ઇલાકામાં, હિન્દુસ્થાનમાં, અને પૃથ્વીમાં સ્થાન ક્યાં છે? ઇલાકો એટલે શું? તાલુકાના મામલતદાર, જીલ્લાના કલેકટર, સંસ્થાનના રાજા, અને વિભાગના કમીશનર, તથા ઇલાકાના ગવર્નર ક્યાં રહે છે? તે રાજ્યમાં કે ઇલાકામાં ક્યાં ક્યાં મોટાં શહેરો આવેલાં છે, અને તે વિદ્યાર્થીના ગામથી કેટલે દૂર અને કઇ દિશામાં છે?

૨. પોતાના તાલુકા, કે રાજ્યની અને આખા ઇલાકાની જમીન કેવી છે? ઉંચી નીચી ક્યાં છે? પર્વત, નદી, દરીયા કિનારો, હવા પાણી વિષે જાણવા જેવું શું છે? પર્વત, મોટી નદી, કે દરિયાથી આબોહવા ઉપર અને તે બધાંથી લોકોની તબીયત, રીતભાત અને સામાન્ય રહેણી કરણી પર કેવી અસર થાય છે?

૩. તાલુકા, રાજ્ય તથા ઇલાકાની વસ્તી કેવી છે? તેમાં બોલાતી ભાષા કઇ કઈ છે? બંદર કે રેલ રસ્તે ચાલતો પરદેશ સાથેનો તથા સ્થાનિક વેપાર, ઉપજ, ઉદ્યોગ, સ્થાનિક હુન્નર કારીગરી, કારખાનાં વગેરે કેવાં કેવાં છે? લોકોનાં ગુજરાનનાં સાધનો ક્યાં ક્યાં છે? લોકો ધર્મ ક્યા ક્યા પાળે છે? અને કેળવણી સંબંધે તેમની સ્થિતિ કેવી છે?

૪. વિભાગ, તથા ઇલાકામાં દોડતી રેલ ગાડીઓ કઈ કઇ છે? મોટાં મોટાં શહેરોએ જવા માટે કઇ કઇ લાઇન કામની છે? મોટી મોટી સડકો, ઇલાકામાં જાણવા લાયક સ્થળો, જાત્રાનાં અને હવા ખાવાનાં ઠેકાણાં, ટપાલ તાર વગેરેની ગોઠવણ, વગેરે સંબંધે સારૂં જ્ઞાન. દરિયા કિનારો હોય તો મોટાં મોટાં બંદરો ક્યાં ક્યાં છે?

૫. વિદ્યાર્થી દેશી રાજ્યમાં રહેતા હોય તો દેશી રાજ્યનું, તથા સરકારી ખાલસા મુલકમાં રહેતા હોય, તો મુંબઇ ઇલાકાનું રાજ્ય

બંધારણ કેવું છે? સ્વતંત્ર રાજ્ય, દેશી રાજ્ય, અને સરકારી ખાલસા મુલકમાં શો ફેર છે? અંગ્રેજી ખાલસા મુલકમાં મોટાં શહેરોમાં મ્યુનિસિપાલિટિ અમુક અંશે સ્થાનિક સ્વરાજ્ય ભોગવે છે તે શું હશે? લોકો પોતાના ગામની સુધારણા માટે શું શું કરી શકે? ગામના વતની તરીકે, શહેરી તરીકે, અને સરકારની વફાદાર રૈયત તરીકે શી શી ફરજો અદા કરવી જોઇએ?

૬. રાજ્યની કે વિભાગની અને આખા ઇલાકાની પૂર્વની સ્થિતિ, તેનો કાંઇક ઇતિહાસ, થયેલા અને થતા જતા સુધારા વધારા, ભૂતકાળના જ્ઞાનથી વર્તમાન અને ભવિષ્ય સ્થિતિનો કંઇક ખ્યાલઃ આ વિષે આછી આછી, ઉપર ઉપરની, પણ મોટા થાય ત્યારે વધારે જાણવાની ઉત્કંઠા જાગ્રત કરે તેવી સમજ.

૭. મુંબઇ ઇલાકા વિષે જે સામાન્ય જ્ઞાનની વાત કરી છે તેવુંજ-પણ જરા ઓછી વિગતવાળું—હિન્દુસ્થાન વિષે જ્ઞાન.

૮. હિન્દુસ્થાનમાં રાજ્ય કરનારા અંગ્રેજો ક્યાંના રહીશ છે? તેમનો દેશ ઇંગ્લાંડ ક્યાં છે? હિન્દુસ્થાન એશિયા ખંડમાં છે, ઇંગ્લાંડ યુરોપ ખંડમાં છે, તે ખંડો વિષે સહેજ પિછાન; અંગ્રેજોનો દેશ અને અંગ્રેજ લોકો, તેમનું રાજ્યબંધારણ, તેમના હુન્નર ઉદ્યોગ, તેમનું કળા કૌશલ્યમાં અગ્રસ્થાન વગેરે વિષે સામાન્ય જ્ઞાન.

ચોથું ધોરણ પૂરૂં કરનાર વિદ્યાર્થી ઉપર કહેલી બાબતો જાણે એટલે ભૂગોળ સંબંધે સારૂં જ્ઞાન મળ્યું એમ કહી શકાશે.

ઘણીવાર વાર શિક્ષકો તરફથી પૂછવામાં આવે છે કે ધોરણમાં સામાન્ય જ્ઞાન—સાધારણ પિછાન—એવું લખવામાં આવ્યું હોય છે, અને પ્રચલિત તન્ત્રપોથીમાં વિગત વધારે હોય છે. ત્યારે કેટલું શીખવવું? બધું શીખવવાનું બને નહિં, અને થોડું મૂકી દેવાય તો પરીક્ષાની કસોટીમાં સોસવું પડે, ત્યારે કરવું શું? આ પ્રશ્ન અને શંકાના સમાધાન તરીકે આ પોથી રજુ કરવામાં આવે છે.

છેવટે, રા. ઝવેરભાઈ બકોરભાઇ તથા રા. જટાશંકર પરમાનન્દે એક રીતની, અને બુકસેલર ઠક્કર બેચર મેઘજીએ બીજી રીતની મદદ

આપવા માટે તે બધાનો ઉપકાર માની, ભૂગોળના શિક્ષકે ધ્યાનમાં રાખવા જેવી બેએક સૂચનાઓ આપી પ્રસ્તાવના પૂરી કરૂં છું. આમાંથી થોડીક સૂચના મુંબઇનાં ત્રીજાં ધોરણ માટેની પોથીમાં આપવામાં આવી હતી તે ફરી આપી છે અને બીજી 'ભૂગોળના પદાર્થ પાઠો' નામના પુસ્તક-માંથી આપવામાં આવી છે. ભૂગોળ કેમ શીખવવી તથા શા માટે શીખવવી એ ઉપર કહેલાં પુસ્તકમાં વિગતથી કહેવામાં આવ્યું છે. આશા છે કે થોડા વખતમાં તે બહાર પડશે; ત્યારે, જીજ્ઞાસુ શિક્ષકોએ તે જોઇ લેવા કૃપા કરવી.

૧. પુસ્તકમાં આપેલી હકીકત પોપટ પેઠે મોઢે બોલી જાય એટલે શિક્ષણ મળી ગયું એમ સમજવાની ભૂલ ઘણાખરા શિક્ષક કરે છે. એકે વિષયમાં તેવું જ્ઞાન ખરૂં જ્ઞાન ગણાતું નથી—ભૂગોળમાં તો નહિંજ. માટે આ ચોપડીમાં આપેલા શબ્દો મોઢે કરાવવાનું ખોટું પગલું કદી ભરતા નહિં.

૨. પુસ્તક તો સ્મૃતિને મદદ રૂપ થાય એટલા માટે છે. પહેલી વાર શીખવતી વખતે કે નવું જ્ઞાન આપતી વખતે પુસ્તકના ઉપયોગની જરૂર નથી. જે શીખવવું હોય તેની વાત પહેલાં કહેવી—બને તો તો તે તે વસ્તુ કે જગા પ્રત્યક્ષ બતાવવીજ જોઇએ અને તેમ કર્યા પછી વિષય બરાબર પાકો સમજી જવાય અને તૈયાર થઇ જાય ત્યાર પછીજ, પુસ્તકનું વાચન શરૂ કરવું.

૩. ભૂગોળમાં સ્થાન કે સ્થળનું એકે નામ, તેની સાથે કાંઇ પણ સંબંધ જોડયા વિના દેવુંજ નહિ. તે સ્થળ કે સ્થાનની સાથે કાંઇ પણ હકીકત, કે બનાવ, કે માણસનો સંબંધ, કે તેવું કાંઇ જોડી દઇનેજ છોકરાંઓને તે નામ આપવું.

૪. નકશાનો ઉપયોગ બને તેટલો વધારે કરો, પણ પહેલાં નકશાની સમજ બરાબર આપવાનું ધ્યાનમાં રાખવું. ભૂગોળના દરેક પાઠને વખતે નકશો પાસેજ રાખવો.

૫. છોકરાં સંચા નથી, બોલતાં વાજાં નથી, પણ જીવન ચેતન વાળાં ભવિષ્યનાં મહાજનો છે એ ધ્યાનમાં રાખો. તેમની બુદ્ધિ

વિકસાવવાનું તમારૂં કામ છે, તેમની બુદ્ધિને અમુક વાતો મોઢે કરાવી તેમાંજ રોકી રાખી, કુંઠિત અને મર્યાદિત કરવાનું નહિ. આ વસ્તુસ્થિતિ સમજવાની તાકાત આપણા શિક્ષકોમાં વધતી જાય તેવાં પગલાં તમે પોતેજ લેતા થાઓ.

૬. મુલક મુલકની પેદાશ મોઢે કરાવવાના કરતાં "પેદાશનું પ્રદર્શન" નાના સ્વરૂપમાં રાખવામાં આવે તો ઘણું સારૂં. એક દેશ માટે એક કાર્ડ અને નાની પેટી, તે કાર્ડ ઉપર તે દેશ તથા તેમાંની પેદાશનું નામ, અને તે પેટીમાં તે તે વસ્તુ. જે ભાગમાં જે વસ્તુ જાણવા લાયક થતી હોય તે મેળવીને આ પ્રદર્શન તૈયાર કરવાનું ધ્યાનમાં રાખવું.

૭. એ ખાસ યાદ રાખો કે પ્રત્યક્ષ વસ્તુનાં દર્શનથી પહેલું પ્રત્યક્ષ જ્ઞાનજ આપો. પ્રત્યક્ષ અવલોકનથીજ શરૂઆત કરો; વિદ્યાર્થીની આસપાસનો મુલક અને તેમના અનુભવમાં આવતી હોય તે તે વિગતનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યા પછીજ, તે મારફતજ વધારે જ્ઞાન મેળવે તેવી યોજના કરો.

૮. ભૂગોળનાં શિક્ષણમાં અભ્યાસનો ક્રમ ગોઠવવામાં યોગ્યતા રાખો. પહેલાં પાણી અને જમીનની વ્યાખ્યાઓ મોઢે કરાવવાનીજ પદ્ધતિ ચાલુ છે તે ખોટી છે. છોકરાંઓ જે જે જોઇ શકે, હમેશ જોતા હોય, તેવી વાતોથી શરૂઆત કરી, તે તે વ્યાખ્યા સમજાવી, પછી ક્રમે ક્રમે આગળ વધો. પહેલાં વર્ગના ઓરડો, પછી નિશાળ, પછી ઘર શેરી, ગામ, ગામનું પાદર, ગામની સીમ, મહાલ, તાલુકા એમ ક્રમે ક્રમે શીખવતા જાઓ.

૯. ભૂગોળનાં શિક્ષણમાં 'પર્યટન'—આસપાસના ભાગોમાં સફર કરવી—એ ખાસ જરૂરનું છે. શિક્ષણની શરૂઆત પર્યટનથી કરો—પછી તેના નમુના બનાવો—અને ત્યાર પછીજ નકશા શરૂ કરો. પર્યટન અને નમુના એ પહેલાં પગથીયાં ભૂલી ન જાઓ—તે તરફ ઉદાસીન ન રહો.

૧૦. નકશાઓ બને ત્યાં સુધી રૂપરેખાવાળા—અગર ઘણીજ થોડી વિગતવાળા રાખો. શિક્ષક પોતે કાળાં પાટીયાંપર હદ રેખા દોરી નકશો

માટે અને પણ ... મેળવવા ... છે અને ... મનમાં રાખો.

નકશાઓનો સદુપયોગ કરી, તત્ત્વપ્રધાન સ્મૃતિપાઠ ન બનાવો, ભૂગોળનો પાઠ આપતા પહેલાં તમે પોતે અનેક વિગતોવાળી પુસ્તકો તૈયાર ... ખબરની સૂચના ... મનમાં રાખો.

આંકડાવિદ્યા

આંકડાશાસ્ત્ર

ચોથા ધોરણ માટે ભૂગોળ.

પ્રકરણ ૧ લું.


મુંબઇ બેટ.


ઇતિહાસ, પ્રાકૃતિક વર્ણન વિગેરે.

મુંબઇ ઇલાકો હિંદુસ્થાનમાં છે, અને મુંબઇ બેટ મુંબઇ ઇલાકાનો ભાગ છે, એ તો તમે શીખ્યા છો. મુંબઇ ઇલાકાના પશ્ચિમ કિનારાના લગભગ મધ્યમાં, પહેલાં નાના નાના બેટો હતા. તે બધાને જોડી દેવાથી મુંબઇ બેટ બન્યો છે, એ પણ તમે હવે જાણ્યું છે. મુંબઇ બેટ નથી રહ્યો, પણ દ્વીપકલ્પ થયો છે, સાષ્ટીની સાથે તે જોડાઇ ગયો છે, એ પણ તમને કહેવામાં આવ્યું છે. બીજે પાને મુંબઇ બેટ અને સાષ્ટી બેટનો નકશો છે તે જુઓ. એ બંને મળી એક બેટ જ હવે ગણાવો જોઇએ. મુંબઇ હવે દ્વીપકલ્પ જ ગણવો જોઇએ.

મુંબઈ બેટને સાષ્ટીનાં ગામ વાંદરાની સાથે જોડનારો લેડી જમશેદજી બ્રિજ તમે જોયો હશે. વાંદરાની ખાડી ઉપર તે પૂલ બાંધવામાં આવ્યો છે. શીવથી કુરલા જતાં તો હવે પાણી ઓળંગવું પણ નથી પડતું. ત્યાં તો જમીન જ થઇ ગઈ છે. તે જમીન મુંબઈ અને સાષ્ટી બંનેને જોડે છે. મુંબઈ અને સાષ્ટી એ બે મોટા જમીનના ભાગને જોડનારી જમીનની જે લાંબી પટ્ટી છે તેને 'સંયોગી ભૂમિ' કહેવાય. જમીનના બે મોટા ભાગો જોડનારી જમીનની જે નાની પટ્ટી તે 'સંયોગી ભૂમિ.' સંયોગી=જોડનારી, ભૂમિ=જમીન.

આ મુંબઈ બેટ પહેલાં એક બેટ ન હતો, પણ નાના નાના સાત ટાપુ હતા. ૩ જા પાનાપર જુના મુંબઈના નકશામાં જુઓ-તેમાં સાતે ટાપુ ગણી કાઢો. તે ટાપુઓમાં નં૦ ૧ જેમાં લખ્યો છે તે મહિકાવતીને નામે પ્રખ્યાત હતો તે વાત પણ તમે શીખી ગયા છો. તે ભાગમાં તથા


મુંબઈ અને સાષ્ટી
સાષ્ટી
અંધેરી
ભાંડુપ
કુર્લા
ધારાપુરી
પનવેલ
કોલાબા જિલ્લો


ઉત્તર
જુનું મુંબઈ
ફીટ

જેમાં નં૦ ૧૭ છે તેમાં પહેલાં દખ્ખણ કે દક્ષિણના રાજાઓનું રાજ્ય હતું. તેઓ હિન્દુ રાજાઓ હતા. પછી મુસલમાનોએ તે ભાગો જીતી લીધો અને ગુજરાતના સુલતાનોને હસ્તક તે ભાગો ઘણો વખત રહ્યા. મુસલમાનો પાસેથી ફીરંગી એટલે પોર્ટુગીઝ લોકોએ પડાવી લીધા, અને પછી અંગ્રેજોના હાથમાં તે આવ્યા એ પણ તમે જાણ્યું છે. અંગ્રેજોના વખતમાં તે ટાપુઓ સુધરવા લાગ્યા; વચ્ચેનો દરિયો પણ પુરાતો ગયો.

મુંબઈની પૂર્વ તરફ દરિયાનો જે ભાગ જમીનમાં ઘૂસી ગયો છે તેને મુંબઈનું બારૂં કહે છે. મુંબઈ-સાષ્ટીના નકશામાં જોશો તો માલુમ પડશે કે જમીનના મોટા ભાગ અને મુંબઈ બેટની વચ્ચે પાણી આવી ગયું છે. પશ્ચિમ તરફ મુંબઈ બેટનો ભાગ આવી જવાથી પવનનું જોસ નરમ પડી જાય અને તેથી દરિયો શાન્ત રહે. દરિયાનો જે ભાગ આવી રીતે ઘૂસી ગયો છે તે ઘણો શાન્ત અને ઉંડા હોવાથી મુંબઈનું બંદર ઘણું સહીસલામત ગણાય છે. તેથી પરદેશથી વહાણો આગબોટો લાવવાનું ત્યાં વધારે અનુકૂળ પડે છે. તેનો ઉપયોગ થવાથી વેપાર વધવા લાગ્યો, વસ્તી પણ વધવા લાગી, અને મુંબઈ આજે આખા હિન્દુસ્થાનમાં પહેલા નંબરનું બંદર અને શહેર બની ગયું. દેશ દેશના લોકો પોતાનો માલ અહિં ઘણી સહેલાઈથી લાવી શકયા. માલ અહિં આવવા લાગ્યો એટલે બીજાં શહેરો સાથે સંબંધ વધતો ચાલ્યો. હમણાં મુંબઈથી મદ્રાસ, દીલ્હી, કલકત્તા, એમ સીધી રેલો જાય છે; સીલોન, બ્રહ્મદેશ એમ આગબોટો જાય છે અને તેથી આખા હિન્દુસ્થાન સાથે મુંબઈ જોડાઈ ગયેલ છે (રેલ્વે બતાવનાર નકશો જુઓ). પરદેશની આગબોટો અહિં ભરાય છે એટલે હિન્દુસ્થાનમાંથી બહાર જતા માલમાંથી ઘણોખરો બધો માલ અહિંજ આવે છે. તે માલની આવજા થવા સાથે મજુરો, મુકાદમો, વેપારીઓ, અને એ બધાંની વ્યવસ્થા કરનારી ઓફિસો અને પેઢીઓ એ બધું અહીં વધવા લાગ્યું. રેલગાડીઓની ગુડસ અને બંદર પરની સ્ટીમરો જોવાથી તમે જાણી શકશો કે કેટલો બધો માલ બહાર ગામથી આવે છે-પરદેશ ચઢે છે અને પરદેશથી આવે છે! કોલાબા ઉપરની રૂની વખારો

જ જોશો તો છક થઇ જશો! તે બધું રૂ પરદેશ જાય છે અને તેનાં કપડાં વણાઇ આપણે ત્યાં આવે છે! તેમ જ બીઆં, ચામડાં, શણ, વગેરે ઘણી ચીજો અહિંથી જાય છે અને બીઆંનાં તેલ, ચામડાંના જોડા, શણનાં ગુણપાટ વગેરે બની પાછાં આવે છે! પણ જતા અને આવતા માલની કિંમતનો તફાવત તમે જાણો છો? તેવું થાય છે તેનું કારણ એ જ કે પરદેશના લોકો હુન્નર કારીગરીમાં બહુ ચઢીઆતા છે. બુદ્ધિમાં અને જોરમાં ચઢીઆતા હોય તે જ બધો લાભ લઇ શકે છે એ તમારે જાણવું જોઇએ. અંગ્રેજ સરકાર હિન્દીઓની બુદ્ધિ અને શક્તિ ખીલવવા માટે હમેશાં પ્રયાસ કરે છે, અને તેથી દરેક છોકરે ક્ષણ પ્રતિક્ષણ અંગ્રેજ સરકારનો ઉપકાર માની તેમના પ્રયાસોમાં બનતી મદદ કરવી જોઇએ.

મુંબઇ વસ્તીમાં અને વેપારમાં હિન્દુસ્થાનનું મોટામાં મોટું શહેર-બંદર છે. તેની આસપાસ દરિયો હોવાથી હવા સમશીતોષ્ણ રહે છે, અને જમીન પણ લગભગ સપાટ જેવી જ છે, જૂજ જૂજ ટેકરીઓ છે, અને જે જગાએ પહેલાં દરિયો ઘૂસી આવતો તે રોકી દેવાથી જે જમીન કરી છે તે જગા કંઇક નીચી છે—પણ એકંદરે મુંબઇની જમીન સીધી અને સપાટ કહેવાય તેવી જ છે. મૂળથીજ નાના નાના, નીચા, ટાપુઓ હોવાથી નદીનો તો સંભવ જ હોય નહિ. તળાવો થોડાં ઘણાં હતાં અને પાણી માટે કુવાઓ હતા, પણ હવે મુંબઇથી દૂર ત્રણેક મોટાં તળાવો કરી ત્યાંથી પીવાનું પાણી નળ વાટે લાવવામાં આવે છે, એટલે કુવાની જરૂર રહી નથી. વપરાશ કમી થતાં, કુવાઓ પૂરી દેવામાં આવે છે. તળાવોમાંથી કેટલાંક પૂરી દેવાયાં છે; રહેલાં પૂરી દેવાશે એવો સંભવ છે.

મુંબઇમાં પહેલાં માત્ર કોટના ભાગમાં વસ્તી હતી. ફરતો કિલ્લો હતો, તેને જે દરવાજા હતા તેમાંથી માત્ર બેનાં જ નામો હવે રહ્યાં છે: ચર્ચગેટ અને બજાર ગેટ. ગેટ એટલે દરવાજો. ચર્ચ (દેવળ) પાસે દરવાજો હતો તે ચર્ચગેટ કહેવાતો અને ત્યાં જે રસ્તો થયો તેને ચર્ચગેટ સ્ટ્રીટ નામ મળ્યું, તેમજ બજારગેટ સ્ટ્રીટ નામ પડયું છે. વેપાર વધવાથી વસ્તી વધી એટલે કોટની બહાર રહેવાનાં મકાનો થવા લાગ્યાં. અને હવે તો ઠેઠ માહિમ સુધી વસવાટ થઇ ગયો છે. પહેલાં અંધારા માળા, સાંકડી ગલીઓ, એવું

હતું, અને ગટરો ન હોતી. તેથી અંધારૂં અને ગંદકી હતાં. હવે તો મુંબઇનું સ્વરૂપ જ ફરી ગયું છે.–મોટા અને પહોળા રસ્તામાં સુંદર અને ભવ્ય મકાનોથી મુંબઇનું સૌંદર્ય દિન પ્રતિદિન વધતું જાય છે.

પ્રકરણ ૨ જું.

મુંબઇ બેટ ચાલુ.

કારખાનાં, વેપાર, રાજ્યવહીવટ.

મુંબઇ વસ્તીમાં અને વેપારમાં મોટું છે, તેમ જ કારખાનાંઓનું અને હુન્નરોનું પણ મથક છે. ૩ કાંતવાની, સુતર વણવાની, રેશમના વણાટ કામની ઘણી મીલો છે; ટંકશાળ, લોઢાનાં કારખાનાં, બી. બી. અને સી. આઇ. પીનાં કારખાનાં, કસબ કરવાનાં કારખાનાં, છાપખાનાંઓ, વગેરે અસંખ્ય કારખાનાંઓ લોકોને પોષે છે, અને દેશમાં હુન્નર જ્ઞાન વધારે છે. ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, જે આર્ટ સ્કૂલ, વેધશાળા, તોપખાનાં વગેરેથી પણ કેટલું જ્ઞાન મળે છે ! નાના નાના ધંધા રોજગારથી પણ ઘણા માણસોને આજીવિકા મળે છે. આ બધાંની સાથે ફરવાની જગાઓ જેવી કે ચોપાટી, પાલવા, એપોલોબંદર, મહાલક્ષ્મી, તેમજ નાટકો અને સિનેમેટોગ્રાફ જેવાં આનંદ આપનારાં સાધનો, કોટમાં સરકલ ગાર્ડન, તથા હમણાં થતો ભાટીયા બાગ, કોટની બહારના ભાગમાં નોર્થબ્રુક ગાર્ડન, રાણીબાગ એવાં એવાં આનંદ વિહારનાં સ્થળો, તથા રાજાબાઇ ટાવર, આલ્બર્ટ મ્યુઝિઅમ, તૈયાર થતું નવું મ્યુઝિઅમ વગેરે અનેક જોવા લાયક છે. આ બધી જગાઓનાં નામ શીખી જવાથી, છોકરાંઓ ! તમને કશો લાભ થવાનો નથી. દર મહિને એકાદ બે સ્થળ જોવાનો બંદોબસ્ત કરવો; અને જોવાં ત્યારે પણ ઉપર ઉપરથી જોઇને ચાલ્યા આવવું નહિં. તે સ્થળમાં શું જોવા લાયક છે, ત્યાં ગયાથી તમે નવું શું શીખ્યા, તેનો ઉપયોગ તમે શો કરી શકશો એ સવાલોનો વિચાર કરવો અને તેમ કરશો તો જ ખરો લાભ

થશે. મુંબઇમાં જેટલું જોવા જાણુવાનું મળે છે તેટલું બધું હિન્દુસ્થાનના બીજા એક જ શહેરમાં ભાગ્યેજ મળી શકશે.

કારીગરી વેપાર વગેરેમાં મુંબઇ સારૂં છે. પણ આખા હિન્દુસ્થાનનો જે ધંધા પર આધાર છે. તે ધંધો મુંબઇ તળમાં મુદ્દલ જ નથી એમ કહીએ તો ચાલે. તે ધંધો કયો હશે તે તમે કહી શકશો? તે ધંધો ખેતીનો છે. દરેક દેશની દોલતનો આધાર ખેતી, ખનીજ કે હુન્નર કારીગરી ઉપર હોય છે. હિન્દુસ્થાનમાં ખનીજ પુષ્કળ છે, પરંતુ તેમને ગાળવાની અને ઉપયોગમાં લેવાની કળા હિન્દીઓમાં નથી. તેમ હુન્નર કારીગરીમાં પણ હવે હિન્દીઓ માત્ર નકલ કરનારા જ થઇ ગયા છે. ખેતીમાં પણ લગભગ તેવું જ છે. વરસોનાં વરસો થયાં જે મુજબ ચાલતું આવેલું છે, તેમ ચલાવવું એવો હિન્દીઓનો સ્વભાવ છે, તેથી ખેતીમાં નવા સુધારા થતા નથી. તોપણ દેશની સામાન્ય ફળદ્રુપતા ઠીક ઠીક હોવાથી હજુ ખેતીમાંથી ઉત્પન્ન સારૂં થાય છે વરસાદ સારો સારો થયો હોય તો તો દેશના લોકો ખૂબ ખાય તોપણ વધે એટલું બધું અનાજ ખેતીથી પાકે છે. એટલે હિન્દુસ્થાન હજી ખેતીમાં સારો ગણાય તેવો દેશ છે. પણ તે ખેતીમાંનું કાંઇપણ કામ મુંબઇ બેટમાં થતું નથી. મુંબઇનો આધાર વેપાર અને કારખાનાં પર છે.

મુંબઇમાં સ્થાનિક સ્વરાજ્ય છે તે તમે શીખી ગયા છો. મ્યુનિસિપાલિટિમાં ૭૨ કોરપોરેટરો છે અને તેમાંથી મોટા ભાગની ચુંટણી લોકો તરફથી થાય છે. ચુંટણી વખતે મત આપવાનો હક જમીનના માલેકોને અને કેળવણીમાં આગળ વધેલા માણસોને છે. દર ત્રણ ત્રણ વરસે ચુંટણી થાય છે, ત્યારે ધમાલ જોવા જેવી થાય છે.

મ્યુનિસિપાલિટિ અમુક બાબતોનો જ કારભાર કરી શકે છે. કુલ મુખત્યાર તો અંગ્રેજ સરકાર જ છે. તેથી નામદાર ગવર્નર સાહેબના હાથ નીચેના કેટલાક અમલદારો અમુક કામકાજ કરે છે, અને બીજાં બીજા મોટા અમલદારો કરે છે. મુંબઇ ખાતે કલેકટર સાહેબ રેવન્યુ ખાતાના ઉપરી છે, પોલિસ કમીશ્નર પોલિસ ખાતાના, અને ચીફ જજ્જ ન્યાયખાતાંના ઉપરી છે.

મુંબઇ બેટ એ મુંબઇ ઇલાકાનો ભાગ છે અને જેમ ઇલાકાના

બીજા ભાગો નામદાર ગવર્નર સાહેબના હાથમાં છે. તેમ તે પણ છે. આખા ઈલાકાનો કારભાર કરનાર નામદાર ગવર્નર સાહેબ અને તેમની બે કાઉન્સીલો છે. તે સમસ્ત મંડળીને મુંબઇ સરકાર એવું નામ અપાય છે. એક્ઝીક્યુટીવ એટલે કારોબારી મંડળ અને લેજીસ્લેટીવ એટલે કાયદા બાંધનાર એ બે મંડળો વિષે તમે થોડું જાણ્યું છે, અને તે બન્નેમાં હિન્દીઓ બેસી શકે છે એ પણ તમને યાદ હશે. મુંબઇ સરકાર–મુંબઈના નામદાર ગવર્નર સાહેબ અને તેની સાથે કામ કરનારી બન્ને કાઉન્સીલો મુંબઈ ઈલાકાનો કારભાર ચલાવે છે કારભારની સરળતા માટે જુદાં જુદાં ખાતાંઓનાં ઉપરીઓ હોય છે. મુખ્ય ખાતાં, રેવન્યુ એટલે વસુલાત ખાતું, પોલિસ ખાતું, ન્યાયખાતું અને કેળવણી ખાતું એટલાં તમે જાણશો તો બસ થશે. એટલું યાદ રાખજો કે ન્યાયખાતું એક નિરાળુંજ ખાતું છે. નામદાર ગવર્નર સાહેબના સીધા તાબામાં તે નથી. આખા મુંબઇ ઈલાકાના જુદા જુદા ભાગ કરવામાં આવ્યા છે. તેવા પાંચ ભાગ છે, ચાર વિભાગ અને પાંચમો મુંબઇ બેટ, એ તમને યાદ હશે. તે બધામાં એક એક અમલદાર સર્વોપરી હોય છે. રેવન્યુ ખાતાના કમીશ્નર, પોલિસ ખાતાના સુપ્રિન્ટેન્ડેન્ટ, ન્યાયખાતાના સેશન્સ જજ અને કેળવણી ખાતાના ઇન્સ્પેકટર એ બધા તે તે ભાગોના મુખ્ય અમલદારો છે. આખા ઇલાકા માટે તે દરેક ખાતાના જુદા ઉપરીઓ છે. રેવન્યુ ખાતાં માટે કાઉન્સીલના રેવન્યુ મેમ્બર, પોલિસ ખાતાં માટે ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલિસ, ન્યાયખાતાં માટે ચીફ જજ અને કેળવણી ખાતાં માટે ડાયરેકટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રકશન, એ મુંબઈ ઇલાકા માટે સર્વથી શ્રેષ્ઠ ઉપરીઓ છે. શ્રેષ્ઠ અધિકારી નામદાર ગવર્નર સાહેબ છે. જેમ મુંબઈ ઈલાકો છે, તેમ હિન્દુસ્થાનના બીજા ઈલાકા પણ છે. અને થોડાક તેથી નાના ભાગો પણ છે. તે બધાના ઉપરી નામદાર વાઈસરોય સાહેબ છે, કે જેઓ દીલ્હીમાં રહે છે અને આખા હિન્દુસ્થાન ઉપર હકુમત ધરાવે છે.

પરંતુ વાઇસરોય સાહેબ પણ બધી બાબતમાં સ્વતંત્ર નથી. ઈંગ્લન્ડ–વિલાયતમાં એક ઈન્ડિઆ કાઉન્સીલ છે, અને સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ઇન્ડિઆ છે. તે વાઇસરોયથી પણ ઉપરી અમલદાર છે; તે

સેક્રેટરી સાહેબ વિલાયતના પ્રાઇમ મિનિસ્ટરના હુકમ મુજબ કામકાજ કરે છે. પ્રાઇમ મિનિસ્ટર એટલે મુખ્ય દિવાન. શહેનશાહ જ્યોર્જના તે મુખ્ય દિવાન ગણાય છે. આપણા સાર્વભૌમ રાજા શહેનશાહ જ્યોર્જને તો તમારામાંથી ઘણાએ જોયા હશે. નહિં જોયા હોય તોપણ સ્કુલમાં છબી છે, તેથી તમે તેમને ઓળખી જ શકશો. તે શહેનશાહ હિન્દુસ્થાનના એટલે આપણા મહારાજા છે. તેમના હુકમ પ્રમાણે હિન્દુસ્થાનનો રાજ્ય–કારભાર ઉપર ગણાવેલા અમલદારો ચલાવે છે.


પ્રકરણ ૩ જું.


ઉત્તર વિભાગ.

જીલ્લા, નદી, પર્વત વગેરે.

મુંબઈ ઈલાકાના ચાર વિભાગ છે તે તો તમે જાણો છો. મુંબઈ બેટ સીધી રીતે તેમાંથી એની સાથે જોડાયો છે. કુરલા, થાણા, વાંદરા, અંધેરી, બોરીવલી એ બધાં ઉત્તર વિભાગમાં છે. રેલ રસ્તે સીધા તે ભાગમાં જવાય છે. અલીબાગ, પનવેલ, સ્ટીમર રસ્તે જવાય છે, અને તે દક્ષિણ વિભાગમાં છે. કરાંચી જનારી સ્ટીમરો પણ મુંબઈથી સીધી જાય છે, તેથી સિંધ સાથે પણ જોડાયેલો છે એમ કહી શકાય. મધ્યવિભાગમા જવા માટે ઉત્તર વિભાગના થાણા જીલ્લામાં થઈને જવું પડે, અગર તાપ્તીવેલી રેલ્વેદ્વારા જવાય છે. તમે સામાન્ય ભૂગોળ તો શીખી ગયા છો, એટલે તે તો બધું યાદ હશે. જુઓ ૧૦ મા પાના પરના નકશામાંથી તે બધું ફરીથી તાજું કરો.

મુંબઈ બેટથી આપણે રેલ રસ્તે નીકળીએ તો 'થાણા જીલ્લા'માં દાખલ થઈએ. થાણા જીલ્લો ઉત્તર વિભાગનો ભાગ છે. વિભાગના ઉપરી કમીસ્નર સાહેબ છે, પણ જુદા જુદા ભાગની દેખરેખ રાખવા માટે, વિભાગના પાછા પેટા ભાગ કર્યા છે, અને તેવા ભાગને 'જીલ્લો' કહે છે. જીલ્લાના ઉપરી કલેક્ટર કહેવાય છે. જુઓ, ઉત્તર વિભાગનો જુદો જ નકશો ૧૧ મે પાને છે, અને તેમાં ઉત્તર વિભાગના બધા જીલ્લાનાં નામ


उत्तर
सिंध
आबु
उत्तर विभाग
नर्मदा नदी
गिरनार
मध्य विभाग
दक्षिण विभाग
मुंबई इलाको
J.L.P.


सिंध
पालणपुर
सिद्धपुर
भुज
मोरवी
जामनगर
द्वारका
गोंडल
पोरबंदर
जुनागढ
गिरनार पर्वत
शेत्रुंजो पर्वत
भावनगर
दीव
सुरत
नवसारी
दमण
उत्तर विभाग
माइलनु प्रमाण

મોટે છૂટે અક્ષરે લખ્યાં છે તે વાંચી વાકેફ થાઓ. તે બધા કમીશ્નર સાહેબના તાબામાં છે. દરેક જીલ્લા માટે કલેક્ટર હોય છે. જીલ્લાના પણ પાછા ભાગ કરવામાં આવે છે. તેવા નાના ભાગને તાલુકો, અને તાલુકાના પણ ભાગ હોય છે, તેને મહાલ કહે છે. તાલુકાના ઉપરી મામલતદાર અને મહાલના ઉપરી મહાલકારી કહેવાય છે.

ઉત્તર વિભાગમાં છ જીલ્લાઓ છે, તેનાં નામ યાદીમાં આપ્યાં છે. તેની બરાબર હદ નિશાળના મોટા નકશામાંથી જોઈ લેજો. જીલ્લાઓમાં તો અંગ્રેજ સરકારના જ મુલકનો સમાવેશ થાય છે. હિન્દુસ્થાનનો બધો મુલક કાંઈ અંગ્રેજ સરકારનો ખાલસા મુલક નથી. ખાલસા મુલક એટલે એવો મુલક કે જેની ઉપજ, દેખરેખ, કારભાર, વગેરે બધું અંગ્રેજ સરકારનું જ હોય. પૂરેપૂરૂં ધણીપણું જે ભાગ પર હોય તે **ખાલસા** મુલક કહેવાય.

હિન્દુસ્થાનમાં બધો મુલક તેવી રીતે અંગ્રેજ સરકારના તાબામાં નથી. કેટલોક દેશી રાજાઓના હાથમાં છે. અને કેટલોક–પ્રમાણમાં તો બહુજ થોડો–બીજા સ્વતંત્ર લોકોના હાથમાં છે. તેવા સ્વતંત્ર લોકો પરદેશી પણ છે અને દેશી પણ છે. પરદેશીઓમાં પોર્ટુગીઝ (ફીરંગી) અને ફ્રેન્ચ; એ લોકોની પાસે થોડો થોડો મુલક છે. તે લોકો તદ્દન સ્વતંત્ર જ છે. અંગ્રેજ સરકારનો તેમના પર કંઈ પણ અમલ નથી. તેવાં રાજ્યોને **સ્વતંત્ર રાજ્યો** કહે છે. દેશી લોકોનાં પણ બે સ્વતંત્ર રાજ્યો છે, નેપાળ અને ભૂતાન. હિન્દુસ્થાનમાં **સ્વતંત્ર રાજ્યો** દેશીમાં નેપાળ અને ભૂતાનનાં, અને પરદેશીમાં ફીરંગી અને ફ્રેંચનાં છે.

ફીરંગીઓનો બધો મુલક માત્ર મુંબઈ ઈલાકામાં જ છે, હિન્દુસ્થાનના બીજા ભાગમાં નથી. દીવ, દમણ, અને ગોવા એ ત્રણ ફીરંગીઓનાં છે એ તો તમે જાણો છો. ફીરંગીઓનાં સ્વતંત્ર રાજ્ય અને અંગ્રેજોનો ખાલસા મુલક એ ઉપરાંત બીજો મુલક દેશી રાજ્યોનો છે.

તમને એકવાર કહેવાઈ ગયું છે કે દેશી રાજ્યપર દેખરેખ રાખવા અને યોગ્ય સલાહ આપવા અંગ્રેજ અમલદારો રહે છે. મોટાં રાજ્યોમાંના

તેવા અમલદારને **રેસીડન્ટ** કહે છે. વડોદરામાં રેસીડન્ટ રહે છે. સાધારણ નાનાં મોટાં રાજ્યો એક અમલદારની દેખરેખ નીચે હોય છે, ત્યારે દેખરેખ રાખનાર અમલદાર **એજન્ટ** કે **પોલિટિકલ એજંટ** કહેવાય છે. દેશી રાજ્યોમાં કેટલાંક બહુ મોટાં છે. તેમાં મોટાં રાજ્યો ઇલાકાના ગવર્નર સાહેબના તાબામાં નહિં, પરંતુ નામદાર વાઇસરોયના તાબામાં છે. મુંબઇ ઇલાકામાં વડોદરાનું રાજ્ય તેવું છે. નાનાં રાજ્યો ઘણું કરી વિભાગના કમીશનરને તાબે હોય છે, પણ તેમાં એ જો મોટાં મોટાં રાજ્યો હોય તો તે ઉપર એક જુદો જ અમલદાર રખાય છે, અને તે ઉપરી સરકારના સીધા તાબામાં જ રહે છે. કાઠીયાવાડનાં દેશી રાજ્યો તેવી રીતે મુંબઇ સરકારના તાબામાં છે.

વડોદરામાં રેસિડન્ટ, કાઠીયાવાડમાં એજન્ટ ટુ ધી ગવર્નર, અને પાલણપુર વગેરે માટે પોલિટીકલ એજંટ રાખવામાં આવે છે.

આ બધાં દેશી રાજ્યોની ઉપજ રાજાઓની પોતાની જ છે. પોતાના રાજ્યમાં કારભાર ચલાવવામાં પણ તેઓ ઘણે ભાગે સ્વતંત્ર છે. જો બીજા રાજાઓની સાથે સંબંધ હોય તો તેવી બાબતોમાં અંગ્રેજ સરકારદ્વારા કામ કરવું જોઇએ. પણ અંદરનાં કામકાજ માટે તેઓ બધા ઘણે ભાગે સ્વતંત્ર જ છે. ફક્ત તેમના પર દેખરેખ અંગ્રેજ સરકારની છે, અને ઉપજમાંથી ખંડણી રૂપે અને બીજી રીતે કંઇ કંઇ લવાજમ તેઓએ અંગ્રેજ સરકારને આપવું પડે છે.

નાનાં નાનાં રાજ્યો માટે એક જ અમલદાર **હોય** છે ત્યારે તે રાજ્યોની 'એજન્સી' કહેવાય છે. તેવી એજન્સી મુખ્ય પાંચ છે. કચ્છ, કાઠિઆવાડ, પાલણપુર, રેવાકાંઠા, મહીકાંઠા, નકશામાં જોઇ વાકેફ થાઓ. જે શહેરમાં દેશી રાજ્ય છે, તેની નીચે લીટી કરી છે તેથી દેશી રાજ્યો જાણી શકશો. વડોદરા રાજ્યના તાબાનાં ગામોને ફરતી લીટી કરી છે. આ નિશાનીઓ માત્ર સાધારણ જ્ઞાન માટે જ વાપરી છે. તે તે રાજ્યોની હદ તો મોટા નકશામાંથી જોઇ લેવી. ફીરંગીનાં રાજ્ય બતાવવા ગામનાં નામ નીચે બે ચોકડી કરી છે.

ઉત્તર વિભાગમાં **ભરૂચ** જીલ્લો ખાસ કપાસ માટે વખણાય છે. આખા વિભાગમાં કપાસ ઠેકાણે ઠેકાણે થાય છે. મુંબઇ ઇલાકામાં થતો કપાસનો

મોટો ભાગ, ઉત્તર વિભાગમાં જ પાકે છે. ઉત્તર વિભાગમાં જમીન ઘણેભાગે ફળદ્રુપ છે. કાઠીઆવાડની અને પાવાગઢ પાસેની થોડીક ડુંગરાઉ જમીન બાદ કરીએ, તો પછી બીજો બધો ભાગ ખેતી માટે બહુ સારો છે. કાઠીઆવાડમાં ખાવાના ઉપયોગમાં આવતું અનાજ શાકભાજી, કેરી, રાયણ, કેળાં વગેરે પુષ્કળ પાકવા ઉપરાંત, તેલનાં બીઆં પણ બહુ થાય છે. થાણા જીલ્લાના ભાગમાં નાળીએર થાય છે. મીઠું ઘણે ઠેકાણે પકવવામાં આવે છે. કાઠીઆવાડમાં જામનગર તાબે હડીયાણામાં, ભોગાતમાં, ભાવનગર તાબાનાં ગામોમાં, ધ્રાંગધ્રાનાં રાજ્યમાં, ખારાઘોડામાં, ધરાસણામાં અને વસઈ ભાયંદર તથા માટુંગા પાસે મીઠું પકવવામાં આવે છે.

ઉત્તર વિભાગમાં પત્થર, લોઢું, મેંગેનીઝ અને કોઈ કોઈ જગાએ આરસ, અને બીજી પણ ખનીજ વસ્તુઓ થાય છે. પણ પથ્થર સિવાય બીજી કોઈ ખનીજ વસ્તુ સારા પ્રમાણમાં ન હોવાથી, અને તેઓને ગાળવા વગેરેની કળા આપણામાં નહિ હોવાથી, તે તે વસ્તુઓ બહુ લાભ આપનારી થતી નથી. જંગલોમાં પંચ મહાલમાંનાં, કાઠીઆવાડમાં ગીરનાં તથા થાણા જીલ્લામાંનાં જંગલો મોટાં છે.

ઉત્તર વિભાગમાં નદીઓના લાભ સારો છે. **નર્મદા**, **તાપી**, **મહી** અને **સાબરમતી** એ કંઈક મોટી ગણાય તેવી છે. **બનાસ**, **સરસ્વતી**, **હાથમતી**, **વાત્રક**, **મોહર** અને **ઢાઢી** તેમજ કાઠીઆવાડમાં **ભાદર** એ બીજી જાણવા જેવી છે. બીજી નાની નાની નદીઓ ઘણી છે અને તેથી પાણીનો લાભ સારો રહે છે.

જોવા લાયક સ્થળોમાં મુંબઈ પાસે **કનેરીની ગુફાઓ** જુના વખતની કારીગરીનું સારૂં ભાન આપે છે. બોરીવલી સ્ટેશનથી પૂર્વમાં થોડે છેટે ટેકરીઓ છે, તેમાં લગભગ સો ગુફાઓ પર્વત કોતરી કાઢીને બનાવવામાં આવી છે. તેવી એક ગુફા **અંધેરીની** નજીકમાં પણ છે; તે પણ બહુ જુની લોઈ જોવા લાયક છે. ત્રીજી એક વધુ **ઘારાપુરીની ગુફા**–જે મુંબઈ પાસેના ઘારાપુરી બેટમાં છે તે–વિષે તો તમો ગયે વરસે વાંચી ગયા છો.

ભરૂચની પાસે શુક્લતીર્થ નામના ગામ પાસે એક કબીર વડ છે. તે બહુ મોટો વડ છે. એક વખત તે એવડો મોટા હતો કે ૭૦૦૦ માણસનું લશ્કર તેની નીચે રહી શકતું. નર્મદાના સુરપાણના ધોધ અને જુના ઢ પાસે ગીરનારનો ડુંગર એ કુદ્રતી સૌંદર્યનું ભાન કરાવે એવી જગાઓ છે.

ગીરનાર પર્વત ઉપર કોટના નામથી ઓળખાતાં જુનાંશહેરનાં ખંડેર અને બરડા ડુંગરમાંની આભપરાની ટેકરી પાસે, ધુમલીમાં ભાગ્યાં તુટયાં ખંડેર છે. કાઠીયાવાડમાં વળા પાસે જુનું વલ્લભીપુર, સોમનાથ પાટણ, સિદ્ધપુર પાસે રૂદ્રમાળ દહેરાનાં ખંડેર તથા ચાંપાનેરનાં જુનાં ખંડેરો પ્રાચીન વખતની સ્થિતિ દેખાડે તેવાં છે.

ડાકોર, દ્વારકાં, ચાણોદ, કન્યાળી, અંબાજી, બહુચરાજી એ બધાં હિન્દુઓનાં, પાલીતાણા પાસે શેત્રુંજ જૈનોનું, અને ઉદવાડા પારસીનું, એ જાત્રાનાં જાણીતાં ઠેકાણાં છે.

આમાંથી ઘણાખરા ભાગો નકશામાં બતાવ્યા છે, તે શોધી કહી તે તમારાં ગામથી કેટલાં દૂર છે અને કઇ દિશામાં છે તે જાણી લ્યો.

પ્રકરણ ૪ થું.

ઉત્તર વિભાગ—ચાલુ.

ભાષા, હવાપાણી, પોશાક વગેરે.

આ વિભાગમાં એકંદર હવા સારી અને ખુશનુમા છે. દરિયા કિનારા પાસેનાં ગામોમાં સ્વાભાવિક રીતે જ જરા થંડી રહે છે, અને વચ્ચેના ભાગોમાં શિયાળામાં વધારે થંડી અને ઉનાળામાં વધારે ગરમી રહે છે.

દરિયાની એવી અસર છે કે શિયાળામાં તે હવાને બહુ થંડી થવા ન દે, અને ઉનાળામાં બહુ ગરમ થવા ન દે. તેથી માંગરોળ, મહુવા, વેરાવળ, પોરબંદર, જામનગર, એ બધામાં શિયાળામાં અતિ થડી ન પડે અને

ઉનાળામાં અતિ ગરમી ન પડે. પણ વડોદરા, અમદાવાદ, વઢવાણ અને રાજકોટ વગેરે મધ્યસ્થ જગાઓમાં શિયાળામાં બહુ ઠંડી અને ઉનાળામાં બહુ ગરમી પડે.

દરિયો જેમ હવાને અસર કરે છે તેમ પર્વત પણ અસર કરે; પણ આ વિભાગમાં મોટા પર્વતો છે જ નહં. માત્ર જુનાગઢ પાસે ગીરનાર ડુંગર છે. ડુંગર પરની હવા ઉનાળામાં પણ સારી પેઠે ઠંડી રહે છે, પણ સાટે તળેટીમાં બહુ જ ગરમી થાય છે.

પેદાશમાં ખેતીથી ઉત્પન્ન થતી વસ્તુઓ પુષ્કળ થાય છે. ગુજરાતની જમીન એવી ફળદ્રુપ છે કે તેને 'વાડી' એવું નામ અપાય છે. ગુજરાતમાં ચરોતરનો ભાગ વધારે સારો છે. ખેતીમાં કંઇ સુધારો થતો જણાતો નથી, તેથી જમીનની ઉપજ ઘટતી જાય એ સ્વાભાવિક છે. બીજા દેશોમાં તો યોગ્ય ખાતર અને કેટલીક સારી દવાઓ ઉપયોગમાં લે છે. ઓજારો પણ બહુ સગવડવાળાં વાપરે છે. બી માટે સરસમાં સરસ જાત રાખવા સારૂ બહુ કાળજી રાખે છે. તથા દેખરેખ અને સંભાળ પણ બહુ રાખે છે, તેથી પચીસ વર્ષ પહેલાં જમીનની જે ઉપજ હતી, તેના કરતાં કોઇ કોઇ લોકોએ દશ દશ ગણી વધારી દીધી છે! જ્યારે આપણે ત્યાં તો સો બસો વર્ષ પહેલાં હતું તેવું જ ચાલ્યું જાય છે. આપણે પણ ખેતીને સુધારવા માટે કાળજી રાખીએ તો આપણી જમીન તો એવી છે કે થોડી મહેનતે બહુ લાભ આપે.

જમીનની અને બીજી ઉપજ ઉપર કારીગરી કરવાનું તો આપણે સમજતા જ નથી. બધાં બીયાં પરદેશ જાય અને તેનાં તેલ પાછાં અહિં આવે; ઉન પરદેશ ચઢે અને તેનાં કપડાં પાછાં અહિં આવે; આવી રીતે ઘણામાં બને છે. હુન્નર કારીગરી ખીલવવા માટે સરકાર બહુ મહેનત કરે, પણ આપણા લોકોની આંખ ન ઉઘડે ત્યાં સુધી શું બની શકે?

આ વિભાગમાં મુખ્ય ભાષા ગુજરાતી જ છે. થાણા જીલ્લામાં અને વડોદરામાં મરાઠી બોલનારા લોકો છે, અને કચ્છમાં કચ્છી ભાષા છે. તેમ ખોજાઓ, મેમણો વગેરે પણ કચ્છી ભાષા વાપરે છે ખરા—પણ સાધારણ

ભાષા તો **ગુજરાતી** જ છે. હિન્દુ મુસલમાન પારસી અને ખ્રીસ્તી બધા ઘણે ભાગે ગુજરાતી ભાષા વાપરે છે. 'બાર ગાઉએ બોલી બદલાય' એમ જુદા જુદા ભાગની બોલીમાં ફેર પડે છે. સુરતમાં 'સ'ને બદલે 'હ' અને 'શ' ને બદલે 'સ' તેમજ 'બોલ્યો' 'ચાલ્યો' નહિં, પણ 'બોયલો' 'ચાયલો' ના જેવા પ્રયોગ દેખાય છે. અમદાવાદમાં 'શું' વગેરેના અનુસ્વરનો લોપ થઇ જાય છે. કાઠીઆવાડમાં 'ગાયો'–'વાતો'ને બદલે 'ગાયું' અને 'વાતુ' વગેરે રૂપો વપરાય છે. નડિયાદ અને ચરોતરમાં 'લેમડો' 'પેપળો' વગેરે વપરાય છે. તેમ શબ્દો પણ ભાગ ભાગના જુદા હોય છે. ચરોતરમાં માથાને 'વતડલું' કહે, અમદાવાદમાં 'ખંજેળવું' કહે, કાઠીયાવાડમાં 'ખણુવું' કહે; તેમજ સુરતમાં 'આદરસી' અમદાવાદમાં 'ચાટલું' અને કાઠીઆવાડમાં 'અરીસો' શબ્દ વપરાય છે. આમ ભેદ રહે છે ખરા. તેમજ વહોરાઓ 'મેં ગયો તો' પારસીઓ 'કરેચ'–'મરેચ'–'માઇ' એમ બોલે; આમ કાંઇ કાંઈ જુદાપણું હોવા છતાં, ભાષા તો **ગુજરાતી** જ કહેવાય. પુસ્તકોમાં લખવાની ભાષા હળવે હળવે એક સંસ્કારી રૂપ ગ્રહણ કરતી જાય છે એ ખુશી થવા જેવું છે.

ધર્મમાં મુખ્ય હિન્દુ, જૈન, મુસલમાન, પારસી, અને ખ્રીસ્તી એ છે. હિન્દુમાં અનેક વિભાગો છે. વૈષ્ણવ, શૈવ, સ્વામીનારાયણ અને સમાજ એ હિન્દુના મુખ્ય ભાગ છે. ધર્મના ઝઘડાઓ આપણા તરફ બહુ થતા નથી. કોઇ કોઈ વાર વાદવિવાદ થાય છે અને દીલગીરી થવા જેવું છે કે, હિન્દુ મુસલમાન ભાઇઓ હોવા છતાં કોઇ કોઇ વાર નજીવી બાબતમાં ગરમ થઇ જાય છે. તોપણ એકંદરે જોતાં ધર્મના ઝઘડાઓ બહુ ભયંકર સ્વરૂપ લેતા નથી. હિન્દુઓના મનનું બંધારણ સૌ સૌને ફાવે તેમ કરવા દેવાનું હોવાથી ધર્મમાં લડત થતી નથી. હમણાં હમણાં જુના નવા વિચારની શબ્દ–લડાઇ ચાલે છે, અને કેટલાક આંધળા રહીને જુનું તે જ સારૂં માની લે છે, તો કેટલાક વળી જુનું તે ખરાબ જ ગણી કાઢી ગાળો દેવા માંડે છે. જુનાં નવાંનો દેશકાળ પ્રમાણે વિચાર કરી "શ્રીમદ્ ભગવદ્ ગીતામાં" શ્રી કૃષ્ણ કહે છે તેમ યુગધર્મ થવો જોઇએ, અને તેમ નહિં થાય ત્યાં સુધી વાદવિવાદ ચાલુ જ રહેશે.

કેળવણીમાં ગુજરાતીઓ પછાત નથી, તોપણ બહુ આગળ વધેલા કહેવાય તેવા પણ નથી. ગામડાની વસ્તી અને સ્ત્રીઓ ઘણે ભાગે તદ્દન અભણ જ છે; બ્રાહ્મણ, નાગર, વાણીઆ, કાયસ્થ, બ્રહ્મક્ષત્રી, પારસી એ આગળ વધેલી કોમોમાં ઠીક છે એમ કહેવાય તેવું છે. પણ નવો જમાનો પારખી કાઢી, તેને અનુકૂળ કેળવણી લેવામાં પારસીઓ પહેલા છે, અને કાયસ્થ, બ્રહ્મક્ષત્રી, અને નાગર બ્રાહ્મણો પાછળ પાછળ પગલાં ભરતા દેખાય છે. વેપારી વર્ગમાંના ભાટીઆઓ તથા મેમણો વેપારમાં બહુ સાહસિક છે, છતાં કેળવણી વિષે તેમનામાં જોઇએ તેવી સમજ નહિં હોવાથી, કેળવણી લેવા માટે ભાવ ઓછો છે. કેળવણી એ તો અંધારામાં દીવો છે. અંધારા ઓરડામાં શું છે તે દીવા વગર ખબર પડે નહિં, તેમજ આપણા દેશમાં, આપણા સંસારમાં, આપણા મગજમાં, આપણા ભવિષ્યમાં શું છે, તે કેળવણી રૂપી દીવા વગર દેખાય નહિં. માટે દરેક જણે કેળવણીનો બને તેટલો પ્રચાર કરવા શ્રમ લેવો જોઇએ. શ્રીમાન અંગ્રેજ સરકાર દિન પર દિન નિશાળો વધારતા જાય છે, અને કેળવણી વધારે ને વધારે મળે તેવી સગવડ કરતા જાય છે, તેથી દરેક તેનો પૂર્ણ લાભ લેવો જોઇએ.

પ્રકરણ ૫ મું.

ઉત્તર વિભાગ—ચાલુ.

વધારાની સામાન્ય હકીકત.

ઉત્તર વિભાગની જે વાત કહી તે બધામાંથી મળતી માહિતી એકઠી કરવાની જરૂર છે. તે ઉપરાંત બીજી કેટલીક વાતો પણ ધ્યાનમાં રાખવા જેવી છે, માટે આખા વિભાગની યાદીરૂપ હકીકત આગળના એક પ્રકરણમાં આપી છે. આ ચોપડીના નકશામાં ન આપેલાં હોય એવાં સ્થળો મોટા નકશામાં જોઇ લેવાં. બધાં ગામો કંઇ મોઢે કરવાની જરૂર નથી; પણ તમારા વાંચવામાં કોઇ મોટી જગા કે ગામ આવે અને તમને તેની ખબર ન હોય,

તો, તમારૂં ભૂગોળનું જ્ઞાન અપૂર્ણ કહેવાય, માટે બને તેટલાં ગામ વગેરે યાદ રાખવાં જોઇએ.

ખાસ એક વાત કહેવાની રહી ગઇ છે, તે એ કે આ વિભાગમાં પ્રાણીઓ ને પક્ષીઓ ઘણાં ઘણાં થાય છે, એ તો તમે જાણતા હશો. ઘણાં હંમેશાં જુઓ છો, પણ હિન્દુસ્થાનમાં બીજે બહુ નથી થતું તેવું પ્રાણી આ વિભાગમાંના કાઠીયાવાડમાં આવેલા ગીરનારના ડુંગરમાં થાય છે તે તમે કદાચ જાણતા નહિંહો. તે પ્રાણી સિંહ છે, જેને કેસરી સિંહ કહે છે. તે સિંહ પાતળા, સરસ નમુનાવાળા, સુંદર કેશવાળીવાળા અને અતુલિત બળવાળા હોય છે. પહેલાં બહુ હતા, પણ હવે ઓછા થઇ ગયા છે. છતાં હજી પણ તેવા છે ખરા. તેવા સિંહનો શિકાર ખાસ પરવાનગી વગર ન થાય એવો હમણાં કાયદો કર્યો છે.

આ વિભાગમાં જે ભાગો આવે છે, તેનાં કેટલાંક પ્રચલિત નામો જાણવાં જોઇએ: કચ્છ, કાઠીયાવાડ, ભાલ, ચરોતર, કાનમ અને વાગડ. આમાં કચ્છ અને કાઠીયાવાડ તો જાણીતાં છે. ભાલ, ચરોતર, વાગડ અને કાનમ વગેરે કોને કહે છે, તે તમારે જાણવું જોઇએ. કાઠીઆવાડ અને તળ ગુજરાત જ્યાં મળે છે—ખંભાતના અખાતની ઉત્તરે જે ભાગ છે—તે **ભાલ** કહેવાય છે. પેટલાદ, ખંભાત, કાલોલ, ઉમરેઠ, વડોદરા વગેરે ભાગો ચરોતરમાં ગણાય છે. ભરૂચ પછીની જે પટ્ટી છે તે **કાનમ** કહેવાય છે. ત્યાંનું ઘી ખાસ વખાણાય છે. **વાગડ** કચ્છનો ભાગ છે.

'ગુજરાતની મુસાફરી' નામની નવલરામની એક ગરબી છે, તે વાંચવા જેવી છે. બાલ ગરબાવલીમાં તે છપાઇ છે, તે દરેક છોકરે વાચવી અને સમજવી.

ઉત્તર વિભાગમાંનો થાણા જીલ્લો બાદ કરીએ તો બાકીનો ભાગ 'ગુજરાત'ના નામથી ઓળખાય છે. અંદરના ભાગોનાં પહેલાં જુદાં જુદાં નામ હતાં. હજી કાઠીયાવાડને કચ્છ જુદાં બોલાય છે, પણ ખરી રીતે તે બધો ભાગ તથા વડોદરાનું રાજ્ય મળી—જ્યાં જ્યાં ગુજરાતી ભાષા બોલાય છે તે બધો ભાગ—ગુજરાત જ કહેવાય. આપણે બધા 'ગુજરાતી' કહેવાઇએ. વેપાર અને તેને લગતાં સાહસ માટે ગુજરાતના લોકો જેવા

સાહસિક, ઉદ્યોગી અને કાબેલ બીજા લોકો ગણાતા નથી. 'ગુજરાતી'માં હિન્દુ, જૈન, મુસલ્લમાન, થોડાક ખ્રીસ્તી તથા પારસીનો સમાવેશ થાય છે. જુદા જુદા ધર્મના હોવા છતાં ગુજરાતીઓ બધા નરમ દીલના અને શાન્ત સ્વભાવના છે, અને તેઓ સંપ સંપીને રહી શકે છે. હમણાં થોડાં ઘણાં દેશી રાજ્યો છે તેના રાજાઓ તથા તે બધા ઉપર સત્તા ધરાવનાર અંગ્રેજ સરકાર ગુજરાતના ધણી છે. અંગ્રેજો આવ્યા તે પહેલાં વડોદરાના ગાયકવાડ સરકાર ગુજરાતના ઘણાખરા ભાગ ઉપર ઉપરી સત્તા ધરાવતા હતા—થોડા ઘણા ભાગ પર મુસલ્લમાનોનું રાજ્ય હતું. ગાયકવાડ સરકારના પહેલાં ઘણાખરા મુલક પર મુસલમાન રાજા હતા, તે અમદાવાદમાં રહેતા તથા ગુજરાતના સુલતાન કહેવાતા. મુસલ્લમાનો પહેલાં તો બધો ભાગ દેશી રાજાઓ—રજપૂતોના હાથમાં હતો. છેલ્લા રાજા વાઘેલા રજપૂતમાંના થઈ ગયા, તે પહેલાં સોલંકી, ચાવડા વગેરે વંશના રાજાઓ હતા: અને તેથી પણ ઘણાં વર્ષો અગાઉ કાઠીઆવાડમાં હાલ વળા છે ત્યાં **વલ્લભીપુર**નું રાજ્ય હતું. આજથી લગભગ દોઢ હજાર વર્ષ પર વલ્લભીપુરનું રાજ્ય મોટું અને પ્રખ્યાત હતું. તે વખતમાં ચીનનો એક મુસાફર નામે હુએન-ત્સંગ કરીને આવ્યો હતો; તેણે તે વખતનું વર્ણન લખ્યું છે તે વાંચવા લાયક છે. મોટા થાઓ ત્યારે તે વાંચશો તો આગલી હકીકત તમારા જાણવામાં આવશે.

ઉપર કહ્યું તેમ ઉત્તર વિભાગમાં ગુજરાત તળ, કચ્છ, કાઠીઆવાડ, અને થાણા જીલ્લો ગણાય છે. થાણા **જીલ્લો** છે તેમ બીજા પણ જીલ્લાઓ છે. અમદાવાદ, ખેડા, સુરત, ભરૂચ, પંચમહાલ એ તથા થાણા મળી છ જીલ્લા એ ખાલસા મુલક છે. દેશી રાજ્યોમાં કચ્છ અને કાઠીયાવાડનાં મુખ્ય અને ખંભાત, પાલણપુર, રાધણપુર, ઈડર, નાંદોદ વગેરે બીજાં નાનાં મોટાં રાજ્યો છે. વડોદરા રાજ્ય આ ઈલાકાના પ્રદેશમાં છે ખરું, પણ તે આ ઈલાકાના ગવર્નર સાહેબના તાબામાં નથી, પણ વાઇસરોય સાહેબની સીધી દેખરેખ નીચે છે એ તો કહેવાઇ ગયું છે.

ગુજરાતને સંબંધે તમારે જાણવા જેવું તો ઘણું છે, પણ સંપૂર્ણ હકીકત તો તમે મોટા થાઓ ત્યારે જાણી શકશો. હાલ તો આટલી વાત


યાદ રહેશે એટલે બસ થશે. ગુજરાત સંબંધે ખાસ જાણવા જેવું તો એ છે કે ત્યાંના લોકો–પછી તે હિન્દુ, મુસલમાન કે પારસી હોય, તેઓ બધા સામાન્ય રીતે બોલતાં વેપારમાં બહુ સાહસિક છે. દુનિયાના લગભગ બધા ભાગમાં ગુજરાતના લોકો માલમ પડશે. તેઓ વેપારમાં આગળ પડતા છે, પણ નવાં સાહસો કે કારીગરીમાં તેઓ પછાત છે. જુનું છે તે પણ કેટલુંક ગુમાવતા જાય છે એ દીલગીર થવા જેવું છે. પેદાશમાં ખેતીની મુખ્ય વસ્તુઓ ઘઉં, ચોખા, રૂ તથા તેલનાં બીઆં એ ખાસ છે. ગુજરાતીઓ સ્વભાવે સાલસ, શાન્ત અને ચાલતા વહેનમાં જ વહ્યા જાય એવા ઘણે ભાગે છે, અને એવા એવા તોપણ આપણે ગુજરાતીઓ બ્રીટીશ સામ્રાજ્યની વફાદાર અને મદદગાર પ્રજા છીએ, એ ખુશી થવા જેવું છે. બ્રીટીશ સરકારના સુખકારક અમલ નીચે આપણે આપણા પોતા વિષે આપણા બીજા ભાઈઓ વિષે વધારે ને વધારે જાણતા જઈએ અને ગુજરાતને, હિન્દુસ્થાનને અને બ્રીટીશ સરકારને શોભા આપે એવું વર્તન કરતા થઈએ એવું દરેક વિદ્યાર્થીએ ઇચ્છવું જોઈએ.

પ્રકરણ ૬ ઠું.

ઉત્તર વિભાગ—ચાલુ.

રેલ રસ્તા અને મુખ્ય મુખ્ય શહેરો.

મુંબઈથી ઉત્તર વિભાગમાં જવું હોય તો બી. બી. સી. આઈ ગાડી અનુકૂળ પડે. વાંદરાથી થાણા જીલ્લામાં દાખલ થયા એટલે ઉત્તર વિભાગમાં દાખલ થયા એમ કહેવાય. અમદાવાદ પહોંચતાં વચમાં ફીરંગીનું દમણ આવે અને વડોદરા રાજ્યનો દેશી મુલક આવે છે. વલસાડની નજીકમાં આંબાનાં વનથી રેલ રસ્તો બહુ ખુશનુમા અને સુંદર લાગે છે. સુરત પાસે તાપી નદીનો પુલ ઓળંગી ગાડી આગળ દોડતાં ભરૂચ જીલ્લામાં દાખલ થાય છે. ભરૂચ પહોંચતા પહેલાં અંકલેશ્વર સ્ટેશન આવે છે. ત્યાંથી નાંદોદ જનારી ગાડીઓ ઉપડે છે. નાંદોદ એ રાજપીપળા સ્ટેટનું રાજધાનીનું શહેર છે. રાજપીપળાના ડુંગરમાંથી અકીકના પથરો નીકળે છે. તેમ જ


મુંબઈ ઇલાકો
૦ ૫૦ ૧૦૦ ૨૦૦
માઇલનું પ્રમાણ
જોશી અને પંડ્યા
કરાંચી
હૈદ્રાબાદ
માંડવી
દ્વારકા
નવાનગર
રાજકોટ
પોરબંદર
માંગરોળ
જુનાગઢ
ભાવનગર
દીવ
જાફરાબાદ
વઢવાણ
અમદાવાદ
વીરમગામ
મહેસાણા
પાટણ
પાલણપુર
વડોદરા
ભરુચ
સુરત
નંદુરબાર
ધુળીઆ
ઇંદોર
નાસિક
કલ્યાણ
માથેરાન
અહમદનગર
મુંબઈ
પુના
સતારા
સોલાપુર
બીજાપુર
રત્નાગિરી
કોલ્હાપુર
બેલગામ
ગદગ
હુબલી
ધારવાર
ગોવા
કારવાર
૨૪
૨૦
૧૬
૭૦
૭૪

ત્યાંના જંગલોમાં મહુડાં પણ પુષ્કળ થાય છે. નાંદોદ એ રેવાકાંઠા એજંસીમાં છે. ભરૂચ પહોંચતાં પહેલાં અને અંકલેશ્વરથી ઉપડયા પછી નર્મદા નદીનો પુલ આવે છે. તે પુલ આખા મુંબઈ ઈલાકામાં મોટામાં મોટો છે. આ જીલ્લામાં રેલની બંને બાજુઓએ વણતાં ખેતરો આવી રહેલાં છે. જ્યારે મોસમ હોય ત્યારે સફેદ રૂથી શોભી રહેલાં તે ખેતરો બહુ સુંદર, દર્શનપ્રિય દેખાવ આપે છે. ભરૂચથી આગળ જતાં મિયાગામ અને વિશ્વામિત્રી સ્ટેશનોથી બોડેલી અને ચાણોદ કન્યાળી જતી નાની રેલો શરૂ થાય છે. બી. બી લાઈનમાં આગળ જતાં વડોદરા સ્ટેશન આવે છે. તે વડોદરા રાજ્યની રાજધાનીનું શહેર છે. વડોદરાથી ઉત્તર વિભાગમાં આગળ જતી ગાડીમાં જવાથી આણંદ જંકશન આવે છે. જ્યાંથી ડાકોર, અમદાવાદ, ખંભાત અને વડોદરા જવા ચાર રસ્તાઓ છે. ઉમરેઠની પાસે આવેલું ડાકોર એ મોટું જાત્રાનું ઠેકાણું છે. ખંભાત દેશી રાજ્ય છે: તે પહેલાં મોટું બંદર હતું. અકીકનું કામ ત્યાં બહુ વખાણવા લાયક થાય છે. આણંદથી ગાડીમાં આગળ જતાં નડીઆદ જે ખેડા જીલ્લામાં મોટાં ગામોમાંનું એક છે, તે આવે છે. ત્યાંથી સીધા આગળ જતાં અમદાવાદ જવાય છે. વલસાડથી તે ઠેઠ અમદાવાદ સુધીની જમીન બહુ ફળદ્રુપ છે, અને રેલની બન્ને બાજુએ આવેલાં ઝાડ અને લીલોતરીથી જોનારની નજર તૃપ્ત થઈ જાય છે.

અમદાવાદથી કાઠીયાવાડ તરફ જતી રેલમાં વીરમગામ સુધી ઝાડ-પાન દેખાય છે, પણ વીરમગામ મૂક્યું એટલે કાઠીયાવાડનો વેરાન પથરા-વાળો ભાગ શરૂ થાય છે. કાઠીયાવાડમાં વઢવાણ પાસેથી ભાવનગર, ધ્રાંગધ્રા અને રાજકોટ જતી ત્રણ ગાડીઓ છૂટી પડે છે. નકશામાં જોવાથી તે બધા ફાંટા ક્યાં ક્યાં ભેગા થાય છે અને કેમ દોડે છે એ જોઈ શકશો. જામનગર, જૂનાગઢ, ભાવનગર, પોરબંદર, મોરબી, ગોંડળ, એ કાઠીયાવાડનાં મોટાં શહેરો લગભગ બધાં રેલ ગાડીથી જોડાએલાં છે.

કચ્છમાં જવા માટે રેલ રસ્તો નથી, પણ થોડા વખતમાં રણમાં થઈને રેલ જશે એવો સંભવ છે.

કાઠીયાવાડમાં રેલ રસ્તાઓ છે તેમજ અમદાવાદથી મેસાણા જતા

રસ્તાઓ પણ નકશામાં જોઇ લ્યો એટલે ઉત્તર વિભાગમાં રેલ ક્યાં ક્યાં સુધી પહોંચી છે તે જાણી શકશો.

આ બધા ભાગમાં સુરત પાસે ડુમસ અને હજીરા એ હવા ખાવાનાં ઠેકાણાં છે. તેમજ કાઠીયાવાડમાં જામનગર પાસે બાલાચડી અને જુનાગઢ રાજ્યમાં ચોરવાડ તથા ભાવનગર રાજ્યમાં ગોપનાથ એ પણ દરિયાઇ હવા માટે સારાં ગણાય છે.

સૂકી હવા માટે વઢવાણ બહુ સારૂં ગણાય છે. જેતલસરની હવા પણ સૂકી છે. આ બંને ગામની હવા આજારી માણસોને બહુ લાભ કરે તેવી કહેવાય છે.

વેરાવળ પાસે **સોમનાથ પાટણમાં** સોમનાથ મહાદેવનું જૂનું દહેરૂં છે, જેના પર મહમદ ગીજનીએ ૧૦૨૪ માં સ્વારી કરી હતી તેનું ખંડેર છે દરિયાના કાંઠા પર આવેલું તે મંદિર તેની જાહોજલાલીના વખતમાં સૌંદર્યના પૂજકોને આકર્ષે તેવુંજ હશે, એમ ખાતરી આપે તેવું છે.

આમાં આવી ગએલાં સ્ટેશનો અને શહેરો વિષે તમે કાંઇ કાંઇ જાણતા હશો. ડાકોર, ચાણોદ, કન્યાળી, દ્વારકા, અંબાજી, પાલીતાણા કે ગીરનાર એમ પોતપોતાની અનુકૂળ જાત્રાની જગાએ તમારામાંથી કોઇક ગયા હશોજ.

મોટાં શહેરોમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ તેમાંથી કોઇક તો તમે જોયેલ હશે. **અમદાવાદ** સાબરમતીને કાંઠે છે, તે રેલ્વેનું મોટું સ્ટેશન છે. તેમાં કપડાં વણવાની મીલો છે. ગુજરાતની રાજધાની હતું. તેથી જુની ઇમારતો જોવા જેવી છે. ગુજરાતમાં તે હાલ પણ મોટું શહેર ગણાય છે. ટ્રેનિંગ કૉલેજો કે જેમાં શિક્ષકો તૈયાર કરવામાં આવે છે, ગુજરાત કૉલેજ, નાના ડૉક્ટરો માટે કૉલેજ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી વગેરે ઘણું ઘણું જોવા અને જાણવા જેવું છે. **વડોદરા** વિશ્વામિત્રી નદીને કાંઠે છે અને ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર છે. તેમાં જુની ઇમારતો છે ખરી, પણ વધારે જોવા લાયક તો નવાં મકાનો, મકરપુરા પેલેસ, લક્ષ્મીવિલાસ પેલેસ, મ્યુઝિઅમ, મોટો 'કમીટી' બાગ, નજર બાગ, વગેરે છે. ત્યાં ટ્રેનિંગ

કૉલેજ, વડોદરા કૉલેજ, કળાભુવન વગેરે પણ છે. તે રાજ્ય વિષે પછીના પ્રકરણમાં થોડું ઘણું લખેલું છે, તેથી જાણવા જેટલું વાંચી શકાશે.

સુરત પહેલાં મોટું શહેર હતું (લગભગ હાલમાં મુંબઇ છે તેવુંજ). અંગ્રેજોની કોઠી ત્યાં હતી, જાણીતું બંદર હતું અને મોજશોખમાં પણ બહુ આગળ વધેલું હતું. તે તાપી નદીને કિનારે છે. પાણીની રેલ તથા આગથી તે શહેરને ઘણી વાર નુકશાન પહોંચેલું છે, તેથી તેમજ વેપાર બધો મુંબઇ જવાથી હવે તો તે શહેરની જાહોજલાલી ઘણીજ ઘટી ગઇ છે. **ભરૂચ** એ પવિત્ર નર્મદા ઉર્ફે રેવા નદીને કાંઠે છે. તે રૂ અને ઘી માટે ઘણું વખણાય છે. આ શહેર જરા ઉંચી ટેકરી પર આવેલું છે, તેથી સામા કિનારા ઉપરથી જોતાં તે શહેરનો દેખાવ આંખને આનંદ આપે તેવો લાગે છે.

કાઠીઆવાડમાં ભાવનગર, જુનાગઢ, જામનગર એ ત્રણ મોટાં રાજ્યો છે અને તે રાજ્યની તે તે શહેરોમાં રાજધાની છે. રાજકોટમાં એજન્ટ ટુ ધી ગવર્નર સાહેબ રહે છે અને મ્યુઝીઅમ, રાજકુમાર કૉલેજ તથા ટ્રેનિંગ કૉલેજ પણ છે. ભાવનગરમાં સામળદાસ કૉલેજ અને જુનાગઢમાં બહાઉદ્દીન કૉલેજ છે. કચ્છમાં **ભૂજ** એ મુખ્ય શહેર છે. ત્યાંની ચાંદીની કારીગરી બહુ વખણાય છે.

ઉત્તર વિભાગમાં બહુ મોટાં બંદરો નથી. પહેલાં સુરત હતું અને ખંભાત તેમજ ભરૂચ પણ સારાં બંદરો હતાં, પણ હવે તેઓ નિરૂપયોગી જેવાં થઇ ગયાં છે. કાઠીયાવાડમાં વેરાવળ, માંગરોળ, પોરબંદર અને કચ્છમાં માંડવી એ કાંઇક જાણવા લાયક બંદરો છે. ભાવનગર તો ખાડીને કાંઠેજ છે, છતાં પણ ત્યાંના મહારાજાની સારી દેખરેખને લીધે તે એક બંદર થઇ પડ્યું છે.

પ્રકરણ ૭ મું.

ગાયકવાડનું રાજ્ય.

મુંબઈ ઈલાકાના પ્રદેશમાં આવેલું પણ મુંબઈના ગવર્નર સાહેબના તાબા હેઠળ નહિં, એવું એક મોટું દેશી રાજ્ય ગાયકવાડ સરકારનું છે, એ તો તમને કહેવાઇ ગયું છે. તેનું મુખ્ય અને રાજધાનીનું શહેર વડોદરા છે. અમદાવાદ જતાં તે શહેર વચમાં આવે છે અને તે બી. બી. સી. આઇ રેલનું મોટું સ્ટેશન છે વડોદરા શહેર વિષે તો આગલા પ્રકરણમાં જરા કહેલું છે. એ રાજ્યના ઉપરી મરાઠા હિન્દુ ગાયકવાડ સરકાર છે. પહેલાં તો ગુજરાતના કેટલાક ભાગ ઉપર અને લગભગ આખા કાઠીયાવાડ ઉપર તેમનો અમલ હતો. પોતાનો અમલ સ્વીકારનાર રાજ્યો પાસેથી ગાયકવાડ સરકાર દર વર્ષે અમુક પૈસા લેતા અને તે રકમને 'પેશકશી' કહેતા. હજી પણ પેશકશી લે છે. પણ હવે અંગ્રેજ સરકાર તે પેશકશી ઉઘરાવીને ગાયકવાડ સરકારને આપી દે છે.

ગાયકવાડ સરકારનો ખાલસા મુલક કેટલો છે, તેનો કંઇક ખ્યાલ નકશામાં જે ગામની આસપાસ લીટી કરી છે, તે પરથી આવી શકશે. વડોદરા, સુરત પાસે આવેલું નવસારી, કડી પાટણ અને કાઠીયાવાડમાં અમરેલી, દ્વારકા એમ છૂટો છૂટો વેરાયલો મુલક છે. તે મુલકમાં લગભગ બધી જગાએ રેલ ગાડીઓ છે અને બીજી રીતે પણ કારભાર બહુ સારી રીતે કરવાની ગાયકવાડ સરકાર કાળજી રાખે છે. તે રાજ્યમાં લોકોના સુધારા માટે કેટલાંક આગળ પડતાં પગલાં લેવામાં આવે છે. પ્રાથમિક કેળવણી ફરજીઆત કરવામાં આવી છે અને લગ્નની ઉમર ચાદ વર્ષની ઠરાવવામાં આવી છે. વખતો વખત જુવાન વિદ્વાનોને વિલાયત મોકલી યોગ્ય શિક્ષણ આપવા માટે મહારાજા હમેશાં તૈયાર રહે છે, અને એકંદર રીતે સારાં અને આગળ પડતાં રાજ્યમાં જે જે સુધારા માલમ પડવા જોઇએ એવા ત્યાં દાખલ થતા જાય છે.

વડોદરા, કડી, નવસારી, અમરેલી, દ્વારકા, સિદ્ધપુર પાટણ, મહેસાણા, ડભોઇ વગેરે આ રાજ્યનાં જાણીતાં શહેરો છે. નકશામાં તે કાઢેલાં છે તેથી તે ક્યાં ક્યાં છે એ જોઈ શકશો. વડોદરા રાજધાનીનાં શહેર તરીકે. સિદ્ધ-

સુર પાટણ એક જુનાં અને જાત્રાનાં ઠેકાણાં તરીકે, અને દ્વારકા પણ જાત્રાનાં પવિત્ર સ્થળ તરીકે જાણીતાં છે. મહેસાણા એ રેલ્વેનું જંક્શન અને ડભોઈ એક જુનું શહેર છે. ચાણોદ કન્યાળી પણ એક જાત્રાનું ઠેકાણું છે અને નર્મદા નદીને કાંઠે આવેલું છે.

પ્રકરણ ૮ મું.

ઉત્તર વિભાગ.

યાદીરૂપ.

નદી—અનાસ, સરસ્વતી, સાબરમતી, મહી, નર્મદા, તાપી, ભાદર.

રણ—કચ્છનું રણ.

પર્વત—પાવાગઢ, ગીરનાર, શેત્રુંજો.

અખાત—કચ્છનો અને ખંભાતનો અખાત.

બંદર—માંડવી, દ્વારકા, પોરબંદર, માંગરોળ, વેરાવળ, જાફરાબાદ, ભાવનગર, મુંબઈ.

હવા ખાવાનાં ઠેકાણાં—ડુમ્મસ, હજીરા, બાલાચડી, ચોરવાડ, ગોપનાથ અને તીથલ.

જાત્રાનાં ઠેકાણાં—દ્વારકા, ડાકોર, ચાણોદ કન્યાળી, પાલીતાણા-શેત્રુંજો, ગીરનાર, ઉદવાડા, બહુચરાજી અને અંબાજી.

જોવા લાયક સ્થળો—કબીરવડ, ગીરનાર, કેનેરીની ગુફા, સોમનાથ પાટણ, લસુંદ્રાના કુંડ, તુવા કાંકણના કુંડ, ચાંપાનેર, રૂદ્રમાળ, આરાસુર અને ઘુમલી. સરખેજના રોજો પણ જોવા જેવોજ છે.

કુદરતી વિભાગો—કચ્છ અને કાઠીયાવાડ તો નકશામાં જોતાંજ માલમ પડે છે. તે સિવાયનો ભાગ ગુજરાતને નામે ઓળખાય છે, કે જેમાં ચરોતર, કાનમ, ભાલ વગેરે ભાગો છે.

રાજકીય વિભાગો:—

જીલ્લાનું નામ.	મુખ્ય મુખ્ય શહેરો.
૧ અમદાવાદ.	અમદાવાદ, વીરમગામ, ધોધા, ખારાઘોડા અને ધોળકા.
૨ ખેડા.	ખેડા, નડિઆદ, ઉમરેઠ, ડાકોર, કપડવંજ, મહેમદાવાદ, આણંદ, ઠાસરા.
૩ પંચમહાલ.	ગોધરા, ચાંપાનેર, હાલોલ અને દાહોદ.
૪ ભરૂચ.	ભરૂચ, અંકલેશ્વર અને શુક્લ તીર્થ.
૫ સુરત.	સુરત, વલસાડ, ડુમસ, હજીરા, ઉદવાડા.
૬ થાણા.	થાણા, વાંદરા, વસઇ, કલ્યાણ અને બોરોલી.

દેશી રાજ્યો:—

એજન્સી.	મોટાં શહેરો.
૧ પાલણપુર એજન્સી	પાલણપુર અને રાધણપુર.
૨ મહીકાંઠા એજન્સી.	ઇડર અને દાંતા.
૩ રેવાકાંઠા એજન્સી.	રાજપીપળા (નાંદોદ) છોટા ઉદેપુર, બારીયા અને લુણાવાડા.
૪ સુરત એજન્સી.	સચીન, ધરમપુર ને વાંસદા.
૫ કાઠીયાવાડ એજન્સી.	જુનાગઢ, જામનગર, ભાવનગર, પોરબંદર, ગોંડળ, રાજકોટ, અને મોરબી.
૬ કચ્છ એજન્સી.	ભૂજ, માંડવી.
૭ ગાયકવાડી રાજ્ય.	વડોદરા, ડભોઇ, પાટણ, નવસારી, અમરેલી, દ્વારકા, વડનગર અને પેટલાદ.
૮ બીજાં દેશી રાજ્યો.	ખંભાત, જવાર.
૯ સ્વતંત્ર રાજ્ય.	દીવ, દમણ, ગોવા.

રેલ્વેનાં મોટાં જંકશનો.	અમદાવાદ, આણંદ, વડોદરા, વિરમગામ, મહેસાણા, વઢવાણ, રાજકોટ, ધોળા અને જેતલસર.
મોટાં સ્ટેશનો.	સુરત, ભરૂચ, નાંદોદ, ભાવનગર, જામનગર, પોરબંદર, ખંભાત, ઉમરેઠ, ડાકોર, ગોધરા, નડીઆદ.


પ્રકરણ ૯ મું.

સિંધ વિભાગ.

મુંબઈ ઇલાકામાંનો છેક ઉત્તરનો ભાગ તે સિંધ વિભાગ છે. સિંધુ નદી પરથી તેનું તેવું નામ પડયું છે, એ તો તમે જાણો છો. તે વિભાગમાં વરસાદ ઘણો ઓછો પડે છે, પણ વસંત ઋતુમાં સિંધુ નદીમાં રેલ આવે છે, તેથી આસપાસના બધા મુલકમાં પાણી ફેલી જાય છે, અને તે પાણી વરસાદની ગરજ સારે છે. સિંધુ નદી હિમાલય પર્વતમાંથી નીકળે છે. હિમાલયમાં ખૂબ બરફ રહે છે. વસંત ઋતુમાં તે બરફ ઓગળવા લાગે છે અને અને તેથી તેનાં પાણીથી સિંધુ નદીમાં પૂર આવે છે.

નદીના પ્રવાહ પરથી જાણી શકશો કે તે વિભાગનો દક્ષિણ ભાગ નીચી જમીનવાળો છે. હૈદ્રાબાદ પછી સિંધુ નદીના ફાંટા થઈ જાય છે. તે ફાંટાઓથી ત્રિકોણ જેવા ભાગ થઈ જાય છે. તે ભાગમાં નદીના કાંપ એકઠા થાય છે, તેથી હવા સારી રહી શકતી નથી. મુખ આગળ બની રહેલા તેના ત્રિકોણ જેવા ભાગને અંગ્રેજીમાં 'ડેલ્ટા' કહે છે, મરાઠીમાં ચિમટા કે ઘોડા કહે છે, અને ગુજરાતીમાં 'પાણથળ' કહી શકાય.

વરસાદ ઓછો હોવાને લીધે હવા સૂકી અને ગરમ રહે છે. ગરમ પ્રદેશમાં થાય તેવાં ફળો, જેવાં કે ખારેક, કેળાં, કેરી, નારંગી, દાડમ, અંજીર અને તડબુચ વગેરે પુષ્કળ થાય છે.


सिंध विभाग
कच्छ


તીની ઉપજ પણ સારી થાય છે. ડાંગર, ઘઉં, બાજરો, તેલીબીયાં, જારે મુખ્ય છે. 'ઇજીપ્સીઅન' નામનું ઉંચી જાતનું રૂ ત્યાં ઉપજ કરવાની અજમાયશ કરી હતી તે ફત્તેહમંદ થવાથી તેવું રૂ ત્યાં વધારે થવાનો સંભવ છે. ત્યાં ભાષા **સિંધી** અને નજીકના બલુચીસ્તાનની **બલુચી** એ બે મુખ્ય છે. લોકોનો મોટો ભાગ મુસલમાન છે. ચોથા ભાગે હિન્દુઓ છે, પણ પહેરવેશમાં (અને કંઈ કંઇ ખાનપાનમાં પણ, મુસલમાનોને મળતા થઇ ગયા છે.

સિંધમાં કરાંચી એ મોટું બંદર છે, અને તે ખીલવવામાં આવે તો કદાચ મુંબઇ સાથે પણ હરિફાઇ કરે તેવું છે.

સિંધમાં **કમીશનર** સાહેબ છે અને તેના તાબા નીચેના મુલકના છ જીલ્લાઓ કરવામાં આવ્યા છે, તેમાં 'ઉપલો સરહદનો મુલક' નામનો જીલ્લો જરા જોખમવાળો છે, કારણ તે હિન્દુસ્તાનનું નાકું છે. તે ભાગનું મુખ્ય શહેર જેકોબાબાદ છે. 'જેકબ' નામના સાહેબે જુનાં 'ખાનઘર' નામના શહેરની જગાએ તે વસાવ્યું અને તે ઉપરથી તેવું નામ પડ્યું છે.

સિંધમાં કારીગરીમાં હૈદ્રાબાદ વખાણાય છે. શેતરંજી તથા ચામડાની વસ્તુઓ સારી થાય છે. થરપારકર જીલ્લામાં તે બન્ને થાય છે. અને વધારામાં ધાબળી ત્યાં સારી થાય છે. ખૈરપુર સંસ્થાનમાં હાથીદાંતનું કામ, લાખનાં રમકડાં તથા તરવારની કારીગરી વખાણવા લાયક છે.

ખૈરપુર સંસ્થાનમાં રાજા મુસલમાન છે; તેનો જે ભાગ સિંધુ નદીની આસપાસ આવેલો છે તે ફળદ્રુપ છે, પણ બીજો બધો રેતાળ છે.



मध्य विभाग
उत्तर विभाग
तापी नदी
पश्चिम खानदेश
पूर्व खानदेश
नाशिक
गोदावरी नदी
देवळाली
अहमदनगर
भीमा नदी
पुणा
नीरा नदी
महाबळेश्वर
सातारा
पंढरपूर
विभाग

પ્રકરણ ૧૦ મું.

મધ્ય વિભાગ.

આ વિભાગમાં ખાનદેશ અને મહારાષ્ટ્ર કહેવાતો ભાગ આવેલો છે. ઘણે ભાગે ડુંગરાઉ અને જંગલોવાળો તે પ્રદેશ છે. જે જમીન ખેડવા લાયક છે, તેમાં રૂ અને અનાજ થાય છે. નાસિકમાં લીલી દ્રાક્ષ અને ખાનદેશમાં અળશી એ જાણવા જેવી પેદાશ છે. પુણા પાસે દ્રાક્ષ, અંજીર, નારંગી વગેરે મેવો પુષ્કળ થાય છે.

આ ભાગમાં ખાનદેશની ભાષા, **મરાઠી** મુખ્ય અને **ગુજરાતી** તથા **મારવાડી** છે. સોલાપુર જીલ્લાના દક્ષિણ ભાગમાં **કાનડી** ભાષા બોલાય છે. બીજા ભાગમાં **મરાઠી** ભાષા બોલાય છે. ધર્મ હિન્દુ ઘણે ભાગે અને મુસલમાનો હોવાથી મુસલમાની ધર્મ પણ ખરો. ખ્રીસ્તીઓ થોડા છે અને પારસીઓ તો જુજ જ.

વિભાગનો ઘણો ખરો ભાગ ખાલસા છે. પહેલાં તે પેશ્વાઓના હાથમાં હતો, તેથી જ્યારે પેશ્વાઓનું રાજ્ય અંગ્રેજ સરકારના હાથમાં આવ્યું ત્યારે તે બધો અંગ્રેજ સરકારનો જ થઇ ગયો. થોડાંક નાનાં દેશી રાજ્યો છે. તેમાં **સતારા** જાગીર જાણવા લાયક છે. તેમાં પણ ચાર નાનાં રાજ્યો છે, **ભોર**, **ફલટણ**, **ઔંધ** અને (અક્કલકોટ) જત: તેમાંથી **ભોર** અને **ઔંધ**માં બ્રાહ્મણ રાજા છે, **ફલટણ**માં રજપૂત અને અક્કલકોટમાં ભોંસલે કુટુંબના રાજા છે. સતારા જીલ્લાથી ઓળખાતો બધો ભાગ શિવાજીના વંશમાં હતો, પણ તે વંશના છેલ્લા રાજાને વારસ નહિ હોવાથી, તે ખાલસા કરી દેવામાં આવ્યો છે.

નદીઓ નકશામાં જુઓ. મુખ્ય શહેર તેમના પર આવેલાં છે તે ગણાવ્યાં છે. ગોદાવરી મોટી અને પવિત્ર ગણાય છે. નાસિક પાસે તેનું માહાત્મ્ય વધારે છે. ત્યાં ઘણા પ્રાચીન કાળમાં ઋષિઓના આશ્રમો હતા, અને પંચવટી કે જ્યાં શ્રી રામચંદ્રજી વનવાસને વખતે રહ્યા હતા, તે પણ ગોદાવરી તટેજ છે.

પર્વતોમાં પશ્ચિમ તરફના પશ્ચિમઘાટ છે, કે જેના અમુક ભાગો

બોરઘાટ અને થળઘાટને નામે ઓળખાય છે. નાસિક પાસે પાંડવ ગુફાને નામે ઓળખાતી ગુફાઓ, તથા લોનાવલા અગર લાનોલી પાસે કાર્લીની ગુફાઓ છે. આ ગુફાઓ બૌદ્ધ લોકોની છે, અને આજથી દોઢ બે હજાર વર્ષ ઉપર તે કરવામાં આવી હશે એમ અટકળ કરી શકાય છે.

આ વિભાગમાં રેલગાડી વિષે તો થોડુંક તમે જાણો છો. સુરતથી તાપ્તીવેલી રેલ્વે ખાનદેશમાં જાય છે, અને મુંબઈથી આવતી જી. આઇ. પી પણ દોડે છે. જુઓ, રેલગાડીના નકશામાં, રસ્તા તથા મુખ્ય મુખ્ય સ્ટેશનો શોધી કાઢો. મુંબઈથી નાસિક જતાં ઇગતપુરી પાસે અને પુણા જતાં કરજતાં પાસે 'રીવર્સિંગ' સ્ટેશનો આવે છે, અને ડુંગરામાંથી આરપાર ભોંયરાં (જેને મરાઠીમાં 'બોગદા' કહે છે તે) ખોદી કાઢ્યાં છે, એ વાત તો ગયે વર્ષે પણ ભણી ગયા છો. 'ભુસાવળ' એ મોટું જંકશન છે. રસ્તાઓ સંબંધે એક જાણવા જેવી વાત એ છે કે, મુંબઇથી આગ્રા જવાની એક મોટી પાકી સડક જુના વખતમાં હતી; તે આ વિભાગમાં થઇને જાય છે. આ સડક ઘણી જુની હોવા છતાં હજી સારી સ્થિતિમાં છે.

આ વિભાગમાં હવા ઘણે ભાગે કોરી અને સૂકી છે. ઉનાળામાં તાપ બહુ લાગે છે. પુણામાં ચોમાસાની હવા ખાસ સુંદર અને ખુશનુમા રહે છે. મુંબઈ ઇલાકાના નામદાર ગવર્નર સાહેબ ચોમાસામાં ત્યાંજ રહે છે. નાસિક પાસે દેવલાલી પણ હવાને માટે ખાસ પ્રખ્યાત છે. સતારા જીલ્લામાં મહાબળેશ્વરના શિખર પર બહુ ઠંડી રહે છે. ઉનાળામાં પણ ત્યાં બહુ સારી ઠંડી હવા રહે છે, તેથી મુંબઇ ઇલાકાના નામદાર ગવર્નર સાહેબ ઉનાળામાં મહાબળેશ્વરજ રહે છે. પુણાથી નીકળતી સધર્ન મરાઠા રેલ્વે પર વહાર નામનું સ્ટેશન છે, ત્યાંથી મહાબળેશ્વર જવાય છે. મહાબળેશ્વર પાસે પાંચગણી છે તે પણ હવા ખાવાનાં ઠેકાણાં તરીકે પ્રખ્યાત છે.

જાત્રાનાં ઠેકાણાં તરીકે નાસિક અને પંઢરપુર જાણીતાં છે. નાસિકમાં ગોદાવરી નદી પવિત્ર ગણાય છે, અને સહસ્થ વર્ષમાં ગોદાવરીમ

સ્નાન કર્યાનું ખાસ પુણ્ય છે એમ મનાય છે, એટલે તો વર્ષમાં ઘણુ લોકો ત્યાં જાય છે. દર બાર વર્ષે સિંહસ્થ વર્ષ આવે છે. પંઢરપુરમાં વિઠોબાનું મંદિર છે. અને દક્ષણી લોકોની પંઢરી વિઠોબા પર બહુ ગાઢ શ્રદ્ધા છે.

અહમદનગરમાં એક વખત ચાંદબીબી નામની રાણીએ બહુ બહાદુરી બતાવી હતી, એ તો તમે ઇતિહાસમાં શીખશો. મોગલ રાજાએ અહમદનગરને ઘેરો ઘાલ્યો; રાજા ગુજરી ગયો, ત્યારે રાણીએ પોતે દુશ્મનોને હડાવી કાઢ્યા હતા. પુણા એ પણ જુનું ઐતિહાસિક શહેર છે. પેશ્વાઓની રાજધાનીનું શહેર હતું. તેની પાસે ખડકી નામના ગામ પાસે ઇ. સ. ૧૮૧૭ માં અંગ્રેજો અને પેશ્વા વચ્ચે મોટી લડાઈ થઇ હતી, જે પછી ઇ. સ. ૧૮૧૮ માં પેશ્વાઈ રાજ્યનો અંત આવ્યો હતો.

ખેતીની પેદાશની વાત તો આગળ કહેવાઇ ગઇ છે. જુવાર, બાજરી ઘઉં, તેલનાં બીઆં વગેરે છે. કાગળ બનાવવાનો નવો ઉદ્યોગ જાણવા લાયક છે. નાસિક અને પુણાનાં ત્રાંબા પિત્તળનાં વાસણ વખાણાય છે. નાસિક જીલ્લામાં યેવલા નામનું ગામ છે ત્યાં હાથનું વણાટ કામ સારૂં થાય છે.

આ વિભાગનો થોડો ભાગ—બે નાના તાલુકા, નિઝામના રાજ્યની હદમાં છે. (નકશામાં જુઓ) જામખેડ તથા બારસી એ બંન્ને ઇલાકાની મુખ્ય હદ બહાર હોવા છતાં આ ઇલાકામાં જ છે. જામખેડ અહમદનગર જીલ્લામાં તથા બારસી સોલાપુર જીલ્લામાં છે.

પ્રકરણ ૧૧ મું.

દક્ષિણ વિભાગ.

દક્ષિણ વિભાગમાં ઘણે ભાગે **કાનડી** ભાષા બોલાય છે, મધ્ય વિભાગ જેટલા ડુંગરો આમાં નથી. આ વિભાગની જમીન ઉંચી અને સપાટ છે.

જમીનના જુદા જુદા પ્રકાર, ઉંચાણ નીચાણ પ્રમાણે કેવા હોય છે, તે જરા જાણવા જેવું છે. જ્યાં ડુંગરા વધારે હોય તે ઉંચી જગા હોય એ તો કહ્યા વગર પણ તમે સમજી શકો તેવું છે. વળી નદીના પ્રવાહ પરથી ઉંચી અને ઢળતી જમીન પારખી શકાય, એ તો તમોને કહેવાયું છે. જમીન ઉંચી અને ઉંચી થતી જાય તેઃ ઢાળ, ટેકરી, ડુંગર અને પર્વત બને છે. નીચી નીચી ટેકરીઓ તે ધાર કહેવાય છે. જ્યાં બહુ ધાર હોય તેવી જગાને **ધારોડ** પ્રદેશ કહે. ધારથી મોટી **ટેકરી**, તેથી મોટા **ડુંગર**, અને બહુ મોટા હોય તે **પર્વત** કહેવાય. ઘણા ડુંગરો હોય તેવા ભાગને **ડુંગરાઉ** પ્રદેશ કહે. જ્યાં ડુંગર, પર્વત હોય ત્યાં 'ખીણુ' પણ હોય. એ ટેકરી કે ડુંગરની વચ્ચે નીચી, ઉંડી, અને લાંબી જમીન હોય તેને ખીણુ કહે.

જેમ ડુંગરાઉ મુલક હોય, તેમ કેટલીક જગાએ નીચી નીચી જમીન હોય. નીચી, ઉંડી, લાંબી અને સાંકડી હોય તો ખીણુ કહેવાય, પણ નીચી જમીન સાંકડી નહિં પણ પહોળી વિસ્તારવાળી સપાટ હોય તો તેને નીચાણનો પ્રદેશ કહે છે.


કેટલીક જમીન એવી હોય છે કે ઉંચી અને ઉંચીજ થઇ, પછી પાછી ઉપરના ભાગમાં સીધી સપાટ થઇ ગઇ હોય છે. એટલે, પડખેના ભાગથી થોડોક ભાગ ઉંચો ગયો હોય તે ભાગ ટેકરા; પણ કોઇ કોઇ જગાએ એવું હોય કે અડખે પડખેની બધી જમીન એક સાથે ઉંચી અને ઉંચીજ હોય, અને ઉંચી થઇને પછી ઉપરનો ભાગ સીધો સપાટ હોય, એવી ઉંચી થતી જમીનને **'ઉચ્ચ પ્રદેશ'** કહે છે.

દક્ષિણ વિભાગમાં આવો ઉચ્ચ પ્રદેશ છે. બહુ ડુંગરા નથી,

પણ જમીનનો બધો ભાગ ઉંચો ઉંચો થઇ પાછો ઉપર સપાટ જેવો છે. વચમાં સહ્યાદ્રિ પર્વત આવી રહેલો છે. સહ્યાદ્રિ પર્વતના પશ્ચિમ તરફના ભાગમાંથી જે જે નદીઓ વહે છે, તે બહુ ટુંકી અને બહુ ઝડપબંધ વહેનારી છે, તેથી તે ભાગની નદીઓમાં ધોધ જોવા જેવા છે. બેલગામ જીલ્લામાં ગોકાક પાસે ઘટપ્રભાનો ધોધ જોવા જેવો છે, અને કાનડા જીલ્લામાં હોનાવર બંદર પાસે ગેરસપ્પા નામનો શિરાવતી નદીનો ધોધ બહુજ વખાણાય છે. તે ધોધને માટે એક અંગ્રેજ લખે છે કે, જ્યારે તે ધોધ સંપૂર્ણ બહારમાં હોય છે ત્યારે તેનો દેખાવ એવો ઉત્તમ બની રહે છે કે, આખી દુનિયામાં તેની સાથે બીજો કોઇ દેખાવ બરાબરી કરી શકેજ નહિં. ૮૨૫ ફીટની ઉંચાઇથી ત્યાં પાણી પડે છે, અને તે નીચે પાછું ૧૩૨ ફીટ ઉંડા ખાડામાં પડે છે.!

આ વિભાગમાં જેમ કુદરતની આ મઝા છે તેમ પેદાશમાં અને ખનીજમાં પણ આ વિભાગ જેવી ઉત્તમતા ઇલાકાના બીજા કોઇ ભાગમાં નથી. એલચી, સોપારી, અને મરી એ આ ભાગમાંજ થાય છે. સોનું રૂપું પણ આ વિભાગના ધારવાડ જીલ્લામાં નીકળે છે. નાળીએર, ડાંગર, ઘઉં, કપાસ વગેરે તો બધે થાય છે, તેમ અહિં પણ થાય છે. તેમાં પણ નાળીએર, ડાંગર અને રૂ વિશેષ પાકે છે. ઉપર ગણાવેલ ચીજો ઉપરાંત વાંસ પણ આ વિભાગના બેલગામ જીલ્લામાં થાય છે. બેલગામનું નામજ વેણુગ્રામ-વેણુ: વાંસ, ગ્રામ: ગામ-છે. આ ઉપરાંત વેંગુર્લામાં (રત્નાગિરિ જીલ્લામાં) કાજુ થાય છે, તથા બેલગામ જીલ્લામાં સ્લેટના પથ્થર નીકળે છે. જંગલો પણ આ વિભાગના કોલાબા અને રત્નાગિરિ જીલ્લામાં આવેલાં છે. કોલાબા તાબાનાં જંગલોમાં સાગ અને સિસમ વખાણાય છે. રત્નાગિરિ જીલ્લામાં વાંસ અને ખેર પુષ્કળ છે. બેલગામ જીલ્લામાં પણ સહ્યાદ્રિ પર્વતની નજીકમાં ગીચ જંગલો છે. આ ઉપરથી, છોકરાઓ, તમે જોઇ શક્યા હશો કે આ વિભાગમાં ઘણી નવી નવી વાત તમે વાંચી.

સાથે નકશો આપ્યો છે; તે વાંચી જીલ્લાઓ જુઓ, અને બંદરો તથા મોટાં શહેરો પણ શોધી નામ યાદ રાખો.


दक्षिण विभाग
रत्नागिरी
कोल्हापुर
मालवण
वेंगुर्ली
बेलगाम
गोवा
हुबली
कारवार
मद्रास इलाको

કોલાબા જીલ્લામાં ઉરણમાં તથા બીજા ભાગમાં મીઠું પકવવામાં આવે છે, તથા તે જીલ્લામાં, હવા ખાવાનું સ્થળ માથેરાન છે, તે તમે શીખી ગયા છો. મુંબઇના ઘણું શેઠીઆઓ ઉનાળામાં ત્યાં જાય છે, તે જાણતા હશો, જી. આઇ. પી. નાં નેરળ સ્ટેશનથી ત્યાં જવાય છે. ડુંગર પર નાની રેલ ગાડી ચઢાવાઈ છે, એ ગયા વર્ષમાં તમને કહેવાયું છે, તેથી યાદ હશે.

રેલ ગાડીની પેઠે દરિયાઇ સફરની સગવડ આ વિભાગમાં સારી છે. અલીબાગ, રત્નાગિરિ, માલવણ, વેંગુર્લા, કારવાર, અને હોનાવર એ સારાં બંદરો છે.

આ વિભાગમાં કોલ્હાપુરનું દેશી રાજ્ય કંઇક મોટું છે. તેમાં પણ શિવાજીના વંશની એક શાખાનુંજ રાજ્ય છે. સતારામાં મોટી શાખા હતી, તે નાવારસ થવાથી અંગ્રેજ સરકારે તે ખાલસા કરી લીધું. પણ કોલ્હાપુરમાં હજી જુની શાખાજ ચાલુ છે. બીજાં રાજ્યોમાં સાવંતવાડી કે જેમાં સોપારી, કાજુ ઉપરાંત કોકમનાં ઝાડ પુષ્કળ છે, તે તથા સીદીનું સંસ્થાન જંજીરા એ બે જાણવા જેવાં છે; કાઠિઆવાડમાં જાફરાબાદનું રાજ્ય પણ આ રાજાઓના વંશવાળાનુંજ છે. જંજીરા શબ્દ અરબ્બી જંઝીરા એટલે ટાપુ ઉપરથી પડયો છે. એની રાજધાની નાના બેટમાં છે, તે પરથી નામ પડયું છે.

ફીરંગીઓનું ગોવા જેનું જુનું નામ પાંજીમ છે, તે આ વિભાગને લગતું છે. આ સ્વતંત્ર રાજ્ય છે. અને પોર્ટુગલ દેશના લોકો જેને ફીરંગી કહીએ છીએ તેનું તે છે. આ વાત તો તમે શીખી ગયા છો. પોર્ટુગાલ દેશમાં પહેલાં રાજા શહેનશાહ હતા, પણ હવે તો તે પ્રજાસત્તાક રાજ્ય થઇ ગયું છે. પ્રજાસત્તાક રાજ્ય તે કેવું હશે, એ તો તમે આગળ ઉપર શીખશો. હમણાં એટલુંજ યાદ રાખશો તો બસ છે, કે તેવાં રાજ્યોમાં બધી સત્તા પ્રજાનાજ હાથમાં હોય છે. વંશ પરંપરાથી ચાલ્યા આવતા રાજાઓ રાજા નહિં, પણ પ્રજા જેને પસંદ કરી રાજા બનાવે તે રાજા કહેવાય !

પોર્ટુગલના લોકોએ રાજા સામે થઈ, તેને ગાદીએથી ઉઠાડી મૂકી

રાજ્યનો રાજા પોતેજ નીમવાનું માથે લીધું. પ્રજાનીજ જેમાં કુલ સત્તા હોય-રાજા ઉપરી ખરા, પણ તેને પ્રજાજ નીમે તેવાં રાજ્યને પ્રજાસત્તાક રાજ્ય કહે છે.

નાનાં મોટાં દેશી રાજ્યો પા. ૪૨ મે આપ્યાં છે, તે બધાં મોટા નકશામાં જોઇ શોધી કાઢો.

પ્રકરણ ૧૨ મું.

મુંબઈ ઈલાકો.

યાદીરૂપ.

સીમાઃ—

ઉત્તરે—બલુચિસ્તાન, પંજાબ અને રજપુસ્થાન.
પૂર્વે—મધ્ય હિન્દ એજન્સી, મધ્યપ્રાન્તો અને નિઝામનું રાજ્ય.
દક્ષિણે—મદ્રાસ ઈલાકો અને મ્હૈસુર.
પશ્ચિમે—અરબી સમુદ્ર.

ક્ષેત્રફળઃ

ખાલસા	૧૨૨૯૮૪	ચોરસ માઇલ છે.
દેશી રાજ્યો	૬૫૭૬૧	ચોરસ માઇલ છે.
વડોદરાનું	૮૦૮૭	ચોરસ માઇલ છે.

રાજકીય વિભાગઃ—

૧ સિંધ વિભાગ. ૨. ઉત્તર વિભાગ.
૩ મુંબઈ બેટ. ૪. મધ્ય વિભાગ.
૫. દક્ષિણ વિભાગ.

કુદરતી વિભાગઃ—

૧. ગુજરાત, ૨ કચ્છ, ૩ સિંધ, ૪ મહારાષ્ટ્ર.
૫. કાનડા.

ઉપર ગણાવેલા રાજકીય વિભાગોના પેટા વિભાગો અને મુખ્ય શહેરો.

સિંધ વિભાગ.

જીલ્લા	મુખ્ય શહેરો.
કરાંચી	કરાંચી, ઠઠ્ઠા.
હૈદ્રાબાદ	હૈદ્રાબાદ.
થરપારકર	ઉમરકોટ.
સક્કર	સક્કર, શિકારપુર,
લારખાના	લારખાના
ઉપલો સરહદનો મુલક	જેકોબાબાદ.
ખૈરપુર સંસ્થાન	ખૈરપુર.

ઉત્તર વિભાગની વિગત અપાઈ ગઈ છે.

મધ્ય વિભાગ.

પશ્ચિમ ખાનદેશ	ધુળીયા.
પૂર્વ ખાનદેશ	જળગામ, ભુસાવળ
નાશિક	નાશિક અને દેવલાલી
અહમદનગર	અહમદનગર
પુણા	પુણા અને લાનોલી
સતારા	સતારા અને મહાબળેશ્વર.
સોલાપુર	સોલાપુર, બારસી અને પંઢરપુર.

દેશી રાજ્યો.

સતારા જાગીર—ફલટણ, ભોર, ઔંધ અને જત.

મહેવાસી પરગણાં,

સુરગણાનો મુલક.

દક્ષિણ વિભાગ.

વિજાપુર	વિજાપુર.
બેલગામ	બેલગામ.
ધારવાડ	ધારવાડ અને હુબલી
કાનડા	કારવાર અને હોનાવર.
રત્નાગિરિ	રત્નાગિરિ અને વેંગુર્લા.
કોલાબા	અલિબાગ ને ઉરણ.

દેશી રાજ્યો.

કોલ્હાપુર, સાંગલી, મિરજ, જમખંડી, કુરૂંદવાડ, મુધોળ અને રામદુર્ગ, સાવંતવાડી, જત, ડફળાપુર અને જંજીરા.

સ્વતંત્ર પરદેશી રાજ્યો—દિવ, દમણ અને ગોવા.

પહાડો-હાલા, વિન્ધ્યાચળ. સાતપુડાના ફાંટાઓ, સહ્યાદ્રિ, ગીરનાર અને શેત્રુંજો.

નદી-સિન્ધુ, નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, મહી, સાબરમતી, તુંગભદ્રા અને બનાસ.

ધોધ—સુરપાણ, ગેરસપ્પા અને ગોકાક.

રણ—કચ્છ અને થરપારકર.

અખાત—કચ્છનો, કોરીનો, અને ખંભાતનો.

બંદર—કરાંચી, માંડવી, મુંબઇ અને કારવાર.

વસ્તી—ખાલસા—૧ કરોડ ૯૯ લાખ.
દેશી રાજ્ય—૭૦ લાખ.
વડોદરા—૨૦ લાખ,

ધર્મ—હિન્દુ, જૈન, પારસી. મુસલમાન, ખ્રીસ્તી, યાહુદી.

ભાષા—ગુજરાતી, સીંધી, કચ્છી, મરાઠી, કાનડી અને ઉર્દુ.

હવા ખાવાનાં ઠેકાણાં—ઉત્તર વિભાગમાં છે તે ઉપરાંત, માથેરાન, મહાબળેશ્વર, પાંચગણી અને દેવલાલી.

જાત્રાનાં ઠેકાણાં—ઉત્તર વિભાગ ઉપરાંત, પંઢરપુર અને નાશિક ત્રંબક.

જોવા લાયક સ્થળો—ધારાપુરીની ગુફા, કનેરીની ગુફા, કાર્લીની ગુફા, સુરપાણનો, ગોકાકનો અને ગેરસપ્પાનો ધોધ, વિજાપુરનો ઘુમ્મટ. આ ઉપરાંત જાત્રાની અને હવા ખાવાની જગાઓ.

રેલ ગાડીઓઃ—

૧ બી. બી. સી. આઇ, ૨ જી. આઈ. પી. અને ૩ સધર્ન મરાઠા
બી. બી. નાં મુખ્ય સ્ટેશનો—મુંબઇ, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ

જી. આઇ. પી. નાં—મુંબઇ, કલ્યાણ, નાસિક, પૂના.

સધર્ન મરાઠાનાં—પુણા, વઠાર, મીરજ, બેલગામ, ધારવાડ, હુબલી.

આ મુખ્ય લાઈનો છે. બીજા ફાંટાઓ તો ઘણા છે.


મુંબઈ ઈલાકા વિષે એક ખાસ વાત યાદ રાખવા જેવી છે. તે એ કે—ગેરસપ્પાનો ધોધ અને વિજાપુરના રોજાનો ઘુમ્મટઃ આ બન્નેનો જોટો આખી દુનિયામાં બીજે ક્યાંય પણ મળે તેમ છેજ નહિં. ઉપરાંત ઘારાપુરીની ગુફા અને કાર્લીની ગુફાઓ પણ દુનિયામાંની જુની પંકાયેલી ગુફાઓમાંની છે.

પ્રકરણ ૧૩ મું.

નકશો કેમ વાંચવો.

અક્ષાંશ, રેખાંશ.

તમે ગયા ધોરણની ચોપડીમાં પૃથ્વીના ગોળાના બે નકશા જોયા છે, તે યાદ છે? જુઓ, તેમાંથી એક ફરી આપ્યો છે. એક ૪૪ મે પાને છે, તેમાં વાંકી વાંકી લીટીઓ છે, તે જુઓ છો? થોડી ઉત્તર દક્ષિણ કાઢી છે અને થોડી પૂર્વ પશ્ચિમ કાઢી છે તે બધી શા માટે છે તે કહી શકશો? તેના ઉપર આંકડા માંડ્યા છે તે જોઈ શકો છો? તે લીટીઓ, એક જગાએથી બીજી જગા કેટલી છેટી છે, તે બતાવવા માટે કાઢી છે. પૃથ્વી ગોળ છે. તેની વચ્ચે બરાબર મધ્યમાંજ એક લીટી ધારવામાં આવે છે. નકશામાં જુઓ, જે બરાબર વચ્ચમાં, તદ્દન સીધી છે તે તેજ લીટી છે, અને તેને **વિષુવવૃત્ત** અથવા **ભૂમધ્ય** રેખા કહે છે. તે લીટીથી પૃથ્વીના તે બે છેડાને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ કહે છે. તે લીટી—વિષુવવૃત્તથી ઉત્તર તરફના ૯૦ ભાગ કર્યા છે અને દક્ષિણ તરફના ૯૦ ભાગ કર્યા છે. એટલે બધા



મળી ૧૮૦ ભાગ કર્યા છે. બધા મળી ૧૮૦ ભાગ પૃથ્વીની એક બાજુ તરફના થયા, તેવાજ ૧૮૦ ભાગ બીજી તરફના થાય. તે ભાગમાંથી દરેક ભાગને ‘ અંશ ’ કહે છે. અંગ્રેજીમાં તેને ‘ ડીગ્રી ’ કહે છે. ભૂમધ્ય રેખા અગર વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ જે લીટીઓ કાઢી છે, તે વિષુવવૃત્તથી કેટલું અંતર છે તે બતાવવા માટે છે. કેટલા **અંશ** છેટે છે એમ તે પરથી કહી શકાય. તે લીટીઓને અક્ષાંશ કહે છે. અક્ષાંશ એટલે શું તે સમજ્યા ? પૃથ્વીના ગોળાની બરાબર વચમાં એક લીટી કલ્પી છે, તે ભૂમધ્યરેખા અગર વિષુવવૃત્ત, એ વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ તરફનું છેટું બતાવવા જે લીટીઓ કલ્પવામાં આવી છે તે અક્ષાંશ. ઉત્તર અક્ષાંશ, અને દક્ષિણ તરફના

દક્ષિણ અક્ષાંશ; જુઓ, ગોળાના ચિત્રમાં તેના ઘેરાવ પાસે જે આંકડા લખ્યા છે, તે અક્ષાંશના છે. વિષુવવૃત્ત પાસે શૂન્ય છે. નીચે ૨૦, ૪૦ એમ છે તે દક્ષિણ અક્ષાંશ, ઉપર તેમજ છે તે ઉત્તર અક્ષાંશ છે. અંશ–ડીગ્રી–જણાવવાની નિશાની આંકડા ઉપર નાનું પોલું° મીંડું છે. જેમ કે દશ અક્ષાંશ બતાવવા હોય તો ૧૦° આવી રીતે મૂકાય. ઉત્તર દશ અક્ષાંશ કહેવા હોય તો ઉ ૧૦° એમ લખાય.

નિશાળમાંના હિન્દુસ્થાનના નકશાના અક્ષાંશ જુઓ—તે ઉત્તર અક્ષાંશ છે. લંકાની ઉત્તરે ૧૦° છે. પછી ૧૫°, ૨૦° એમ છે. કાશ્મીર ૩૫° અક્ષાંશ પર છે. આપણું મુંબઈ ૧૫° અને ૨૦° ની વચમાં છે અને તે અક્ષાંશ ૧૮° અને ૧૯° ની લગભગ વચમાં છે.

જેમ ઉત્તર દક્ષિણનું અંતર જાણવા માટે અક્ષાંશ છે તેમ પૂર્વ પશ્ચિમની લીટીઓ જે અંતર દેખાડે છે તેને રેખાંશ કહે છે. પૂર્વ પશ્ચિમનાં અંતર માટે મધ્ય રેખા એક નક્કી કરેલી નથી. દેશદેશના લોકો પોત–પોતાને માટે તેની કલ્પના કરી લે છે. હિન્દુ જ્યોતિષીઓ–ઉજ્જયિની–હાલનાં ઉજ્જનથી શરૂઆત કરતા. અંગ્રેજો લંડન પાસેના 'ગ્રીનીચ' નામના ગામથી શરૂ કરે છે. 'ગ્રીનીચમાં' મોટી વેધશાળા છે, તેથી ત્યાંથી શરૂ કરવાનું પસંદ કર્યું છે. કોઈ વળી બીજા ગામથી પણ શરૂ કરે છે. અક્ષાંશ પેઠેજ રેખાંશ પણ ૩૬૦ છે. જ્યાંથી શરૂ કરે ત્યાં શૂન્ય ગણાય છે. પછી પૂર્વ રેખાંશ અને પશ્ચિમ રેખાંશ એમ ગણાય. જુઓ, પૃથ્વીના અર્ધગોળમાં ભૂમધ્ય રેખા પર જે આંકડા માંડયા છે તે રેખાંશના છે. તેમાં એકની પાસે કાંઇ પણ આંકડો નથી. તે શૂન્ય છે. પછી પૂર્વ તરફ ૨૦, ૪૦, ૬૦ એમ માંડયા છે. પશ્ચિમ. તરફ એકલો ૨૦ જ આવ્યો છે બીજા આંકડા બીજા ગોળામાં હોય,

અક્ષાંશ રેખાંશથી અંતર જાણવામાં આવે તેમ ગરમી થંડી તથા સૂર્યોદય વગેરે પણ જાણી શકાય છે, પણ તે બધી વિગતનું તમારે અત્યારે કાંઈ કામ નથી. અત્યારે માત્ર એટલું યાદ રાખો

કે **અક્ષાંશ** તે વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણનું છેટું બતાવનારી કલ્પેલી લીટીઓ છે, અને **રેખાંશ** એ એક નક્કી કરેલા સ્થળથી પૂર્વ પશ્ચિમનું છેટું બતાવનારી લીટીઓ છે. બરાબર અંતર ન જણાય તો નકશો ખરો ન કાઢી શકાય, માટે નકશો કાઢતાં તે બંને લીટીઓનું પાકું જ્ઞાન હોવું જોઇએ.

પ્રકરણ ૧૪ મું.

હિન્દુસ્થાનનો રાજ્યવહીવટ.

હિન્દુસ્થાનના શહેનશાહ અંગ્રેજોના રાજા છે. તમારામાંથી કોઇકોઇને તો યાદ હશે કે, ૧૯૧૨ માં તેઓ સરકાર જ્યારે અહિ–મુંબઇમાં–પધાર્યા ત્યારે તેમનાં દર્શન તથા સત્કાર માટે બધાં છોકરાંને ધજા વાવટા આપી બેસાર્યા હતા અને છોકરાઓને ઇનામ પણ મળ્યાં હતાં. તેમનાં ચિત્રો પણ તમારી નિશાળમાં તમે રોજ જુઓ છો. શહેનશાહનું નામ **જ્યોર્જ** છે. તે નામના તે પાંચમા રાજા હોવાથી પાંચમા જ્યોર્જ કહેવાય છે. એઓ નામદાર આપણા શહેનશાહ છે. લગભગ આખું હિન્દ એઓને તાબે છે. દેશી રાજાઓ પણ છે ખરા; દેશી રાજાઓમાં મોટા હોય છે તેમને તો શહેનશાહ પોતાના મિત્ર અને મદદનીશ તરીકે સ્વીકારે છે. બીજા ખંડીઆ રાજા ગણાય છે. હિન્દમાં થોડો ઘણો ભાગ બીજા પરદેશીઓના હાથમાં છે. તેઓ અંગ્રેજ સરકારથી સ્વતંત્ર છે. થોડા દેશીઓ પણ સ્વતંત્ર છે. તેમનો મુલક **નેપાળ** અને **ભૂતાન** છે. નકશામાં જુઓ, તે દેશો હિમાલયની દક્ષિણે આવેલા છે. દેશી રાજાઓના હાથમાં અને સ્વતંત્રજ છે. પરદેશીઓમાં ફીરંગી અને ફ્રેન્ચ લોકોનો મુલક છે, તે તો તમે શીખી ગયા છો. આ સિવાયના બીજા બધા ભાગના રાજા શહેનશાહ જ્યોર્જ છે.

જ્યોર્જ હિન્દુસ્થાનના શહેનશાહ છે અને અંગ્રેજોના રાજા છે, અંગ્રેજ લોકોનો રાજ્યવહીવટ જુદી જાતનો છે. તમને પ્રજાસત્તાક રાજ્ય વિષે જરા કહ્યું છે, અંગ્રેજોમાં પ્રજાસત્તાક રાજ્ય છે, પણ બીજાં રાજ્યો પેઠે રાજા લોકો ચુંટી કાઢતા નથી, પણ વંશપરંપરાથી ઉતરે

છે. આપણે ત્યાં દેશી રાજ્યો છે તેમાં પણ રાજાઓ વંશપરંપરાથી ઉતરી આવે છે. પણ આપણને–લોકોને–રૈયતને–પ્રજાને–કામકાજમાં કંઇ ભાગ મળતો નથી. રાજાઓજ સર્વોપરિ છે. રાજાઓની ઇચ્છા એજ કામમાં આવે. અલબત રાજા કાંઇ ધોરણ વિરૂદ્ધ તો નજ વર્તી શકે. આગળના વખતમાં તો ભાયાતો, અમલદારો, વેપારીઓ, અને કારીગરો બધાંનું જોર યોગ્ય પ્રમાણમાં રાજાઓ ઉપર ચાલતું. વાલ્મીકિ-રામાયણમાં અને શિવાજીએ કરેલ રાજ્યબંધારણમાં પ્રધાનમંડળ અને લોકોના પ્રતિનિધિની વાતો આવે છે. પણ હાલના દેશી રાજ્યોમાં તેવું નથી. તેવાં રાજ્ય તે કુલ મુખત્યારીવાળાંજ ગણાય. પ્રજાસત્તાકની વાત કરી છે તેવાં રાજ્યોમાં લોકો ધારે તેજ થાય. અંગ્રેજના રાજ્યનો વહીવટ આ બેની વચ્ચેનો છે. લોકોના મત માટે લોકોના ચુંટી કાઢેલા સભાસદોની મોટી સભા બોલાવાય છે. તે સભા અમલદારો નીમે છે. તે સભા અને અમલદારો બની એક પાર્લામેન્ટ કહેવાય છે. રાજાએ પાર્લામેન્ટના મત પ્રમાણેજ કામ કરવું જોઇએ એવી પદ્ધતિ છે. પણ એક તો રાજાઓ વંશપરંપરાથી ઉતરી આવે તે અને બીજી જેમાં રાજાને ફાવે તેમાં પાર્લામેન્ટથી વિરૂદ્ધ મત તે આપી શકે તે; આ બે હકીકતથી અંગ્રેજોનું રાજબંધારણ પ્રજાસત્તાકથી જુદું પડે છે.

અંગ્રેજોના અમલથી આપણામાં રાજસંબંધેની જાગૃતિ થતી આવે છે, અને અંગ્રેજ સરકારે આપણને સ્થાનિક સ્વરાજ્ય આપ્યું છે; તથા ઇલાકાના કારભારી મંડળમાં પણ દેશી બેસી શકે છે, એ તો તમને કહ્યું છે, એટલુંજ નહિ પણ ઇંગ્લંડમાં ઇન્ડીઆ કાઉન્સીલ છે, તેમાં પણ હિન્દીઓને સ્થાન આપવામાં આવ્યું છે, એ તમારે સૌએ જાણવું જોઇએ.

ઇંગ્લંડની પાર્લામેન્ટ અને શહેનશાહ એક ઇન્ડીઆ કાઉન્સીલ નીમે છે, 'સેક્રેટરી ઓફ સ્ટેટ ફૉર ઇન્ડીઆ' નીમે છે, અને હિન્દુસ્થાનના રાજ્યવહીવટપર તે અમલદારો દેખરેખ રાખે છે.

હિન્દુસ્થાનમાં સૌથી ઉપરી વાઇસરોય સાહેબ છે. એ તમે જાણો છો. આખા હિન્દના યોગ્યતા પ્રમાણે નાના મોટા ભાગો કર્યા છે, અને

લોકોની સ્થિતિ તથા મુલકની સ્થિતિ ધ્યાનમાં લઇ તે ભાગોપર ઉપરી નીમ્યા છે. ત્રણ મોટા ભાગ છે તેને ઈલાકા કહે છે. મુંબઇ, મદ્રાસ અને બંગાળા; તેથી નાના પ્રાન્ત કહેવાય છે. તેમાં કોઈ પર લેફ્ટનન્ટ ગવર્નર અને કોઈ પર કમીશ્નર નામના અમલદારો નીમાય છે, અને તે દરેક અમલદારની સત્તા જરૂરીઆત પ્રમાણે વધારે ઓછી નક્કી કરવામાં આવી છે.

નામદાર વાઇસરોય સાહેબને મદદ કરવા બે મંડળો છે; એક કારભારી મંડળ અને બીજું કાયદા ઘડનારૂં. આપણા ઇલાકામાં છે તેમજ. તે મંડળો 'ઇમ્પીરીયલ' બાદશાહી-મંડળો કહેવાય છે. કારભારી મંડળ અને નામદાર વાઇસરોય મળી 'હિન્દી સરકાર' કહેવાય છે.

દેશી રાજ્યોમાંનાં મોટાં રાજ્યો નામદાર વાઇસરોયના અમલ નીચે છે. તેથી નાનાં ઈલાકાના ગવર્નરના હાથ નીચે, તેથી નાનાં કમીશ્નરના હાથ નીચે એમ છે, એ તો હવે તમે સમજી ગયા હશો. રેસીડન્ટ, એજંટ ટુ ધી ગવનર, પોલિટિકલ એજંટ એવાં નામ તે તે રાજ્યોના ઉપર દેખરેખ રાખનાર અંગ્રેજ અમલદારેનાં છે તે પણ તમે જાણતા હશો. પોલિટિકલ-એજન્ટમાં એજન્ટનો અર્થ શો, અને તેવું નામ કેમ પડ્યું વગેરે તમારે હમણાં જાણવાની જરૂર નથી.

દરેક દેશમાં રાજ્ય કરવા માટે લશ્કર તો જોઇએજ. હિન્દુસ્થાનમાં પણ લશ્કર છે. થોડુંક પરદેશી એટલે અંગ્રેજ સિપાઇઓનું છે. બીજું દેશી-હિન્દી સિપાઇઓ-નું છે. લશ્કરી ખાતું લગભગ જુદુંજ ગણાય છે. તેનો ઉપરી કમાન્ડર ઇન્ ચીફ એટલે મુખ્ય સેનાપતિ કહેવાય છે.

આ સિવાય તમારે જાણવા જેવી હકીકત માત્ર રાજ્યના ઉપજ-ખર્ચની છે. ઉપજ ખેતીની મહેસુલ, રેલ્વેની ઉપજ, મીઠું અફીણ પરના કર, માલપર જકાત તથા ટપાલ, તાર ખાતાં વગેરેથી થાય છે. ખર્ચમાં લશ્કરી ખર્ચ, સરકારી અમલદારોના પગાર, તથા લોકો માટે બાંધકામ થાય તે વગેરેનો થાય છે.

ઉપર આપેલી વિગતથી તમે સમજી તો ગયા હશો કે, હિન્દુસ્થાનમાં રાજકારભાર માટે ચાર પ્રકારના વિભાગ છે. તે નીચે પ્રમાણે:

૧. અંગ્રેજોનો ખાલસા મુલક.

૨. અંગ્રેજ સરકારના તાબા હેઠળનાં દેશી રાજ્યો.


૩. સ્વતંત્ર દેશી રાજ્યો.

૪. સ્વતંત્ર પરદેશી રાજ્યો.

છેલ્લેથી ગણત્રી કરીએ તો સ્વતંત્ર પરદેશી રાજ્યો એ લોકોનાં ફીરંગી અને ફ્રેન્ચનાં, દિવ, દમણ, અને ગોવા ફીરંગીનાં. પોંડીચેરી કારીકલ, માહી, યાનાન, ચંદ્રનગર ફ્રેન્ચનાં છે. સ્વતંત્ર દેશી રાજ્યો નેપાળ અને ભુતાન છે.

દેશી રાજ્યોમાં મોટાં નામદાર વાઇસરોયને તાબે—વડોદરા, મ્હૈસુર, નિઝામ, કાસ્મીર તથા રજપુતાના અને મધ્યહિન્દ એજન્સી. તેથી નાનાં ઇલાકાના ગવર્નર સાહેબને તાબે, તેથી નાનાં પ્રાંતના કમીશ્નર સાહેબને તાબે, તેથી નાનાં જીલ્લાના કલેકટરને તાબે. થોડાં ઘણુ દેશી રાજ્યો મળી એજન્સી, એજન્સી મોટી હોય તો તેમાં એજંટ ટુ ધી ગવર્નર અને નાનીમાં પોલિટિકલ એજન્ટ રહે છે.

ખાલસા મુલકના ભાગો કર્યા છે તેમાં ત્રણ મોટામાં ગવર્નરો નિમાય છે. તે ત્રણને ઇલાકા કહે છે. મુંબઈ, મદ્રાસ, અને બંગાળા એ ત્રણે ઇલાકા છે. તેથી નાના ચાર ભાગમાં લેફ્ટેનન્ટ ગવર્નરે છો. તે ભાગો બિહાર અને ઓરિસ્સા, આગ્રા અને સંયુક્ત પ્રાન્તો, પંજાબ, અને બ્રહ્મદેશ છે. તેથી નાના ભાગો પર કમીસ્નરની દેખરેખ હોય છે. તે ભાગો મધ્ય પ્રાન્ત અને વરાડ, આસામ, બ્રિટીશ બલુચિસ્તાન, વાયવ્ય સરહદનો મુલક, અજમેર મ્હેરવાડા, કુર્ગ, આન્દામાન અને નિકોબાર છે. આ બધા સાથેના નકશામાં બતાવ્યા છે. તે જોઇ વાકેફ થાઓ. તે વિષે ટુંક હકીકત હવે આવતા પ્રકરણોમાં તે ભાગના નકશા સહિત આપી છે.


હિંદુસ્થાન
માઈલનું પ્રમાણ
કાશ્મીર
અફગાનીસ્તાન
પંજાબ
બલુચીસ્તાન
રજપુતાના
કચ્છનો અખાત
આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો
બિહાર અને ઓરીસ્સા
આસામ
બ્રહ્મદેશ
ચીન
સીઆમ
બંગાળાનો ઉપસાગર
આન્દામાન
મહાસાગર
મૈસુર
જોશી અને પંડ્યા

પ્રકરણ ૧૫ મું.

નિઝામનું રાજ્ય, મ્હૈસુરનું રાજ્ય, મદ્રાસ ઈલાકો.

મુંબઈ ઇલાકાને લગતું એક તરફ નિઝામનું રાજ્ય છે. આપણા ઇલાકાનું વડોદરાનું રાજ્ય જેમ નામદાર વાઇસરોય સાહેબની સીધી દેખરેખ નીચે છે, તેમજ નિઝામનું રાજ્ય પણ નામદાર વાઈસરોય સાહેબની સીધી દેખરેખ નીચેજ છે. આ રાજ્યમાં રેસીડન્ટ રહે છે. રાજા મુસલમાન છે. નિઝામનું રાજ્ય વડોદરાના રાજ્યથી લગભગ ૧૦ ગણું મોટું છે. ઉપજ ઠીક ઠીક છે. નદીઓ તો મુંબઇ ઇલાકામાંનીજ આગળ વહી, તે રાજ્યમાં જાય છે. ગોદાવરી, કૃષ્ણા, ભીમા અને તુંગભદ્રા; આ નદીઓ સરકારના મુલકમાં થઇ વહે છે.

અજીન્ટા નામનો ડુંગર છે, જેમાં અજીન્ટાની ગુફાને નામે ઓળખાતી બૌદ્ધ ગુફાઓ આવેલી છે. બધી મળી ૨૯ ગુફાઓ છે અને તેમાંની એક તો આખા હિન્દુસ્તાનની ગુફાઓમાં સૌથી જુનામાં જુની કહેવાય છે. આ રાજ્યમાં બીજી જાણવા જેવી ઇલોરાની ગુફાઓ છે. ત્યાં દોલતાબાદથી જઇ શકાય છે. આ ગુફાઓમાં બૌદ્ધોની, જૈનોની અને બ્રાહ્મણોની એમ ત્રણે ધર્મોની ગુફાઓ છે. બ્રાહ્મણ ધર્મની ગુફાઓમાં '**કૈલાસ**' ના નામથી ઓળખાતી ગુફા વિસ્મય પમાડે તેવી ભવ્ય અને સુંદર છે.

આ રાજ્યમાં પહેલાં ગોવળકોંડા પાસેથી હીરા નીકળતા. કોયલાની ખાણો હાલ પણ ત્યાં છે. પેદાશમાં અનાજ, તેલનાં બીઆં અને રૂ મુખ્ય છે. વસ્તીમાં ઘણે ભાગે મુસલમાન છે. ભાષા ઉર્દુ, તેલુગુ, મરાઠી અને કાનડી બોલાય છે.

રાજધાનીનું શહેર **હૈદ્રાબાદ** છે. મુંબઇથી જી. આઇ. પી ગાડીનો એક **રાયચુર મેઇલ** જાય છે, તે રાયચુર આ રાજ્યમાં છે.

મ્હૈસુર.

નિઝામ રાજ્યની દક્ષિણે **મ્હૈસુર** રાજ્ય છે. તેમાં હિન્દુ રાજાઓ છે. પહેલાં હૈદરઅલી અને ટીપુ સુલતાને તે પડાવી લીધું હતું. પરંતુ



ત્યાર પછી તે આગલા હિન્દુ રાજાના વંશને સોંપવામાં આવ્યું છે. આ રાજ્યનો કારભાર બહુ વખાણવા લાયક છે. કેળવણી માટે બહુ સારી વ્યવસ્થા છે અને બધી સુધારાની, હુન્નર કળાની અને બીજી દેશોદયની સારી બાબતોમાં તે આગળ પડતું છે. આ રાજ્ય પણ નામદાર વાઇસરોય સાહેબની સીધી દેખરેખ નીચે છે. આ રાજ્યમાં કોલર નામની સોનાની ખાણો છે; તેમાંથી સોનું નીકળે છે. ત્યાં કેટલીક અંગ્રેજ કંપનીઓ કામ કરે છે, અને જથાબંધ સોનું કાઢે છે. રાજધાનીનું શહેર **મ્હૈસુર** છે. રેસીડેન્ટ **બેંગલોરમાં** રહે છે; ત્યાં જાણીતા પારસી ગૃહસ્થ **ટાટાએ** બત્રીસ

લાખ રૂપીઆની અસાધારણ રકમ આપ્યાથી, વિદ્યાની શોધખોળ માટે એક મોટી સંસ્થા ઉઘાડવામાં આવી છે.

મદ્રાસ ઇલાકો.

મુંબઈ ઇલાકાના જેવોજ બીજો **મદ્રાસ ઇલાકો** છે. મદ્રાસ એક જાણીતું બંદર છે, તેને સુધારવા માટે ઘણો ખર્ચ કરવામાં આવ્યો છે, પરંતુ તે જોઈએ તેવું સારૂં થયું નથી. મદ્રાસના ગવર્નર સાહેબના હાથ નીચેનો મુલક તે મદ્રાસ ઇલાકો. તે ઇલાકાના પણ ભાગ કર્યા છે અને તેની નીચે દેશી રાજ્યો પણ છે. દેશી રાજ્યમાં મુખ્ય **ત્રાવણકોરનું** છે. નકશામાંથી તે શોધી કાઢો.

આપણા ઇલાકામાં જેમ ફીરંગીમાં થોડાં ગામ છે, તેમ આમાં ફ્રેન્ચ લોકોનાં છે. ફ્રેન્ચ લોકો યુરોપના ફ્રાન્સ નામના દેશના વતની છે, પહેલાંના વખતમાં તેઓ અંગ્રેજો સાથે સારી રીતે હરીફાઈમાં ઉતર્યા હતા, પણ તેમાં તેઓ ફાવી શકયા નહિ. હમણાં તો તેમના હાથમાં **કારીકલ** (કાવેરીના મુખ પાસે). **યાનાન** (ગોદાવરીના મુખ પાસે). **માહી** (મલબાર કિનારાપર) અને સૌથી મોટું **પોંડીચેરી**; એ ચાર આ ઇલાકામાં છે. **ચંદ્રનગર** બંગાળામાં હુગલી નદીપર છે તે પણ ફ્રેન્ચનું છે, તે મળી પાંચ છે. આ લોકોના કારભાર માટે એક ગવર્નર જનરલ છે અને તે પોંડીચેરીમાં રહે છે.

આ ઇલાકામાં ગરમી વધારે રહે છે: દક્ષિણ ભાગમાં લોકો ઘણાં કપડાં પહેરી શકતા નથી, અને શરીરે ચંદન ચોપડે છે. કોઇ મળવા આવે ત્યારે સત્કારમાં ચંદનનો લેપ આપવાનો રિવાજ છે. સુખડ આ ભાગમાં પુષ્કળ થાય છે. તેમ ચા, બુંદ, સિંકોના અને ગરમ મશાલા પણ પુષ્કળ થાય છે.

એમ કહેછે કે સંસ્કૃત વિદ્યાએ જ્યારે કાશી છોડયું ત્યારે તે આ ભાગમાં આવીને રહી. આ વાત ઘણે અંશે ખરી છે. સંસ્કૃત ભાષાના અને તત્ત્વજ્ઞાનના ઘણા વિદ્વાનો આ ભાગમાં રહે છે. તેમ ધર્મની ભાવના પણ શ્રેષ્ઠ પ્રકારની છે. **કાંચીવરમ** નામના ગામમાં, શિવ કાંચી અને

વિષ્ણુ કાંચી, મદુરામાં મહાદેવનાં દહેરાંઓ અને શ્રીરંગમ જુનાં દહેરાં ભવ્ય, સુંદર અને શ્રદ્ધા ઉત્પન્ન કરે તેવાં છે. આ ભાગમાં રાંત કન્યાકુમારી તથા રામેશ્વરનો બેટ અને સેતુ એ હિન્દુઓનાં યાત્રાનાં ઠેકાણુ છે તમારે ત્યાંનાં મંદિરો દેખાવ અને ધર્મની વિષે વાંચવું હોય તો સૌ. સુમતિ નામનાં એક બાઇએ દક્ષિણ યા કરીને એક પુસ્તક લખ્યું છે તે વાંચી .

આ ઇલાકામાં નદીએ મુંબ ઇલાકાવાળીજ ગોદાવરી કૃષ્ણા છે. ત્રીજી કાવેરી એ એક મોટી નદી છે. ચીલકા, કોલર ીકટ એ ત્રણ સરોવરો છે. પણ તેમાંનાં ચીલકા અને પુલીકટ સાથે જોડાયેલાં હોઈ ખારાં પાણીવાળાં નીલગિરિ પર્વત છે. ગિરિનાં ચા અને સુંદર ખાગ બગીચા ઉંચા પ્રદેશ ઠંડ કરીને ગહેર છે, તે હવા ખાવા નું છે. મદ્રાસના સાહેબ ઉનાળામાં ત્યાં રહે છે

અંગ્રેજના હાથમાંનો જુનાં મથકોમાંનું મદ્રાસ એક છે, મદ્રાસમાં કોઠી નાખી તે પહેલાં દક્ષણમાં કોઠી હતી.

ફીરંગી લોકોનો વાસ્કોડા નામનો પુરુષ આવ્યો તે પહેલાં કાલીકટ બંદરે કોઈ હિન્દુસ્થાનમાં આવનારો હતો જ યુરોપીયન. તે બંદર ઇલાકામાં છે. મેંગલુર, કનાનુર, તેલીચરી એ બીજાં નાનાં બંદરો .

અરબી સમુદ્ર માંહેના લક્કદ નામના ટાપુઓનો સમૂહ મદ્રાસ ઇલાકામાં છે.

આ મદ્રાસ ઇલાકાના પશ્ચિમ ભાગમાં કુર્ગ નામનો પ્રાન્ત છે. નકશામાં તે શોધી કાઢો. આ પ્રાન્ત બહુ પહાડી છે. બુંદ અને એલચી અહિં સારાં થાય છે.

—

પ્રકરણ ૧૬ મું.

મધ્ય પ્રાન્ત, મધ્ય હિન્દ એજન્સિ, રજપુતાના કે રજપૂતસ્થાન, આગ્રા અને અયોધ્યા સંયુક્ત પ્રાન્તો.

મદ્રાસ ઇલાકાથી ઉત્તર–પશ્ચિમ ખુણામાં 'સેન્ટ્રલ પ્રોવિન્સીઝ' યાને '**મધ્ય પ્રાંત અને વરાડ**' છે. મધ્યપ્રાન્તોનો ઘણો ભાગ પહાડો અને જંગલોવાળો છે. નર્મદા તથા તાપી નદીઓ આ ભાગમાંથી નીકળે છે. **વિન્ધ્યાચળ અને સાતપુડા** એ બે પર્વતો મુખ્ય છે. વરાડ પ્રાન્ત ઘણોજ ફળદ્રુપ છે અને 'નાગપુરી સંતરાં' પણ જથાબંધ આ ભાગમાંજ થાય છે. કોયલાની તથા લોખંડની ખાણો આ ભાગમાં પુષ્કળ આવેલી છે. મુખ્ય શહેરોમાં **નાગપુર** છે, ત્યાંના ધોતી જોટા બહુ વખાણાતા હતા. **જબલપુર** પણ ઘઉંને માટે પ્રખ્યાત શહેર છે. આ ભાગમાં રૂ બહુ સારૂં અને પુષ્કળ થાય છે. આ વિભાગમાં દેશી રાજ્યો ઘણાં છે, પણ બધાં નાનાં નાનાં છે, તેમાં ઘણે ભાગે જંગલોજ છે, અને અનાર્ય પ્રજા રહે છે.

મધ્ય હિન્દ એજન્સી.

મોટાં મોટાં દેશી રાજ્યોનો જથ્થો એકઠો ગણી તેમને એક ભાગ જેવુંજ ગણવામાં આવ્યું છે. આ ભાગ હિન્દુસ્તાનના મધ્યભાગમાં હોવાથી તેને "મધ્ય હિન્દ એજન્સી" એવું નામ આપ્યું છે. નકશામાં જોવાથી જાણી શકશો કે તેમાં આવેલાં રાજ્યોમાં **સિંધીઆ** સરકારનું મોટું રાજ્ય છે. તેની રાજધાની **ગ્વાલિયર** છે અને જુનું 'ઉજ્જયિની' શહેર કે જેનાં માત્ર ખંડેરજ–હાલમાં ઉજ્જન ગામ પાસે છે તે છે. આ એજન્સિમાં બીજા રાજ્યો સાથે **હોલકરનું** રાજ્ય પણ છે. આ રાજ્યનું મુખ્ય શહેર '**ઇન્દોર**' અહલ્યાબાઇએ વસાવ્યું હતું. ઇન્દોર પાસે **મહુ** છે જ્યાં સુતર વણવાનું હાથનું કામ બહુ સારૂં થાય છે. **ભોપાળનું** રાજ્ય પણ આ એજન્સિમાં છે. આમાં મુસલમાની રાજ્ય છે. ખાસ નોંધ લેવા જેવું છે કે ભોપાળમાં બેગમ રાજ્ય ચલાવે છે.


એક બીજું **પન્નાનું** નાનું રાજ્ય છે. કે જે હીરાની ખાણોને માટે પ્રખ્યાત હતું. બી. બી. સી. આઈ રેલ્વેનું સ્ટેશન **રતલામ** પણ એક નાનાં દેશી રાજ્યનું મુખ્ય શહેર છે. તે પણ આજ એજન્સિમાં છે.

આ એજન્સિની હદ નકશામાં બરાબર જુઓ. ઉત્તરમાં જરા ખાંચો છે તે આગ્રા અને સંયુક્ત પ્રાન્તની હદ છે. ત્યારપછી પાછો બુંદેલખંડના નામથી ઓળખાતો મધ્ય હિન્દ એજન્સિનોજ ભાગ છે.

રજપુતાના–રજપૂતસ્થાન.

આ એજન્સિની પશ્ચિમે રજપુતાના એજન્સિ છે, કે જેમાં રજપુતોનાં દેશી રાજ્યો છે. આગળના વખતમાં તો રજપુતો–ક્ષત્રિયોજ રાજા હતા. તેઓ બહુજ શૂરા, સચ્ચાઈ અને સંપથી રહેનારા, અને ટેકીલા હતા. લડાયક જુસ્સો તેમનો એવો તો શ્રેષ્ટ હતો કે તેમના પરાક્રમની અને તેમનાં ઉંચા પ્રકારનાં શૂરત્વની બરોબરી કરી શકે તેવા લોકો દુનિયામાં હજી સુધી જનમ્યા નથી. ટૉડ સાહેબે લખેલું 'રાજસ્થાન' નામનું પુસ્તક તમારે બધાએ ખાસ વાંચવું જોઈએ. મેવાડની જાહોજલાલી, રાજસિંહ અને વીરબાળા, પૃથ્વીરાજ રાસા, પૃથ્વીરાજ ચૌહાણ વગેરેના નામથી લખાયેલાં પુસ્તકો પણ વાંચવા જેવાં છે. આ ઉપરથી ક્ષત્રિયોનું ખરૂં વીરત્વ અને તેમના ઉંચા ધર્મભાવનું ભાન થાય છે. રજપૂતો અડગ ટેક, અને સત્ય માટે આગ્રહઃ આ બે શ્રેષ્ઠ ગુણો માટે ખાસ પંકાયેલા છે. તેમજ રણસંગ્રામમાં મરવું એજ એમનું પુણ્ય કાર્ય ગણાતું. તેમનો લડાઈનો જુસ્સો એટલે બધો હતો કે, જ્યારે છેવટની કટાકટીનો મામલો હોય ત્યારે બધા 'કેસરીયાં' કરતા. 'કેસરીયાં' કરવામાં એવું કરે કે લડવાને તૈયાર થયેલા, પોતાનાં બૈરી છોકરાં માલ મીલકત બધાંને એકઠું કરી બાળી મૂકે, પછીકેસરના રંગથી રંગેલા વાધા–જામા કે ઝભ્ભા પહેરે, ઇષ્ટદેવનું નામ લઈ લડવા નીકળી પડે. પછી કાં તો જીત મેળવે અથવા જીત ન મેળવી શકે તો તમામ ત્યાં લડતા લડતા મરણ પામે.

આવા ઉગ્ર જોસવાળા રજપૂતો પણ કાળબળે નરમ પડયા. તેમનામાં કુસંપ પેઠો અને બીજાં કેટલાંક કારણો મળતાં હવે ક્ષત્રિઓનું રાજબળ ઓછું થઇ ગયું. છતાં પણ રજપુતાનામાં કોઈ કોઇ રાજ્યમાં અસર રહેલી માલમ પડે છે. બધા રાજપૂતોમાં સીસોદિયા શ્રેષ્ઠ ગણાતા. તેઓએ મુસલમાનોને નમ્યું આપ્યું નહોતું. આખર એકલા પડી ગયા અને નહિં ફાવ્યા તોપણ તેમની કડકાઇ હજુ ચાલુજ છે, અને પહેલાં લીધેલો ટેક પાળીને નામ રાખી રહ્યા છે. નેપાળના સ્વતંત્ર દેશી રાજ્યમાં સીસોદિયા રાજપૂતોનુંજ રાજ્ય છે. રજપુતાનામાં ઉદેપુરમાં સીસોદિયા રાજાઓ છે. ઉદેપુર એ તેમની નવી રાજધાની છે. જુનું રાજધાનીનું શહેર ચિતોડ હતું. જેનો કિલ્લો એટલો બધો મજબુત હતો કે દુશ્મનોને તે લેતાં જમાનાના જમાના મુશીબત વેઠવી પડી હતી. બીજાં રાજ્યોમાં જોધપુરનું છે–એ મારવાડનું રાજ્ય કહેવાય છે. ઉદેપુરનું રાજ્ય મેવાડનું રાજ્ય કહેવાય છે. તે તથા જયપુરનું એ બે મેવાડના કરતાં મોટાં છે. જયપુરમાં મકાનો, જુની કારીગરી, મારવાડનું


रजपुताना, आग्रा,
आउधना युनाइटेड प्रोविन्सीઝ,
सेंट्रल इंडीया एजन्सी,
अने सेंट्रल प्रोविन्सीઝ
माइलनुं प्रमाण
५० १०० १५०
७० ओ झी अनेमड्या
रजपुताना
जोधपुर
अजमेर
जयपुर
चीतोड
उदेपुर
मथुरा
आग्रा
हरद्वार
नैनीताल
आग्रा अने आउधना यु. प्रो.
गोगरा नदी
गंगा नदी
जमना नदी
ब्रह्मपुत्रा नदी
काशी
अल्हाबाद
ग्वालीयर
झान्सी
पन्ना
रतलाम
उज्जन
इंदोर
महु
भोपाल
जबलपुर
नर्मदा न.
तापी नदी
नागपुर
सेंट्रल प्रोविन्सीઝ
(मध्य प्रान्तो)

સંગ્રહસ્થાન, વેધશાળા વગેરે જોવા લાયક છે. હિન્દુસ્તાનનાં જૂનાં જોવાલાયક શહેરોમાંનું જયપુર એક છે. આ શહેરને યૂરોપમાં આવેલાં અને આખી દુનીયામાં મોજશોખને માટે અને સૌંદર્યને માટે પ્રખ્યાતિ પામેલા પારિસ શહેર સાથે સરખાવાય છે. વિકાનેર, ભરતપુર, બુંદી, કોટા, અલ્વર વગેરે બીજાં જાણવા લાયક રાજ્યો છે.

રજપુતાનાના મધ્ય ભાગમાં અરવલ્લીનો ડુંગર છે. ઉત્તર–પશ્ચિમ એટલે વાયવ્ય ખુણા તરફનો ભાગ તદ્દન રણનોજ પ્રદેશ છે. તે ભાગ તો તદ્દન વેરાન જ છે. દક્ષિણ–પશ્ચિમ એટલે નૈઋર્ત્યના ભાગપર જમીન કાંઈક સારી છે. પણ એકંદરે વરસાદ ઓછો, પાણીની મુશ્કેલી, શિયાળામાં અતિશય ટાઢ અને ઉનાળામાં અતિશય ગરમી, અને આવી સ્થિતિને લઈને ખેતી પણ નહિં જેવીજ છે. મરૂસ્થળી એટલે મારવાડ પાણીની તંગીને માટે તો ઉખાણામાં વપરાય છે.

ઉપજમાં ઘઉં જુવાર અને મકાઈ વિશેષ છે. સાંભર નામનું ખારા પાણીનું સરોવર છે, અને તેના પાણીમાંથી મીઠું પકવવામાં આવે છે. રણનો તેમજ રેતાળ અને સૂકો પ્રદેશ રહ્યો એટલે બીજાં જાનવરો કરતાં ઊંટ વધારે ઉપયોગી પ્રાણી બને છે. ઘણુંખરૂં કામ આ જે તરફ આપણે કે ઘોડા પાસે કરાવીએ છીએ, તે કામ ત્યાં ઊંટ પાસે કરાવે છે. ભાષા મારવાડી અને હિન્દી મુખ્ય છે.

જોધપુર રાજ્યના મકરાણા પરગણામાં ઉંચી જાતનો આરસ નીકળે છે, જેનું નામ પણ આ મકરાણા પરથીજ પડયું છે.

આ રજપુતાનામાં 'અજમેર મ્હેરવાડા' નામનો નાનો ભાગ અંગ્રેજ સરકારનો ખાલસા પ્રાન્ત છે. તેનું મુખ્ય શહેર અજમેર છે.

આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાન્તો.

હિન્દુસ્થાનમાં પવિત્રમાં પવિત્ર ગણાતું કાશી–બનારસ શહેર તથા શ્રી રામચંદ્રજીની પ્રખ્યાત જન્મભૂમિ અને રાજધાની અયોધ્યા નગર હતું તેની આસપાસનો બધો ભાગ આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતોના નામથી

ઓળખાય છે. પહેલાં અયોધ્યા ફૈઝાબાદ પાસે હતું. હવે તો તેનાં ખંડેરજ માત્ર છે. **આગ્રામાં** આખી દુનિયામાં વખાણાયેલી કારીગરીનો તાજ મહેલ છે. તે શાહજહાંન નામના મોગલ પાદશાહે બંધાવેલો છે. આમાં કારીગરી સાથે પૈસા પણ પુષ્કળ ખરચ્યા છે. સાચાં મોતી અને હીરા માણેકની કટકીઓનુંજ બધું કામ છે. આનો નમુનો મુંબઈમાં રાણી બાગમાંના મ્યુઝિયમમાં છે. **મથુરા** પણ હિન્દુઓનું જાત્રાનું ઠેકાણું છે. શ્રી કૃષ્ણે પોતાનું બચપણ ત્યાં ગાળ્યું હતું. ગરમ કપડાની અને ચામડાની મીલોવાળું **કાનપુર** શહેર નકશામાં શોધી કાઢો. ગંગા અને જમનાના સંગમ પર આવી રહેલું **પ્રયાગ** કે અલ્લાહાબાદ તથા ગંગાના મૂળ તરફ તથા તેની પાસે **હરદ્વાર, નૈનિતાલ** આ બધાં શહેરો આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાન્તોમાં આવેલાં છે. હરદ્વારમાં આર્ય સમાજીઓનું મોટું ગુરૂકુળ છે, અને સનાતનીઓનું પણ ઋષિકુળ છે. એમાં વિદ્યાર્થીઓને બ્રહ્મચર્ય પળાવી ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવામાં આવે છે.

બદરીનાથ, કેદારનાથ અને ગંગોત્રી એ ત્રણે જાત્રાનાં ઠેકાણાં હરદ્વાર પાસે છે. હરદ્વાર પાસે ગંગાજીનો પ્રવાહ એવો સુંદર છે કે, ત્યાં જનારાઓ કહે છે કે કલાકોના કલાકો સુધી ત્યાં જોયાજ કરીએ તોપણ ત્યાંથી ખસવાનું મન થાય નહિ! **નૈનિતાલ** હવા ખાવાનું ઠેકાણું છે. બીજું જાણવા લાયક **અલીગઢ** શહેર છે કે જેમાં મુસલમાનો માટે મોટી કોલેજ છે. તે પણ આજ વિભાગમાં છે. તે નકશામાં શોધી કાઢો. બનારસ—કાશીમાં હિન્દુઓ માટે ખાસ એક કોલેજ છે; તેમ **અલીગઢમાં** મુસલમાનો માટે છે. કાશી એ હિન્દુઓનું પવિત્રમાં પવિત્ર સ્થળ આ ભાગમાં છે; તે હિન્દુઓનું મોટામાં મોટું જાત્રાનું ઠેકાણું છે, અને જાત્રાળુઓની ધમાલ ત્યાં આખું વર્ષ ચાલુજ રહે છે. સંસ્કૃત વિદ્યાનું તે પહેલાં મુખ્ય સ્થળ હતું અને હજી પણ છે. કાશીને દહેરાંનુંજ શહેર કહીએ તો તે અતિશયોક્તિ કહી શકાશે નહિ, કારણ કે ત્યાં શેરીએ શેરીએ એટલાં દહેરાં છે કે આખા મોટા ગામમાં પણ ભાગ્યેજ તેટલાં હશે!

આ પ્રદેશમાં નદી ગંગા, **જમના** મુખ્ય છે. વરસાદ સાધારણ છે.

પણ ગંગા જમનાની નહેરોથી પેદાશ સારી છે. પેદાશમાં ગળી, સુરોખાર અને અફીણ જાણવા જેવી છે.

પ્રકરણ ૧૭ મું.

પંજાબ, વાયવ્ય સરહદનો પ્રાંત,


(નોર્થ વેસ્ટ ફ્રન્ટીયર પ્રોવિન્સ)

બલુચિસ્તાન અને કાશ્મીર.

પંજ=પાંચ, આબ=પાણી, આ બે શબ્દોથી બનેલો શબ્દ 'પંજાબ' છે. જે ભાગમાં પાંચ નદી ભેગી થવાથી પાંચ પાણી ભેગાં થાય છે, તે ભાગ તે **પંજાબ**. નકશામાં જુઓ. **જેલમ**, **ચિનાબ**, **રાવી**, **બિઆસ** અને **સતલજ** એ પાંચ નદીઓ બે કાશ્મીરમાંથી, બે હિમાલયમાંથી, અને એક હિમાલયના પેલી પારના ભાગમાંથી—તિબેટ નામના દેશમાંથી થઇને નીકળી આવે છે. આટલી બધી નદીઓ હોય એટલે પાણીની આપદા તો પડેજ નહિ અને ખેતીમાં પણ બહુ લાભ થાય. ઘઉં આ ભાગમાં પુષ્કળ થાય છે. અને તેનો ઘણોખરો બધો ભાગ પરદેશ ચડાવવામાં આવે છે.

આ વિભાગમાં સિંધવ નામનું મીઠું નીકળે છે. ફટકડી પણ આ ભાગમાં નીકળે છે. શાલને માટે પંજાબ બહુ વખાણાય છે, એ તો તમે જાણતા હશો.

આ ભાગમાં **દીલ્હી** આવેલું છે, નકશામાં તે શોધી કાઢો. હિન્દુસ્તાનમાં પરા પૂર્વથી દીલ્હી શહેનશાહો અને ચક્રવર્તી રાજાઓનું રાજધાનીનું શહેર ગણાતું આવ્યું છે. પાણીપત—હસ્તિનાપુર, સ્થાનેશ્વર, કુરૂક્ષેત્ર એ તેની આસપાસની જગાઓ છે. પહેલાં હતું તેવુંજ હવે પણ તે આખા હિન્દની રાજધાનીનું શહેર બન્યું છે. શહેનશાહ જ્યોર્જનો દરબાર ત્યાં ભરાયો હતો અને હવે નામદાર વાઇસરાય સાહેબ પણ ત્યાંજ રહે છે.


नोर्थ वेस्ट फ्रन्टीयर प्रोवीन्स
कश्मीर अने पंजाब
१०० १५० २०० १००
पेशावर
श्रीनगर
जम्मु
लाहोर
दिल्ही

બીજાં શહેરોમાં **લાહોર** મોટું છે, અને **અમૃતસર** શીખ લોકોનું જાત્રાનું ઠેકાણું છે. શીખ લોકો તમે જોયા હશે. શરીરે કદાવર અને લશ્કરી દેખાવના તે લોકોનું મૂળ સ્થાન પંજાબ છે. તેમાંથી ઘણાખરા લશ્કરી નોકરીમાં રહે છે.

સીમલા જે હિમાલયના એક ભાગ ઉપર આવેલું છે, તે ઉંચુ શિખર હોવાથી હવાખાવાના ઠેકાણા તરીકે પ્રખ્યાત છે. વાઈસરોય સાહેબ ઉનાળામાં ત્યાં રહે છે.

આ ભાગમાં **ભાવલપુર**નું મુસલમાની રાજ્ય અને **પતિઆલા**નું શીખ રાજ્ય એ બે મોટા દેશી રાજ્યો છે.

વાયવ્ય સરહદનો પ્રાન્ત.

(નોર્થ વેસ્ટ ફ્રાન્ટીયર પ્રોવિન્સ)

પંજાબ પ્રાન્તની પશ્ચિમે પહાડી મુલક છે અને તેમાં પઠાણ જાતના મુસલમાનો રહે છે. આ પહાડી મુલકમમાં થઇને હિન્દુસ્થાનમાં દાખલ થવાનો **ખાઇબર** ઘાટ નામનો *ઘાટ છે. હિન્દુસ્થાનની સીમામાં ઘણે ભાગે ફરતો દરિયો છે. દરિયો નથી ત્યાં ડુંગરો-પર્વતો છે. આથી બંદરો હાથ રાખ્યાં હોય તો પર મુલકના લોકો તેમાં પેસી શકે નહિ એવું છે; તો પણ ડુંગરોમાં કંઇ કંઇ રસ્તા છે ખરા. આમાં મુખ્ય ખાઈબર ઘાટ છે, એટલે તે રસ્તો પણ દુશ્મનોને રોકવા માટે બંધ કરવોજ જોઇએ. આ રસ્તામાં રક્ષણ માટે લશ્કર રહે છે.

મુખ્ય શહેર **પેશાવર** છે, એડવર્ડસાબાદ, ઍબટાબાદ નામનાં શહેરો અંગ્રેજોના નામ પરથી પડેલાં છે. સિંધમાં તેવું જેકોબાબાદ જાણ્યું છે તેવાંજ આ બે નામ છે.

બલુચિસ્તાન.

આ ભાગની દક્ષિણે બલુચિસ્તાનનો અંગ્રેજ સરકારનો મુલક છે. બલુચિસ્તાન તો જુદો દેશ જ છે, આનો થોડો ભાગ અંગ્રેજોના હાથમાં

---

* ડુંગરમાંથી જવાનો માર્ગ હોય તેને 'ઘાટ' કહે છે.

છે અને તે હિન્દના બ્રિટિશ મુલક સાથેનોજ ગણાય છે, આનું મુખ્ય શહેર ક્વેટા છે. હિંદુસ્થાનમાં આવનારો ડુંગરી માર્ગ બોલનઘાટ આ ભાગમાં છે. ક્વેટા સુધી રેલ્વે જાય છે.

બલુચિસ્તાનનો બાકીનો મુલક દેશી રાજાના તાબાનો છે. રાજા મુસલમાન છે અને ખાન કહેવાય છે. રાજધાનીનું શહેર ખિલાત છે.

આ ભાગ પણ પહાડી જ છે અને શિયાળામાં બહુ ઠંડી અને ઉનાળામાં બહુ ગરમી પડે છે. હિન્દુસ્થાનમાં વધારેમાં વધારે ગરમી આ પ્રદેશના ભાગમાં પડે છે.

કાશ્મીર,

સાથેના નકશામાં આપેલા દેશોમાંથી એકની વાત રહી છે. જુઓ, પંજાબ, સરહદનો પ્રાન્ત અને બલુચિસ્તાન, ઉપરાંત બીજો કયો દેશ તે નકશામાં આપ્યો છે? વાંચી શકો છો? એ બહુ ડુંગરાઉ પ્રદેશ છે, પણ તે બહુજ સુંદર દેશ છે. શિખરો પર બરફ રહે છે. નદીયો પર બરફ જામી જાય છે. તે પ્રદેશ બહુ ઉંચો પ્રદેશ છે ઠંડી પણ સારી રહે છે. શિયાળામાં તો લોકો ગળામાં એક સગડી પહેરી રાખે છે! ત્યાંની સાલ બહુ વખાણાય છે. કેસર પણ ત્યાં થાય છે. ફુલો તો ત્યાં એટલાં બધાં અને જુદી જુદી જાતનાં થાય છે કે જોનારાઓ ખુશ ખુશજ થઇ જાય.

રસ્તાઓ ગણીવાર ફુલોથી ખરેખર ઢંકાઇ ગયેલાજ બની જાય છે! કલાપી નામના પ્રખ્યાત કવિ અને લેખકે તેને સ્વર્ગનું નામ આપ્યું છે, એ તો ગયે વરસે તમે શીખી ગયા છો. આવો આ દેશ તે કાશ્મીર છે. તે દેશી રાજાના તાબામાં છે. રાજાઓ રજપૂત છે. લોકો ઘણે ભાગે રજપૂત હિન્દુ, અને કેટલાક મુસલમાન અને બૌદ્ધ ધર્મી છે. તેનું મુખ્ય શહેર 'શ્રીનગર' છે. તે શહેર નદીમાં વસેલું છે. એટલે કે ગામમાં એક જગાએથી બીજી જગાએ જવું હોય તો

હોડીમાં બેસીને જ જવું જોઇએ ! કેવું નવાઈ જેવું શહેર ! આપણે અહિં જેમ સડક છે, તેમ ત્યાં ઘર ઘરની વચ્ચે પાણી વહેતુ હોય છે ! પહેલાં તો કાશ્મીરમાં જવું બહુ મુશ્કેલ હતું, પણ હવે હળવે હળવે સગવડો વધતી જાય છે. હિન્દુસ્થાનમાં જે જે જોવા લાયક સ્થળો છે, તેમાં કાશ્મીર એ શ્રેષ્ઠ છે.


પ્રકરણ ૧૮ મું.

બિહાર અને ઓરિસ્સા પ્રાન્ત અને બંગાળા ઇલ્લાકો.

જેમાં **પુરી** નામથી ઓળખાતું **જગન્નાથપુરી** નામનું હિન્દુઓનું જાત્રાનું ઠેકાણું છે, તે ભાગને **ઓરિસ્સા** કહે છે, અને **ઓરિસ્સા** ને **બિહાર** મળીને એક પ્રાન્ત ગણાય છે. જગન્નાથપુરીની એક હકીકત જાણવા જેવી છે. ત્યાં નાત-જાતના ભેદ પાળવામાં આવતા નથી, અને ગમે તે લોક ગમે તેના હાથનું ખાય છે, એટલુંજ નહિ, પણ ખાવુંજ જોઇએ એવી માન્યતા છે. બ્રાહ્મણ, વાણીયા, ક્ષત્રિય, શૂદ્ર બધા એક ભાણે જમી શકે એ ત્યાં પ્રત્યક્ષ થાય છે. જાત્રાએ જનારા બધાએ એકજ ભાણે ખાવુંજ જોઇએ એવું ધોરણ છે. તે ભાગમાં બીજું શહેર **મહા નદી** પર **કટક** છે. ત્યાંનું રૂપાનું કામ બહુ વખણાય છે.

ઓરિસ્સાની પાસે ઉત્તરમાં છોટાનાગપુરનો ડુંગરાઉ પ્રદેશ છે. તેમાં **પારસનાથનું** શિખર જૈન લોકોનું જાત્રાનું ઠેકાણું છે. **'ઝરીયા'** નામની કોલસાની ખાણો આ ભાગમાં છે, જે બંગાળા ઇલાકાની **રાણીગંજ**ની ખાણોની સાથે હવે હરિફાઈ કરે તેવી થતી જાય છે. છોટાનાગપુરમાં મોટામાં મોટું શહેર **રાંચી** છે. ઓરિસ્સા અને છોટાનાગપુરમાં નાનાં દેશી રાજ્યો ઘણાં છે.

તેજ નકશામાં છોટાનાગપુરને લગતો **બહાર** નામનો પ્રાન્ત છે તે જુઓ. બિહાર કે બહાર નામ વિહાર ઉપરથી પડયું છે, બૌદ્ધ લોકોના સાધુઓના મઠને **વિહાર** કહે છે. આ વિભાગમાં બૌદ્ધ લોકો


बंगाळा इलाको अने,
बिहार ओरिस्सा प्रांतो
बिहार
अने
ओरिस्सा प्रांतो

બહુ રહેતા હશે અને તેમના ધર્મગુરૂઓ પણ અહિં ઘણા રહેતા હશે; એટલે આખા ભાગનું નામ બિહાર પડી ગયું હશે. એમ અટકળ થાય છે. પ્રાચીન કાળમાં ' મગધ ' ના નામથી આ ભાગ ઓળખાતો. ત્યાંની ભાષા ' માગધી ' હતી. આ ભાષામાં જૈન અને બૌદ્ધ લોકોનાં કેટલાંક ધર્મ પુસ્તકો લખાયાં છે. **પટણા** નામનું શહેર શોણ, ગોગ્રા અને ગંડકી એ ત્રણ નદીના સંગમ પર આવેલું છે. મગધ રાજની રાજધાની ફલગુ નદીને કાંઠે આવેલું હતું ત્યારે તેનું નામ ' પાટલી પુત્ર ' હતું. બીજાં ગામોમાં **ગયા** હિન્દુઓનું જાત્રાનું ઠેકાણું છે. હિન્દુઓમાં એવું મનાય છે કે ગયામાં શ્રાદ્ધ કરવાથી બધા પિતૃઓનો મોક્ષ થઇ જાય છે. ગયામાં બૌદ્ધ ધર્મનાં દેવાલયોનાં ઘણાં ખંડેરો છે.

બંગાળા ઈલાકો.

બિહાર અને ઑરિસ્સા પ્રાન્તનો નકશો છે, એની જોડેજ બંગાળા ઇલાકાનો નકશો આપ્યો છે તે જુઓ. તે ઇલાકાનું મુખ્ય શહેર **કલકત્તા** છે. તે થોડા વખત ઉપર હિન્દુસ્થાનની રાજધાનીનું શહેર હતું. અંગ્રેજ સરકારને પહેલો મુલક આ ભાગમાં મળ્યો હતો અને તેથી તેમનાં રાજ્યની અસર આ ભાગમાં સૌથી વધારે છે.

રાણીગંજની કોલસાની મોટી ખાણો આ ભાગમાં છે, જ્યાંથી નીકળતો કોલસો હિન્દુસ્થાનના ઘણા ભાગમાં વપરાય છે. કારખાનાંઓ માટે કોલસો બહુ જરૂરનો છે. દેશની આબાદીનો આધાર જેમ ખેતી ઉપર છે તેમ કોલસા ઉપર પણ છે. કોલસાની ખાણો ખોદાયા પછી રાણીગંજ અને તેની પાસ પાસેનો ભાગ બહુ વસ્તીવાળો થયો છે.

આ ભાગમાં **ડાક્કા** કે **ઢાકા** નામનું એક મોટું શહેર છે. તે પહેલાં મલમલ માટે બહુ વખણાતું હતું. ત્યાંના કારીગરો એવી ઉંચી જાતનું મલમલ હાથથી વણુતા કે તેના જેવું સરસ મલમલ હાલની ઉંચામાં ઉંચી કારીગરી પણ બનાવી શક્તી નથી. યુરોપની શોખીન પ્રજામાંની રોમના રાજાની રાણીઓ આજ મલમલ વાપરતી હતી. સંચાકામની સાથે તે કારીગરો હરિફાઈમાં ટકી શક્યા નહિ અને બીજાં પણ કારણોથી પહેલાં થતું હતું તેવું કામ હવે થતું નથી.

આ ઇલાકામાં બીજાં જાણવા જેવાં શહેરોમાં **દાર્જીલીંગ** છે. આ હવાખાવાનું ઠેકાણું છે. તે હિમાલય ઉપર આવેલું છે.


કલકત્તાની પાસે હાઉરા કરીને ગામ છે. તેની અને કલકત્તાની વચ્ચે મચ્છવાઓનો બનાવેલો એક તરતો પૂલ છે.

આ ઇલાકાની ભાષા **બંગાળી** છે જેને 'બંગલા' કહે છે. તે ભાષા બહુજ ખેડાયેલી છે, અને કવિતા, નવલકથા, ઇતિહાસ વગેરે દરેક વિષયનાં સંખ્યાબંધ સારાં સારાં પુસ્તકો તે ભાષામાં લખાયેલાં છે, અને હજુ લખાય છે. તેના એક લખનાર 'રવીન્દ્રનાથ ટાગોર' ની કદર યુરોપે પણ કરી છે અને ઉત્તમ લેખક તરીકે તેમને લગભગ સવાલાખ રૂપીઆનું ઇનામ પણ મળ્યું છે. દેશના સારા પુત્ર પોતાના દેશને આખી દુનિયામાં પ્રખ્યાત કરે છે તે આનું નામ. આ ભાગમાં અંગ્રેજોના સહવાસથી ઈંગ્રેજી ભાષા ઘણી પ્રચલિત થઇ ગઇ છે.

ગંગા નદીના જુદા જુદા ફાંટા થઇ જાય છે તે જુઓ. તે ભાગમાં સુંદરી નામનાં ઝાડનાં વન છે તેથી તેને 'સુંદર બન' કહે છે.

ઇલાકાની દક્ષિણે બંગાળાનો ઉપસાગર આવેલો છે, અને ઉત્તરે હિમાલયનો ભાગ છે. પૂર્વ પશ્ચિમ હિન્દુસ્થાનના બીજા ભાગો છે તે જુઓ.

ફ્રેન્ચ લોકોનું **ચંદ્રનગર** આ ઇલાકામાં આવેલું છે. ઉત્તરે **સિક્કિમ** તથા **કુચ** બિહાર એ બે મુખ્ય દેશી રાજ્યો આ ઇલાકાને તાબે છે.


মণিপুর
ব্রহ্মদেশ এবং আসাম

પ્રકરણ ૧૯ મું.

નેપાળ-ભૂતાન,

આ બંને દેશી સ્વતંત્ર રાજ્યો છે.

નેપાળનું મુખ્ય શહેર **ખટમંડુ** છે. ત્યાંના રાજા સિસોદીઆ રજપૂત છે એ તો કહ્યું છે. ગુરખા નામના જાણીતા લડાયક લોકો ત્યાંના વતની છે. ધવલગિરિ અને એવરેસ્ટ એ હિમાલયનાં ઉંચાં શિખરો આ દેશમાં છે.

ભૂતાનનાં રાજ્યનું શહેર **પુનાખા** છે. આ મુલક બધો પહાડી છે. બ્રિટીશ રૈયત પર જુલમ કરવાનાં વાંક માટે આ રાજ્યનો કેટલોક મુલક ઇ૦ સ૦ ૧૮૬૩ માં ખાલસા કરવામાં આવ્યો હતો.

પ્રકરણ ૨૦ મું.

આસામ અને બ્રહ્મદેશ.

૬૯ મે પાને નકશામાં આસામ પ્રાન્ત જુઓ. તેના ઉપરી ચીફ કમીસ્નર છે. હિમાલયની લંબાઈને આવેલી ટેકરીઓથી ભરપૂર છે. ખીણોમાં ચા ઘણી સારી થાય છે. ખાસીહિલ્સ નામની ટેકરીપર **શીલોંગમાં** ઉનાળામાં કમીસ્નર સાહેબ રહે છે. મોટામાં મોટું શહેર **શીલહટ** છે. બ્રહ્મપુત્રા પર **ગૌહત્તી** એ પ્રાન્તનું મુખ્ય શહેર છે. **ચેરાપુંજી** પણ એક ટેકરી ઉપર છે. તેમાં આખા હિન્દુસ્થાનમાં સૌથી વધારેમાં વધારે વરસાદ પડે છે.

તે પ્રાન્તમાં **મણિપુર** નામનું દેશી હિન્દુ રાજ્ય છે. ત્યાંના પહાડોમાં હાથીઓ વસે છે અને રબરનાં ઝાડ પણ તે રાજ્યમાં ઘણાં થાય છે.

બ્રહ્મદેશમાં લેફ્ટન્ટ ગવર્નર છે. નકશામાં તેની હદ જુઓ. તેમાં આરાકાનયોમા અને પેગુયોમા એ બે પર્વતો છે. મુલક બધો પહાડી છે. નદીઓમાં મુખ્ય **ઇરાવદી** છે. આ નદીની આસપાસ કેરોસીન તેલ નીકળે છે. બ્રહ્મદેશમાં કેરોસીન ઉપરાંત ચોખા પણ થાય છે.

જે ચોખાને આપણે રંગુની કે હલવો કહીએ છીએ. તે ઉપરાંત બ્રહ્મદેશ-માંથી અહિં સાગનાં લાકડાં પુષ્કળ આવે છે. તેનો વેપાર **મોલમૈનમાં** છે. મોલમૈનનો સાગ ઉંચામાં ઉંચો ગણાય છે. **એક્યાબ** એ ચોખાના વેપારનું મોટું સ્થળ છે.

રંગુન મુખ્ય શહેર છે. દરીયાથી ૨૧ માઈલ દૂર છે. પણ રંગુન નદી મુખ આગળ મોટી હોવાથી રંગુન બંદર છે, અને હિન્દુસ્થાનમાં તે ત્રીજા નંબરનું ગણાય છે.

બ્રહ્મદેશમાં પહેલાં દેશી રાજા હતા, રાજધાનીનું શહેર **માંડલે** હતું. ઇ૦ સ૦ ૧૮૮૬ પછી ત્યાંના રાજાને અંગ્રેજ સરકારે પદભ્રષ્ટ કરી બધો મુલક ખાલસા કરી લીધો.

આંદામાન ને **નિકોબારના** ટાપુ પર પણ એક કમીશ્નર નિમવામાં આવે છે. તે ટાપુ નકશામાં આપ્યા છે તે જુઓ. બહુ મોટો ગુન્હો કર્યો હોય તેવાને કાળે પાણીએ મોકલે છે તે જાણો છો? જેને કાળા પાણીની સજા થઇ હોય તેને આ ટાપુમાં આંદામાનમાં રાખે છે.

પ્રકરણ ૨૧ મું.

હિન્દુસ્થાન.

રેલ્વે,—જાત્રાનાં ઠેકાણાં.

પહેલાં એક ગામથી બીજે ગામ જવું હોય તો બહુ મુશ્કેલી પડતી; વખત બહુ જતો; વચ્ચે લુટારા વગેરેનો ભય રહેતો, ખાવા પીવાને માટે પણ બહુ આપદા વેઠવી પડતી. આ કારણોથી તે સમયે જાત્રા કરવી એ મુશ્કેલીનું કામ ગણાતું. સાથે જાણવું જરૂરનું છે કે તે વખતે હાલના કરતાં જાત્રાની ભાવના પણ વિશેષ રહેતી. તે વખતે જેની પાસે બહુ પૈસો હોય, રાજદરબારની સારી મદદ હોય તેજ લોકો જઈ શકતા, અને એક મોટો માણસ જતો હોય તેની સાથે બીજા પણ મળી જતા અને મોટો 'સંઘ' બની જતો.


મોટી નદીઓ ઉપર પૂલ નહિ હોવાથી વધારે આપદા પડતી. રાજાઓ જેમ સુધારાનો વિચાર કરતા ગયા, તેમ તેમ રસ્તાઓ સુધારતા ગયા. ઘણા જુના વખતથી જ સડકો બંધાવવાનો રિવાજ ચાલુ હતો; તેની એક મોટી સડક કલકત્તાથી લાહોર સુધીની બંધાયેલી જાણવામાં છે. અંગ્રેજ સરકારના વખતમાં તો આવી સડકો બહુ વધવા લાગી, અને હવે તો ઘણાં ખરાં ગામો વચ્ચે બાંધેલી સડક, નદીઓ ઉપર પૂલો અને વચ્ચે વચ્ચે સિપાઇઓનાં થાણાં વગેરે સગવડ થઈ ગઈ છે.

તે કરતાં પણ વધારે સારી સગવડ રેલ ગાડીની છે. સાથેના નકશામાં હિન્દુસ્થાનમાંની મોટી મોટી રેલ સડકો બતાવી છે તે જુઓ, રેલથી થોડે ખર્ચે, થોડા વખતમાં, વગર મુશીબતે, સહેલાઈથી, આનંદ કરતાં કરતાં મુસાફરી કરી શકાય છે. રેલને લીધે વળી કેટલાંક નાનાં નાનાં ગામો આબાદ થઇ ગયાં છે. મોટું જંકશન હોય તેની નજીકનું ગામ મોટું થઇ જાય. પહેલાં મહેસાણા, આણંદ એ કંઇ બહુ મોટાં ગામ ન હતાં, પણ રેલ્વેનાં જંકશનો થવાથી તે જાણીતાં થયાં અને આબાદ થવા પામ્યાં. તેમજ ભુસાવળ, મનમાડ, ઈટારશી, રાંચી, વગેરે ઘણાં નાનાં ગામો રેલ્વેને લીધેજ પ્રખ્યાત થયાં છે. વળી રેલ્વેને લીધે કારખાનાં વધ્યાં છે. જ્યાં રેલ્વેનાં કારખાનાં હોય ત્યાં વસ્તી વધે, વેપાર વધે, અને ગામ પણ આબાદ થાય. મુંબાઇમાં પરેલ નાનું સરખું ગામડું હતું, પણ રેલ્વેનું કારખાનું થયા પછી તે બહુ વસી ગયું. તેમજ માટુંગા હમણાં સુધી બહુજ નાનું હતું, પણ ત્યાં રેલ્વેનાં કારખાનાં થયા પછી વધવા લાગ્યું છે.

રેલ્વેથી ગામ ગામનું અંતર ઓછું થાય છે અને થોડી મુદતમાં ઘણી મુસાફરી કરાય છે, તેથી કેમ જાણે આપણી જીંદગી વધતી હોય નહિં, એવો ભાસ લાગે છે!

જુઓ, તે નકશામાંજ હવા ખાવાનાં ઉત્તમ ઠેકાણાં બતાવ્યાં છે. ત્યાં જવું હોય તો કેવી રીતે જવાશે તે કહી શકશો?

ચાલો, થોડાંક સ્થળોની આપણે મુસાફરી કરીએ. **અમદાવાદથી** નીકળીએ અને પહેલાં **આબુ** પર્વત જઇએ. આપણે આર. **એમ.**


हिंदुस्थान
माइलनु प्रमाण
अफगानीस्तान
टीबेट
पेशावर
मरी
कोटा
सक्कर
दिल्ही
करांची
आबु
बनारस
गया
दार्जीलींग
कलकत्ता
धोरका
पालीताणा
सुरत
वडोदरा
भुसावल
नाशिक
मुंबई
माथेरान
महाबलेश्वर
एडनथी मुंबई
एडनथी करांची
बंगालानो उपसागर
रंगुन
गोवा
मद्रास
उटाकमंड
कोलंबो
एडनथी कोलंबो
हिंदी महासागर
जोशी अने पंड्या

આર. ની મીટર ગેઇજની ગાડીમાં બેસવું જોઇએ. અમદાવાદથી સવારે ૮।। વાગે મેલમાં ઉપડીએ તો, મહેસાણા પાલણપુર થઇ બપોરે દોઢ વાગે આબુરોડ સ્ટેશને ઉતરાય છે. ત્યાંથી પછી આબુ પર્વત ઉપર જવાય. આબુ પર્વત હવા ખાવાના ઠેકાણા તરીકે અને જૈનના દહેરાં માટે પ્રખ્યાત છે.

હવા ખાવાનાં પર્વત પરના ઠેકાણામાં મુંબાઈ ઇલાકામાં માથેરાન અને મહાબળેશ્વર એ બે બહુ જાણીતાં છે.

માથેરાન જવું હોય તો મુંબઇ જઇ, ત્યાંથી પુણા તરફની ગાડીમાં બેસી નેરળ સ્ટેશને ઉતરવું પડે છે. ત્યાંથી બીજી એક નાની 'સ્ટીમ રેલ્વે' માથેરાનની ટેકરીની ઉપર જાય છે. તે રેલની મુસાફરી નવાઇ પમાડે તેવી છે. નાના ડબ્બા અને તે પણ ત્રણ કે ચારજ, નાનું નાજુક એન્જીન, અને ટેકરીની કોર ઉપર ગોળ ગોળ ચકર મારતી ગાડી; સામે ટેકરીઓનો ઝાડ પાનથી ભરેલો દેખાવ; ઉંચે સુંદર શિખરો અને નીચે જોઇએ તો ઉંડી ઉંડી ખીણો અને ટેકરીઓ માલુમ પડે છે! આ બધું ખરેખર ખુશકારક અને મનને આનંદદાયક લાગે છે.

મહાબળેશ્વર પણ મુંબઇ થઇનેજ જવાય. મુંબઈથી પુણાવાળી ગાડીમાં બેસી, પુણાથી પણ આગળ જતાં **વઠાર** સ્ટેશન આવે છે ત્યાં ઉતરવું જોઇએ. મુંબઇથી ત્યાં પહોંચવાને દશેક કલાક જોઇએ. વડારથી મહાબળેશ્વર જવા માટે હવે તો મોટરો થઇ છે. મહાબળેશ્વરમાં તો ઉનાળામાં પણ બહુ ઠંડી રહે છે. ઇંગ્લાંડમાં બહુ વખણાતાં સ્ટ્રૉબેરી અને રાસ્પબેરી નામનાં ફળ મહાબળેશ્વર પર પુષ્કળ થાય છે. મહાબળેશ્વરની પાસેજ '**પાંચઘણી**'—પંચગની પણ હવા ખાવાનું ઠેકાણું છે.

ઉપર ગણાવ્યાં તે પર્વત પરનાં હવા ખાવાનાં ઠેકાણાં થયાં. દરિયા કાંઠે ઉનાળામાં ઠંડી રહેવાને લીધે દરિયા કાંઠે પણ તેવાં ઠેકાણાં હોય છે. સુરત પાસે ડુમસ, જામનગર પાસે બાલાચડી, નવસારી પાસે તીથલ, ભાવનગરના રાજ્યમાં આવેલું ગોપનાથ એ તેવાં ઠેકાણાં છે.

ટેકરી પરનાં તેવાં ઠેકાણામાં બીજાં બે ચારેક જાણવા જેવાં છે.

ઉત્તર હિન્દુસ્થાનમાં **સીમલા**—ત્યાંથી હિમાલયનાં બરફથી ઢંકાયેલાં શિખરો સુંદર દેખાવ આપી રહે છે. તે દીલ્હીથી ઉત્તરે લગભગ ૨૨૦ માઈલને છેટે છે. મુંબઈથી 'પંજાબ મેલ' રેલ ગાડી ત્યાં લગભગ બાવીસ કલાકે પહોંચે છે.

હિન્દુસ્થાનના ઉત્તર–પશ્ચિમ ખુણામાં **મરી** છે એ પણ હવા ખાવાનું ઠેકાણું છે તથા બંગાળા ઇલાકામાં કલકત્તાથી ઉત્તરે **દારજીલીંગ** છે તે પણ હવા ખાવાનું ઠેકાણું છે. મદ્રાસ ઇલાકામાં **ઉટાકામંડ** નીલગિર પર્વત પર છે. આ બધાં પર્વત પરનાં હવા ખાવાનાં ઠેકાણાં છે.

સીમલા, દારજીલીંગ, નૈનિતાલ વગેરે જે પર્વત પર છે તે દુનિયામાં મોટામાં મોટો **હિમાલય** પર્વત છે તે પર્વત હિદુસ્થાનની ઉત્તરે લાંબો પડેલો છે. તેનું નામ હિમાલય એટલે હિમનું આલય (રહેવાનું ઠેકાણું) છે. એ પરથી તમે જાણી શકશો કે, તેનાં ઉંચાં શિખરો પર હમેશાં બરફ રહે છે. ઉચામાં ઉંચુ શિખર **ગૌરીશંકર** છે. ધવલગિરિ અને **કંચનજંગા** એ બે પણ ઉંચાં શિખરો છે. તેના પરનું **માન** સરોવર કુદરતી સૌંદર્યનો ઉત્તમ નમુનો છે. ત્યાં પહોંચવું બહુ કઠણ છે—એટલી બધી થંડી લાગે છે કે કાંઇ કહેવાની જ વાત નહિં. આગ્રહી મુસાફરોમાંથી કોઇ કોઇ ત્યાં પહોંચ્યા છે ગુજરાતીમાં તેનું વર્ણન જોઇએ તેવું નથી. મરાઠીમાં **માનસ સરોવર દર્શન** નામનું એક બહુ સારૂં પુસ્તક છે.

હિન્દુઓનાં, જૈનોનાં અને મુસલમાનોનાં કેટલાંક જાત્રાનાં ઠેકાણાંઓ રેલથી જોડાઈ ગયાં છે. મુંબઇ ઇલાકામાં તો તમે જાણ્યાં છે. હિન્દુઓનાં મોટાં મોટાં સ્થળોમાં કાશી, પ્રયાગ, ગયા, જગન્નાથપુરી, અને રામેશ્વર ગણાય છે. વૈષ્ણવો ગોકુળ, મથુરાં અને પુષ્કરજીને પણ જાત્રાનાં ઠેકાણાં ગણે છે અને રામાનુજ સંપ્રદાયના વૈષ્ણવો **મદુરા** પણ ગણે છે. ૭૪–૭૫ મે પાને આપેલા નકશામાં તે બધાં આપ્યાં છે, તે જુઓ. અને સ્કેલ પરથી માપી તમારા રહેવાના ગામથી તે કેટલે દૂર છે તે શોધી કાઢો. જૈનોનાંમાં છોટા ઉદેપુરમાં પારસનાથની ટેકરી છે તે મોટામાં મેટું છે.

ગંગા નદીનો હરદ્વાર પાસેનો દેખાવ બહુજ આકર્ષક છે, અને રામેશ્વર પાસેનો દરિયાનો દેખાવ પણ બહુ રમણીય લાગે છે. જાત્રાનાં

ઠેકાણુામાં ઘણું કરીને કાંઇ કાંઇ કુદરતી સૌન્દર્ય હોય છે. પ્રયાગ પાસે ગંગા જમના મળે છે, ત્યાં કેટલેક સુધી તો તે બંને નદીના પ્રવાહ મળેલા હોવા છતાં બે રંગના છૂટા પાટા જેવા ભાગ જુદાજ પડી રહે છે. ગંગાનાં પાણી સફેદ અને જમનાનાં કાળાં છે, તેથી તે જગાનો દેખાવ બહુ સુંદર લાગે છે. હિન્દુસ્થાનમાં કુદરતી સૌન્દર્ય અનેક જગાએ નજરે પડે છે. મોટી નદીઓ, તેમાંના ધોધ, ટેકરીઓ, તે પરની લીલોતરી, ખુશનુમા હવા, દરિયાના કાંઠા પાસેનો મનભર દેખાવ, જંગલ અને વનની સમૃદ્ધિ, અને કોઇ કોઇ જગાએ તો ઉજ્જડ ધારોડ પ્રદેશની કંઈ ઓરજ પ્રતિની ખુબીઃ એ બધું ઠેકઠેકાણે માલમ પડે છે. તે બધામાં કાશ્મીરની મઝા તો ઓરજ છે. ઈંદ્રનું નંદનવન જેવું વર્ણવવામાં આવે છે, તેવુંજ ત્યાં આબેહુબ માલમ પડે છે.

હિમાલયની અનહદ સૌન્દર્યસામગ્રીને દુનિયામાંની કોઇ પણ જગા હઠાવી શકે તેવી નથી. આવો સુંદર, અનેક જાતની અનુપમ ખુબીઓથી પરિપૂર્ણ આપણો આ હિન્દુસ્ગાન કુદરતી સૌન્દર્યમાં બીજા બલા દેશોને હઠાવે તેવો છે. કુદરતી સૌન્દર્યમાંજ તેમ છે, એમ નથી, પણ મનુષ્યની કરેલી કારીગરીમાં પણ એક વખત એવો હતો કે હાલની સુધરેલી કારીગરી પણ તે વખતના કામ આગળ હલકી પડે. હાલની રેલ ગાડીઓ, પૂલો, ડુંગરાઓને ખોદી તેમાંથી સોંસરી કરેલી રેલની સડકો, ટેકરીઓ પર રેલવે ચઢાવવાની અજબ કરામતો, મોટાં મોટાં વહાણો, આગબોટો, લડાઇનાં હથિયારો વગેરે જોઇએ ત્યારે આપણે દિગ્મૂઢ બની જઇએ. પરંતુ હિન્દુસ્તાનની હજારો વર્ષ પહેલાંની કારીગરીના ટકી રહેલા નમુનાઓ જોઇએ છીએ, તો આપણે જાણી શકીએ છીએ કે, હાલના વખતમાં પણ વિસ્મય પમાડે તેવી કરામત આગળના લોકોના હાથમાં હતી.

કુતુબુદ્દીન બાદશાહે ચણાવેલો **કુતુબ મિનાર** એટલો ઉંચો અને મજબુત છે, કે દુનિઆમાં થોડા જ મીનારા તેની સાથે સરખાવી શકાય, શાહજહાંન બાદશાહે કરાવેલો ‘ તાજ મહાલ ’ જોઇને તો બધી પ્રજા આશ્ચર્યચકિતજ બની રહે છે. એવી ઝીણી કારીગરી, કળાની એવી સુંદર કૃતિઓ, અને પૈસાની, હીરા મોતીની, માણેકની એવી તો છાકમ

છોળ નજરે પડે છે કે, તે વખતની કળા કુશળતા, કારીગરીની હુશિયારી અને જાહોજલાલીનો ખ્યાલ પણ આપણા મગજમાં પેસી શકતો નથી !

આ ઉપરાંત બ્રાહ્મણો, બૌદ્ધો, અને જૈનોએ ઠેકઠેકાણે ગુફાઓ અને તેની અંદર ચિત્રો બનાવેલાં છે, તે પણ આખી દુનિયામાં અદ્વિતીયજ—એટલે જેનો જોટો આખી દુનિયામાં બીજે ન મળે તેવાં—છે. તેવી ગુફાઓમાં મુંબઇ ઇલાકામાંની કનેરીની, અંધેરીની, કાર્લીની, ધારાપુરીની, ગુફાઓની વાત થઇ ગઇ છે. અજીન્ટા વિષે તથા ઈલોરા વિષે પણ કહેવાઇ ગયું છે. નિઝામ સરકારના દોલતાબાદ નગરથી ઈલોરા જવાય છે. તે ગુફાઓ સૌથી મોટી અને જુદી જુદી જાતની છે. તેમાં ૩૨ ગુફાઓ છે તેમાંની ૧૨ બૌદ્ધોની, ૧૫ બ્રાહ્મણોની અને પાંચ જૈનોની છે. ડુંગરમાંથી કોરી કાઢતાં, અને તેમાં જુદી જુદી હકીકતનાં ચિત્રો કરતાં કેટલો વખત, કેટલા પૈસા, કેવી કારીગરી અને કેટલી ધીરજની જરૂર પડી હશે ?

હિન્દુસ્થાનના લોકો જુના કાળમાંજ હુશિયાર હતા એમ નથી. અંગ્રેજો પહેલ વહેલા આવ્યા ત્યારે તેઓ હિન્દુસ્થાનની કારીગરીથીજ મોહ પામી ગયા હતા. અને યુરોપ આખામાં ન બનતી તેવી સુંદર ચીજો અહિં બનતી જોઇ વેપાર માટેજ અહિં દાખલ થયા હતા. હિન્દુસ્થાનની દોલત અને હિન્દુસ્થાનની કારીગરી એ તો તે વખતે પણ આખી દુનિયામાં વખણાતી હતી. પરદેશીઓ મોગલ દરબારમાં જતા ત્યારે નજરાણા તરીકે આગળ ધરવા લાયક કોઇ વસ્તુઓ લાવી શકતા નહિં, કારીગરી અને હુન્નરકળામાં તેઓ એટલા બધા પછાત હતા ! તે બધું ચારસો પાંચસો વર્ષની વાત ઉપરજ ! પણ હવે તો તેવું કંઇ રહ્યું નથી. હિન્દુસ્થાનમાં કારીગરીને નામે હાલ તો શૂન્યજ છે. સોય, ટાંકણી, દિવાસળીથી માંડીને નાની મોટી બધી વસ્તુઓ પરદેશથીજ આવે છે. અને હિન્દુસ્થાન હવે તો ઘણે ભાગે ખેતી ઉપર જ આધાર રાખી રહ્યો છે. વિદ્યાકળાની ખીલવણી માટે અંગ્રેજ સરકાર બહુ મહેનત કરે છે. હિન્દીઓ જો આ બાબતમાં ઉત્સાહથી ભળે તો હિન્નાં બાળકોમાં તાકાત તો છે એ શુભ ચિન્હ છે. તમારામાંથી

દરેકે દરેક છોકરાંએ અમુક ધંધો કે હુન્નર પસંદ કરવાને અત્યારથીજ વિચાર કરવો જોઇએ; જેથી તમે તમારી કેળવણી તે પ્રમાણે લઇ, તમે તમે પોતાને, તમારાં માબાપને, તમારા રાજાને અને તમારા દેશને સંપૂર્ણ રીતે ઉપયોગી થઇ શકો.

પ્રકરણ ૨૨ મું.

હિન્દુસ્થાન—ચાલુ.

ભૂ રચના હવાપાણી, પેદાશ, કારીગરી વગેરે.

હિન્દુસ્થાનના ૮૨—૮૩ પાના પર આપેલા નકશા પરથી તમે જોઇ શકશો કે, ઉત્તરમાં હિમાલય અને તેની લંબાએલી પર્વતરાજીને લીધે ઉત્તરનો બધો ભાગ ડુંગરાઉ છે અને ઉત્તર—પશ્ચિમના ખુણાનો ભાગ પણ તેવોજ છે. તે ઉંચા ઉત્તરના ભાગમાંથી મોટી મોટી નદીઓ નીકળે છે. અને તે બધા ભાગની દક્ષિણે આવેલા વિશાળ પ્રદેશને પાણીની ઘણી સારી સગવડ પૂરી પાડે છે. સિંધુ અને પંજાબની બીજી નદીઓ, ગંગા જમના અને તેમને મળતી નદીઓ, તથા બ્રહ્મપુત્રા એ નદીઓથી હિન્દુસ્તાનનો ઉત્તરનો ભાગ ધોવાય છે, સિંધુ. ગંગા તથા બ્રહ્મપુત્રા એ ત્રણે નદીમાં કેટલેક છેટે સુધી વહાણો—આગબોટો—ચાલે છે, અને બીજી નદીઓમાં પણ મછવાઓ ચાલે છે.

પંજાબ અને દીલ્હીની આસપાસનો મુલક ઘણે ભાગે સપાટ છે. અયોધ્યાં, કાશી અને બહારનો ભાગ પણ બહુ ડુંગરાઉ નથી; તેમ બંગાળાનો ભાગ પણ સપાટ છે. નેપાળ ભૂતાનનાં રાજ્યો અને આસામ અને બ્રહ્મદેશનો ઘણો ખરો ભાગ ડુંગરાથી ભરેલો છે.

તે બધા ભાગથી દક્ષિણે જઇએ એટલે સિંધ અને રજપૂતાનાના કોરા, સૂકા, રણવાળા પ્રદેશો આવે છે. ત્યાં વરસાદ ઓછો, તાપ ઘણો સખત, પાણી જુજ, કુવા ઘણા ઉંડા અને પેદાશ પણ તેથી કમી છે. અરવલ્લીની ટેકરીઓ સિવાય બીજા ડુંગર નથી. પૂર્વ તરફ જતાં બહાર, ઓરિસ્સા વગેરે પણ મોટા મોટા ડુંગર વગરનો પ્રદેશ છે.


વિન્ધ્યાચળ પર્વતથી મધ્ય ભાગ ડુંગરાઉ બને છે. પૂર્વ તરફ જતાં પાછું મેદાન છે. વિન્ધ્યાચળની દક્ષિણનો ભાગ તે દક્ષિણ હિન્દુસ્થાન કહેવાય છે. તે ભાગમાં પૂર્વ પશ્ચિમ કિનારા તરફ ઘાટ—પર્વતો છે, અને વચમાં નિઝામનું રાજ્ય, વરાડ અને મ્હૈસુરનું રાજ્યઃ એ ભાગ પાછો સપાટ છે. નદીઓના પ્રવાહ પરથી ઉંચો નીચો પ્રદેશ તમે પારખી શકશો. ડુંગર અને નદી જોઇ હિન્દુસ્થાનથી ભૂરચના કેવી છે તે બરાબર કહી શકશો.

દરિયો, નદી અને પર્વત એ બધાં હવાપાણીને અસર કરનારાં છે. હિન્દુસ્થાનમાં એ બધાનો યોગ એવો તો બની ગયો છે કે આખી પૃથ્વી પરના ગમે તે પ્રદેશનાં હવાપાણી માગો તો ઘણું કરી હિન્દુસ્થાનમાં મળી આવે. એટલે હિન્દુસ્થાનનાં હવાપાણી પ્રદેશ પ્રદેશ પ્રમાણે જુદાં જુદાં છે. મુંબઇ ઇલાકાની વિગત તમે શીખી ગયા છો. તેથી તે સંબંધે ફરી કહેવાની જરૂર નથી. મદ્રાસ ઇલાકામાં ડુંગરાઉ ભાગમાં ગરમી સખત પડે છે અને વરસાદ પણ સારો પડે છે. ત્યાંના કેટલાક ભાગમાં તો લોકો કપડાં પણ પહેરી શકતા નથી અને શરીરે ચંદનના લેપ કરે છે.

બંગાળા, બહાર અને ઓરિસ્સામાં હવાપાણી ઘણે ભાગે સમશીતોષ્ણ રહે છે. આસામની ટેકરીઓમાં વરસાદ પુષ્કળ પડે છે. ચેરાપુંજીમાં આખી દુનિયામાં વધારે વરસાદ પડે છે. એક વાર ત્યાં ચોવીશ કલાકમાં ચાળીસ ઈંચ પાણી પડી ગયું હતું ! એ શહેર નકશામાં જુઓ. એક વખત એક વરસમાં ૮૦૦ ઈંચ વરસાદ થયો હતો ! આપણે ત્યાં—મુંબઇમાં—૬૦ ૭૦ કે બહુ તો ૮૦ ઈંચ વરસાદ પડે છે. કાઠીયાવાડ ગુજરાતમાં ૨૫ થી ૩૦ ઈંચ વરસાદ પડે છે. ચેરાપુંજીમાં દર વર્ષે સરાસરી સાડા ચારસો ઈંચ વરસાદ પડે છે !

પશ્ચિમમાં ચેરાપુંજીમાં જેમ વરસાદ બહુ પડે છે તેમ પૂર્વ તરફ સિંધમાં જેકોબાબાદ જુઓ, ત્યાં ગરમી ઘણીજ પડે છે. આખા હિન્દુસ્થાનમાં સૌથી વધારેમાં વધારે ગરમી ત્યાં પડે છે.

હિમાલય પર્વતના ઉપરના ભાગમાં સદાકાળ બરફ જ રહે છે ! એટલી બધી ત્યાં ઠંડી રહે છે કે બરફ તો ઓગળતો જ નથી.


हिंदुस्थान
लाहोर
शीवालीक पर्वत
आग्रा
बंगलोर
म्हैसूर
कालीकट
नागपुर
रंगून
अलाहाबाद
गंगा नदी
ब्रह्मपुत्रा नदी
गोदावरी नदी
कृष्णा नदी
तापी नदी
नर्मदा नदी
सातपुरा
कराची
भावनगर
अमदाबाद
मुंबई
गोवा
मद्रास
कलकत्ता
हैद्राबाद

હવા પાણી, ડુંગર, અને નદીના પ્રમાણમાં પેદાશ પણ આખા હિન્દુસ્થાનમાં જુદી જુદી થાય છે. ખેતીની પેદાશ જુદે જુદે ઠેકાણે જુદી જુદી થાય છે. ગુજરાત તરફ ઘઉં તથા કપાસ, સિંધ તરફ બાજરી, બટાટા, પંજાબમાં ઘઉં, રજપૂતાનામાં મકાઇ, બંગાળામાં ચોખા, શણ, ગળી, માળવામાં અફીણ, દક્ષિણ હિન્દુસ્થાનમાં ચોખા, નાળિએર, સોપારી, એલચી અને બ્રહ્મદેશમાં ચોખા અને સાગ એ મુખ્ય છે. જુદા જુદા પ્રદેશ પ્રમાણે દાણો, ફળ, શાકભાજી વગેરે પુષ્કળ પેદા થાય છે, અને ફળ, શાકભાજી કે દાણામાં બટાટા અને સુકા મેવા સિવાય બીજી કોઇ પણ ચીજ પરદેશથી આવતી નથી.

ખનીજમાં રાણીગંજ અને ઝેરીઆની કોલસાની ખાણો, મ્હૈસુરમાં કોલરની સોનાની ખાણો, પંજાબમાં સિંધવ, ગુજરાતમાં પાવાગઢ અને મ્હૈસુર રાજ્યમાંથી મેન્ગેનિઝ, તથા બ્રહ્મદેશમાંથી કેરોસિન તેલ એ મુખ્ય છે. તાંબુ, કલઇ, ફટકડી, લોઢું એ બધાં છે ખરાં પણ તે બહુ જથામાં કઢાતાં નથી. આ ઉપરાંત મકાન બાંધવાના પથ્થર, આરસના પથ્થર વગેરે નીકળે છે, પણ આ બધી ખનીજ પેદાશમાંથી પરદેશ તો માત્ર મેન્ગેનિઝ જ ચડે છે. તે પણ મેન્ગેનિઝની કાચી ધાતુ જ ચઢે છે, કારણ કે તેમાંથી ગાળીને શુદ્ધ મેન્ગેનિઝ કાઢવા જેટલું કામ અહિં થઇ શકતું નથી.

પશુ-પંખીઓમાં ઘણી જાતો માલમ પડે છે. જંગલી પ્રાણીઓ પણ ડુંગર અને જંગલોમાં પુષ્કળ છે. દક્ષિણ હિન્દુસ્થાનમાં એક વખત ઘણા હાથી હતા, લંકામાં તો હજી પણ છે ખરા. કોયલ, મેના, મોર, તીતર, પોપટ એ સુંદર પંખીઓમાં મુખ્ય છે. ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, ઘોડા, ગધેડા, ઊંટ વગેરે માણસને ઉપયોગી થનારાં પશુ સંખ્યાબંધ છે. હાથી, ગેંડા, હરણ વગેરે પણ વસે છે. કસ્તુરી મૃગ કે જેની નાભિમાંથી કસ્તુરી નીકળે છે તે પણ થાય છે.

કારીગરી વિષે આગળ વાત થઈ ગઇ છે. હાથની કળા અને સંચાની કરામત બન્નેમાં હિન્દીઓ હાર્યા છે અને હાલના હુન્નર ઉદ્યોગમાં હિન્દુસ્થાન કંઇ પણ ઉપયોગી કામ કરતું હોય તેવું જણાતું નથી.

સુતર કાંતવા વણવાની મિલો સારી સંખ્યામાં છે. રેશમની પણ એકાદ બે છે, અને ઉનની પણ છે ખરી; પરંતુ તે બધીમાં પરદેશની મિલો સાથે હરિફાઇમાં ઉતરી શકે તેવી એક પણ નથી. કાચો માલ બધો પરદેશ જાય છે, અને તેની ચીજો પરદેશમાં બને છે, પછી અહિં આવે છે. એક સાધારણમાં સાધારણ ચીજ જુઓ તો તે પણ પરદેશથી જ આવતી માલમ પડશે. હુન્નર કારીગરીમાં નકલીઆ બુદ્ધિ છે ખરી. પણ સાહસ, શ્રદ્ધા, પ્રમાણિકપણું, ખંત અને ચાતુર્ય એમાંથી એકે દેખાતાં નથી. વિદ્યા કળા અને રસાયણ શાસ્ત્રનું જ્ઞાન લોકોમાં મુદ્દલ નથી. કુદરતનાં સત્યો, કુદરતની છુપી શક્તિઓ શોધી કાઢી તેને ઉપયોગમાં લેવાની બુદ્ધિ પણ નથી નવું શિખી તેને પોતાનું કરી લેવા જેટલી ખંત પણ નથી. આટલું નથી એ ખરૂં, તોપણ અમુક અમુક બાબતમાં હજી કાંઇ સત્ત્વ દેખાય છે. ખેડુઓ જેવી તેવી પણ ખેતીની કળા જાણે છે. વહોરાઓ અને કારીગરો નકલ કરવામાં બાહોશ છે. બ્રાહ્મણો કેળવણીમાં આગળ વધે છે. વાણીયાઓ, ભાટીયાઓ, મારવાડીઓ મેમણો, ખોજાઓ, વેપાર ખેડવામાં બહુ સાહસિક છે. આ બધા ગુણો હજી છે અને બ્રિટિશ રાજ્યમાં તે ગુણો ખિલવવા બહુ કાળજી રાખવામાં આવે છે, એટલે તે રાજ્યની બાંહેધરી હેઠળ હિન્દ પાછું જાગૃતિમાં આવશે એવી આશા રહે છે.

બ્રિટિશ રાજ્યનો અમલ કેટલો બધો લાભકારક છે એ તો તમે જાણો છો. તે રાજ્ય કેવી રીતે ચાલે છે, એ પણ તમને કહ્યું છે. હિન્દીઓને પણ તેમાં કેવો કેવો ભાગ મળતો રહે છે, તે પણ તમે જાણ્યું છે. એટલે આ બધા જ્ઞાન પછી માત્ર એજ કહેવાનું રહે છે કે તેના રાજ્યનો અમલ આપણા ઉપર દીર્ઘકાળ ટકી રહો કે જેથી હિન્દીઓના લાભ કાયમ રહે અને દિન પર દિન વધ્યા કરે.

પ્રકરણ ૨૩ મું.

હિન્દુસ્થાન.

યાદી ૩૫.

સીમા:—

ઉત્તરે; હિમાલય. કારાકોરમ અને હિન્દુકુશ પર્વતો.
પૂર્વે: ચીન, હિન્દી ચીન, બંગાળાનો ઉપસાગર.
દક્ષિણે: હિન્દી મહાસાગર.
પશ્ચિમે: અફગાનિસ્થાન અને અરબ્બી સમુદ્ર.

ક્ષેત્રફળ:—

હિન્દુસ્થાન બહુજ મોટો દેશ છે. તેના ચોક્કસ માઈલ વગેરે જાણવાથી તમને લાભ નથી. તમને ખ્યાલ પણ આવે નહિં, પણ એટલું સમજી શકશો કે આપણા રાજકર્તા અંગ્રેજ સરકારના દેશ કરતાં તે ૩૫ ગણો મોટો છે.

પર્વતો:—

હિમાલય, કારાકોરમ, હિન્દુકુશ, સુલેમાન, હાલા, વિન્ધ્યાચળ, અરવલ્લી, આબુ, સાતપુડા, પશ્ચિમ અને પૂર્વઘાટ અને નીલગિરી મુખ્ય છે.

રણ:—

સિંધમાંનું થરપારકરનું રણ, કચ્છનું રણ, રજપૂતાનામાનું રણ.

નદીઓ:—

ગંગા, જમના, બ્રહ્મપુત્રા, સિંધુ, જેલમ, ચિનાબ, રાવી, સતલજ, બીયાસ, સાબરમતી, નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, મહી, કાવેરી અને ઇરાવદી.

સરોવરો:—

માન, રાવણહ્રદ, વુલર, સાંભર, કોલર, ચિલકા અને પુલિકટ. એમાંના પહેલાં ત્રણ મીઠા પાણીનાં છે અને બાકીનાં ખારા પાણીનાં છે.

કિનારો:—

પૂર્વના કરતાં પશ્ચિમનો વધારે સારો છે. મોટાં બંદરો તે તરફ છે. જે કિનારો વાંકો ચૂંકો હોય તે વધારે સારો, કેમકે ત્યાં વહાણો સહીસલામત રહી શકે.

બંદરો:—

પૂર્વ કિનારે–મદ્રાસ, નેગાપટ્ટણ, મચ્છલીપટ્ટણ, અને વિઝાગાપટ્ટણ.

બંદરો:—

પશ્ચિમ કિનારે–મુંબાઇ, કરાંચી, પોરબંદર, વેરાવળ, અલીબાગ, રત્નાગીરી. વેંગુર્લા, હરણાઇ, કારવાડ, કુમટા, હોનાવર, મેંગલુર, કાનાનોર, તાર્લીચેરી, માહી, પાંજીમ, કલીકટ અને આલેપી.

ભૂશિર:—

કન્યા કુમારી–છેક દક્ષિણે છે.

બેટો:—

લંકા અગર સીલોન, આ હિન્દુસ્થાનમાં ગણાતું નથી. માલદ્વીપ પણ લંકાંના તાબા હેઠળ છે. લક્ષદ્વીપ, આંદામાન, અને નિકોબાર: રામેશ્વર અને દ્વારકાં પાસેનો 'બેટ,' એટલા હિન્દુસ્થાનમાં છે.

સામુદ્રધુની:—

પાકની સામુદ્રધુની હિન્દુસ્થાનના તળ ભાગ અને લંકાની વચ્ચે છે.

વસ્તી; લોકો:—

હિન્દુસ્થાનની કુલ વસ્તી છેલ્લી ગણતરી પ્રમાણે ૩૧$\frac{1}{2}$ કરોડની ગણાય છે. તેમાં મોટો ભાગ અંગ્રેજ સરકારના તાબામાં, થોડી દેશી રાજ્યોમાં અને તેથી થોડી સ્વતંત્ર રાજ્યોમાં છે.

લોકો જૂદી જૂદી જાતના છે તેની બધી વિગત તમે મોટા થશો ત્યારે જાણશો. ધર્મની વાત મુંબાઇ ઇલાકા વિષે જાણી છે, તેની વધારે જણાવા જેવી નથી. પંજાબમાં શીખ ધર્મ, કાશ્મિરમાં 'બૌધ ધર્મ' માનનારા કેટલાક લોક

રહે છે. શીખ અને બૌદ્ધ એ બે વધારે જાણવા જેવા ધર્મ છે.

ભાષાઃ—

ભાષા તો ઘણીજ જૂદી છે. બંગાળામાં બંગાળી, આગ્રા અને સયુક્ત પ્રાન્તોમાં હિન્દુસ્થાની, પંજાબમાં ઉર્દુ, રજપૂતસ્થાનમાં મારવાડી, મદ્રાસ ઇલાકામાં તેલુગુ, તામીલ મલાયમ અને કાનડી અને બ્રહ્મદેશમાં બ્રહ્મી ભાષા બોલાય છે. મુંબઇ ઇલાકાની ભાષા તો તમે જાણો છે.

પેદાશઃ—

હિન્દુસ્થાનનો ઘણોખરો આધાર ખેતી ઉપરજ છે. ચોખા, ઘઉં, અને કપાસ એ મુખ્ય છે. ચા, શણ, અફીણ, ગળી, અળસી અને તેલનાં બીઆં, એ પણ સારા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે, અને પરદેશ જાય છે. ખેતીની પેદાશમાં નહેરોથી બહુ વધારો થાય છે. ગંગામાંથી ઘણી નહેરો કાઢવામાં આવી છે. આખી દુનિયામાં જે જાતનાં પ્રાણી, વનસ્પતિ થતાં હશે, તેવાં બધાં હિન્દુસ્થાનના કોઇને કોઇ ભાગમાં હશે ખરાં હવાપાણીને બીજી બધી રીતે દુનિયાના ગમે તે ભાગના જેવી સ્થિતિ અહિં પણ મળી આવે છે.

વેપારઃ—

દેશમાં થતું અનાજ વગેરે પરદેશ ચઢાવનારા અને પરદેશી વસ્તુ અહિં લાવવાનું કામ કરનારા લોકો વહેપારી કહેવાય. પરદેશ સાથેનો મંગાવવા કે મોકલવાનો વેપાર પરદેશીઓના હાથમાં છે, પણ દેશમાંને દેશમાંનો ઘણોખરો વેપાર દેશીઓના હાથમાં છે. ઘણા લોકોનો આધાર તેના ઉપર છે. વેપારનો આધાર રેલ્વે, ને બીજી સડકો ઉપર છે. ઠેકઠેકાણે તે પ્રસરી ગયેલી છે. એટલે તે સગવડ સારી જાતની છે, નકશાઓમાં રેલ બતાવી છે તે જોઇ ખાત્રી કરી શકશો કે રેલ ઘણી સારી રીતે પ્રસરી છે.

હુન્નરઃ—

હુન્નર, કારીગરી, ઉદ્યોગ, ધંધા વગેરે વિષે તો મુખ્ય ઇલાકાની વાતમાં અને આગળના પ્રકરણોમાં આપ્યું છે, તેથી વિશેષ જાણવાની હમણાં કાંઇ જરૂર નથી.

ખનીજઃ—

ખનીજમાં મ્હેસુરમાંથી સોનું નીકળે છે. બંગાળામાં રાણીગંજ અને ઓરિસામાં ઝેરીઆ ખાણોમાંથી કોલસા નીકળે છે. પંજાબમાં સિંધવ નીકળે છે. ગોવળકોંડા, પન્ના એ જગાએથી હીરા નીકળતા, પણ હવે બહુ જથામાં નથી લોખંડ ઘણી જગાએ માલુમ પડે છે, અને બ્રહ્મદેશમાંથી કેરોસીન તથા કલાઈ નીકળે છે. હજી ઘણી જગાઓ શોધ થયા વગરની છે.

જાણવા લાયક સ્થળોઃ—

કુદરતી સૌન્દર્યનાં જાણવા લાયક સ્થળો આખા હિન્દુસ્થાનમાં ઠેકઠેકાણે છે. કાશ્મિર, હિમાલય, હરદ્વાર, સિમલા, મહાબળેશ્વર, ગેરસપ્પાના ધોધ, રામેશ્વર બેટ વગેરેમાં કેટલીક જગા તો એવી છે કે, તેની બરાબરી કરી શકે તેવી જગા આખી દુનિયામાં મળવી મુસ્કેલ છે.

માણુસની કારીગરી—પ્રાચીન કારીગરીની વસ્તુઓ પણ ઘણી જોવા જેવી છે. ચિતોડનો કિલ્લો, આગ્રાનો તાજમહેલ, વિજાપુરનો ઘુમટ, ઇલોરા, અજંટા અને ઘારાપુરી તથા કેનેરીની ગુફાઓ, કાશીનાં ભવ્ય મંદિરો અને મદ્રાસ ઇલાકાના દક્ષિણ ભાગોમાનાં મંદિરો વગેરે મુખ્યમાં ગણી શકાય.

જાત્રાનાં સ્થળઃ—

હિન્દુઓનાં જાત્રાનાં સ્થળો ઘણાં છે. મુખ્યમાં કાશી, જગન્નાથપુરી, રામેશ્વર અને દ્વારકા એ ચાર દિશામાં ચાર છે. જૈનોનાં પારસનાથ ને પાલીતાણા એ મુખ્ય ગણાય છે. નાનાં અને સાધારણ ગણાતાં સ્થળો તો ઠેકઠેકાણે આવી રહેલાં છે.

હવા ખાવાનાં સ્થળ:—

હવા ખાવાનાં ઠેકાણાં બતાવનાર એટલે કે તે જગાને શોધી, બહાર લાવી ત્યાં જવાનો રિવાજ શરૂ કરનાર તો અંગ્રેજો જ કહી શકાય. તેઓ ઠંડા મુલકના રહેવાશી હોવાથી ગરમ ઋતુમાં ઠંડી જગાએ જવાનું તેમને માટે બહુ જરૂરનું હતું એટલે દરેક ભાગના અમલદારે શોધ કરી ત્યાંની તેવી જગામાં વસવાટ કર્યો. આખા હિન્દમાં—સિમલા, બંગાળામાં દાર્જીલીંગ, પંજાબ તરફનાને માટે મરી, મુંબઇવાળાને માટે મહાબળેશ્વર, મદ્રાસમાં ઉત્તકમંડ, મધ્ય પ્રાંતમાં પંચમડી એ ટેકરીઓનાં—શિખરસ્થ—હવા ખાવાનાં ઠેકાણાં છે.

જ્યાં તેવી ટેકરીની સગવડ નથી હોતી ત્યાં દરિયા કાંઠો શોધે છે. કાઠીઆવાડમાં બાલાચડી, સુરત પાસે ડુમસ એ બે હમણાં તમારે માટે પૂરતાં છે.

રાજકીય વિભાગ:—

આ વિભાગો ત્રણ જાતના છે, પહેલો **ખાલસા**, બીજો **દેશી રાજ્યો**, ત્રીજો **સ્વતંત્ર રાજ્યો**.

ખાલસા મુલકના નીચે પ્રમાણે ભાગ છે:—

ગવર્નર સાહેબને તાબે ઇલાકા, મુંબઇ, મદ્રાસ ને બંગાળા.

લે૦ ગવર્નર સાહેબને તાબે પંજાબ, સંયુક્ત પ્રાન્તો, બિહાર-ઓરિસ્સા અને બ્રહ્મદેશ.

ચીફ કમીશ્નર સાહેબને તાબે મધ્યપ્રાન્ત અને વરાડ, આસામ, બલુચિસ્તાન (બ્રિટિશ), વાયવ્ય સરહદનો મુલક, અજમેર, કુર્ગ, આંદામાન અને નિકોબાર છે.

મુખ્ય શહેરો.

આ પૈકી મુંબઇ ઇલાકા વિષે તો તમે જાણ્યું છે.

મદ્રાસ ઇલાકો:—મદ્રાસ, કાંજીવરમ, વિજગાપટ્ટમ, મદુરા, ટયુટીકોરીન, ત્રિચિનાપલ્લી, ઉત્તકમંડ અને મેંગલુર છે.

બંગાળા ઇલાકો—કલકત્તા, મુર્શીદાબાદ, ઢાકા, દાર્જીલિંગ.

બિહાર અને ઓરિસ્સા—પટણા, ગયા, કટક અને જગન્નાથપુરી.

બ્રહ્મદેશ—રંગુન, માંડલે, મોલમૈન અને ઐકયાબ.

સંયુક્ત પ્રાન્તો—આગ્રા, અલ્હાબાદ, કાનપુર, કાશી (બનારસ) મથુરા, નૈનીતાલ, અલીગઢ, લખનોર, ઝાંસી, મીરત, સહરાણપુર અને રૂરકી.

પંજાબ—લાહોર, અમૃતસર, પાણીપત, સીમલા, દિલ્હી, કસાવલી અને સ્થાનેશ્વર.

મધ્ય પ્રાન્ત—નાગપુર, પંચમઢી, જબલપુર, ખંડવા, ઇલીચપુર ઉમરાવતી અને અકોલા.

આસામ—ગૌહત્તી, શિલાંગ અને ચેરાપુંજી.

બ્રિટિશ બલુચિસ્તાન—કવેટા.

વાયવ્ય સરહદ—પેશાવર.

અજમેર—અજમેર.

કુર્ગ—મર્કારા.

આંદામાન—પોર્ટબ્લેર.

દેશી રાજ્યો.

કેટલાંક વોઇસરોયની સીધી દેખરેખ નીચે અને કેટલાંક ગર્વનનર કે લે૦ ગવર્નર કે કમીશ્નરના તાબા હેઠળ છે.

નામદાર વોઇસરોય નીચેઃ—

કાશ્મિર—જામુ અને શ્રીનગર.

નિઝામ—હૈદ્રાબાદ.

રજપૂતાના—બિકાનેર, અલ્વર, કિશનગઢ, જયપુર, ભરતપુર, બુંદી, કોટા, ઉદેપુર, જોધપુર અને જેસલમીર એ મુખ્ય છે.

મધ્ય હિન્દ:—ભોપાળ, ઈંદોર, ગ્વાલિયર, ઉજ્જન, પન્ના, અને રતલામ.

ગાયકવાડ—વડોદરા.

મ્હૈસુર—મ્હૈસુર, બાંગલોર, કોલર.

આસામના તાબા હેઠળ:—મણિપુર, ટીપેરા.

બંગાળાના તાબા હેઠળ:—કુચબિહાર, અને સિક્કિમ.

મુંબઇના તાબા હેઠળ:—કાઠીયાવાડ, કચ્છ, ખંભાત, રાજપીપળા અને કોલ્હાપુર વગેરે અપાઇ ગયાં છે.

મદ્રાસના તાબા હેઠળ:—ત્રાવણકોર એ મુખ્ય છે.

સ્વતંત્ર રાજ્યો બે જાતનાં છે.

૧ દેશી સ્વતંત્ર રાજ્યો:—૧ નેપાલ, (ખટમંડુ) અને ભૂતાન, (પુનાખા.)

૨ પરદેશી સ્વતંત્ર—ફીરંગીનાં–દીવ, દમણ, ગોવા.

ફ્રેંન્ચનાં:—પાંદીચરી, કારીકલ, માહી, યાનાન અને ચંદ્રનગર છે.


સિલોન અગર લંકાં જેમાં કોલંબો મુખ્ય શહેર છે, તે તથા તેની નીચેનાં **માલદ્વીપ** આ બે ક્રાઉન કોલોની ગણાય છે. એટલે કે તે હિન્દુસ્થાનની સાથે ગણાતા નથી. તેની વ્યવસ્થા તદ્દન જુદી રીતે થાય છે.

પ્રકરણ ૨૪ મું.

એશિયા ખંડ.

હિન્દુસ્થાનની દક્ષિણે આવેલો લંકાનો ટાપુ હિન્દુસ્થાનથી જુદો જ ગણાય છે. નામદાર વાઇસરોયના હાથ નીચે તે નથી. તે તો 'ક્રાઉન કોલોની' ગણાય છે. આ બેટમાં ચા અને ચોખા એ બે મુખ્ય ઉપજ છે. પાસેના મનારના અખાતમાંથી મોતી નીકળે છે. **કોલંબો** એ રાજધાની અને મુખ્ય બંદર છે. લંકા–સિલોનની પશ્ચિમે **માલદ્વીપ** બેટ છે. તે સિલોનના ગવર્નરના તાબામાં છે. ત્યાંના રાજા તેમજ રહેવાશી મુસલમાન છે.

એશિયાખંડનો નકશો.



હિન્દુસ્થાન સાથે સરહદથી જોડાયલા એવા બીજા મુલકો વિષે કાંઇક જાણી, આખા એશિયાખંડ વિષે પણ તમારે થોડું જાણવું જરૂરનું છે. બલુચિસ્તાન, અફ્ગાનીસ્તાન, તિબેટ, ચીન અને શિઆમ એ ઉપરાંત એડન સાથે જોડાયેલ અરબસ્તાન એટલા દેશો આપણા હિન્દુસ્થાન સાથે જોડાયેલા છે. તે બધામાં ચીનનું રાજ્ય બહુ મોટું છે. ત્યાંના લોકોમાં ઘણા જૂના કાળથી વાંચવા લખવાનો શોખ હતો અને હજુ પણ છે. વચમાં ત્યાંના લોકો ઘણા અફીણીયા થઇ ગયા હતા. હવે હળવે હળવે સુધરતા જાય છે. 'ચા' પહેલ વહેલો ચીનથી આવ્યો. 'ચા' એ શબ્દ જ ચીનની ભાષાનો છે. રેશમ, ફટાકીઆ, કાગળ અને ચીનાઇ વાસણને માટે એ દેશ પ્રખ્યાત છે. મુંબઇ ઇલાકાની કપડાંની મીલોમાં બનેલો ઘણોખરો માલ ત્યાં જાય છે. અફીણ પણ અહિંથી ત્યાં પુષ્કળ ચઢે છે. ત્યાંના લોકોની ચામડી પીળચટ્ટી હોય છે. મુંબઇમાં તેવા લોકો જોવામાં આવે છે. હિન્દુસ્થાનમાં જન્મ પામેલો બૌદ્ધ ધર્મ ત્યાં બહુ ફેલાયેલો છે.

નકશામાં જુઓ, ચીનની પૂર્વે નાના નાના ટાપુઓ છે. તે બધા મળી જાપાન દેશ કહેવાય છે, ત્યાંના લોકો પણ ચીનાઓને મળતા જ છે. પીળી ચામડી, ગોળ આંખો અને ટુંકાં કદથી તે તુર્ત ઓળખાય છે. ત્યાંનાં લોકો પણ પહેલાં આળસુ અને નરમ હતા, પણ ત્રીસ, પાંત્રીસ વરસમાં તેઓ એકદમ જ સુધરી ગયા છે, અને આજે તો યુરોપનાં સુધરેલાં અને આગળ વધેલાં રાજ્યોની સાથે હુન્નર કારીગરીમાં ટક્કર ઝીલે છે. ચીનની ઉત્તરે રૂશીયાનો મુલક છે, તે જુઓ કે કેટલો બધો મોટો છે! ત્યાંના લોકોને જાપાનના લોકોએ થોડા વખત ઉપર સખત હાર ખવડાવી હતી.

અફ્ગાનિસ્તાનના અફ્ગાનો અને અરબસ્તાનના આરબો તમે જોયા હશે. મહમદ પેગમ્બરની કબર મક્કામાં હોવાથી મુસલમાન લોકો ત્યાં હજ પઢવા જાય છે. મક્કા એ અરબસ્તાનમાં મોટું શહેર છે. બીજા દેશોમાં એશિયાઈ તુર્કસ્તાન અને ઇરાન જાણવા લાયક છે. બસરાઈ અત્તર નામનું જે અત્તર આવે છે, તે બસ્રા શહેર એશીયાઇ તુર્ક-

સ્તાનમાં છે. ઇસુખ્રિસ્તની કબર આ એશીયાઇ તુર્કસ્તાનના જેરૂસાલેમમાં છે. તેથી ખ્રિસ્તિઓ ત્યાં જાત્રા કરવા જાય છે.

ઈરાન એ આપણા પારસી ભાઇઓનો મૂળ દેશ છે. ત્યાંથી તેઓ આ તરફ આવી વસ્યા છે.

એશિયાખંડ વિષે આટલી હકીકત જ તમારે માટે પૂરતી છે.

પ્રકરણ ૨૫ મું.


યુરોપ ખંડ.

એશિયામાંના રૂશિયા દેશને લગતો જ યુરોપનો રૂશીયા દેશ છે. યુરોપ એક જુદોજ ખંડ ગણાય છે. જો કે તે પ્રમાણમાં તો બહુ નાનો છે, તોપણ હાલના વખતમાં તે બહુ આગળ વધી ગયો છે. ત્યાંના લોકોમાંથી ફીરંગી, ફ્રેન્ચ, અંગ્રેજ, વલંદા અને ડેન લોકો હિન્દુસ્થાનમાં વેપાર કરવાને આવ્યા હતા. તે બધામાં અહીં હવે માત્ર ફીરંગીઓનો, ફ્રેન્ચનો અને મોટો ભાગ અંગ્રેજનો છે. તે સિવાય બીજા કોઇનો મુલક રહ્યો નથી.

ફીરંગીઓનો દેશ પોર્ટુગાલ જુઓ, કેવો નાનો છે ! અંગ્રેજોનો દેશ ઈંગ્લંન્ડ પણ આવો જ છે, પણ અંગ્રેજ પ્રજા બહુ વિદ્વાન, બળવાન અને કળાવાન હોવાથી આજે દુનિયાના ઘણા ભાગપર રાજ્ય કરે છે. ઈંગ્લંડ વિષે જરા વિસ્તારથી આગળના પ્રકરણમાં કહીશું. આમાં તો યુરોપના બીજા દેશો વિષે જરા માહેતી આપવાની છે.

ફ્રાન્સ—ફ્રેન્ચ લોકોનો—દેશ છે તેમાં પારિસ નામનું શહેર એવું સુંદર છે કે આખી દુનિયામાં તેના જેવું એકે શહેર નથી. ફ્રેન્ચ વારનીશ આવે છે તેમાં તે દેશનું નામ છે. આ દેશની પાસે સ્વિટ્ઝર્લૅાંડ નામનો નાનો દેશ છે ત્યાંના જીનીવા શહેરમાં ઘડીયાળો બહુ સારાં થાય છે. તેની પાસે જર્મની દેશ છે. ત્યાંના લોકોમાંથી સંસ્કૃતના શોખીન વિદ્વાનો બહુ નીકળ્યા છે. કેળવણીમાં તે દેશ બહુ આગળ પડતો છે, અને કારીગરીમાં પણ ઉતરે તેવો નથી. જર્મનીની ઘણી ચીજો તમે

યુરોપનો નકશો.



રોજ વાપરતા હશો. કોલન-વૉટર કહેવાય છે, તેનું નામ કોલોન ગામ ઉપરથી પડયું છે. તે કોલોન જર્મનીમાં છે. 'જર્મન સિલ્વર'માં પણ તે દેશનું નામ છે.

બીજા દેશોમાં **સ્વીડન નોર્વે**માંથી દીવાસળીઓ તથા હમણાં વપરાતા સ્ટોવ-ચુલાઓ બહુ આવે છે. તથા **ઇટાલી** દેશમાંથી પુષ્કળ બટાટા હિન્દુસ્થાનમાં આવે છે.


પોર્ટુગલ પાસેનો **સ્પેન** દેશ છે. ત્યાં કેસરનાં વાવેતર થાય છે. અને અહિં પુષ્કળ આવે છે. કાશ્મીરમાં થતું થોડું ઘણું કેસર સ્પેનના કેસરની સાથે હરિફાઇમાં ટકી શકતું નથી.

વલંદાઓ આવ્યા હતા તે **હોલંડ** દેશના રહીશ, તથા ડચ લોકો **ડેનમાર્કના** રહીશ છે. ઉપર જણાવેલા તમામ દેશથી બનેલો જે ખંડ તે યુરોપખંડ છે. તેનો નકશો આપ્યો છે તે જુઓ. થોડાં ઘણાં દેશનાં નામ લખ્યાં છે. બીજાનાં મોટા નકશામાંથી જોઈ તમે તમારી ચોપડીમાં લખી લેજો.

પ્રકરણ ૨૬ મું.

ગ્રેટબ્રિટન અને આયર્લાંડ.

યુરોપના નકશામાં જુઓ ઉત્તર-પશ્ચિમ ખુણે નાના બે બેટો છે. એક જે મોટો છે તે ગ્રેટ બ્રિટન છે, અને બીજો નાનો છે તે આયર્લાંડ છે. એ બન્નેનો મોટો નકશો ૯૭ મે પાને છે તે જુઓ. આ બન્ને અંગ્રેજ સરકારના મુલક છે, પણ તેટલામાં બધા મળી ચાર દેશ છે. આયર્લાંડ તે એક જુદોજ બેટ છે. તે હંમેશ લીલોજ રહે છે. ત્યાં બટાટા પુષ્કળ થાય છે. લોકનો મુખ્ય ખોરાક બટાટાજ છે. બીજો બેટ રહ્યો તેના ત્રણ ભાગ છે. ઉત્તર તરફનો ડુંગરી પ્રદેશ તે **સ્કોટલન્ડ** છે. દક્ષિણના ભાગમાં પાછા બે દેશ છે, ઇંગ્લન્ડ અને **વેલ્સ**. આ ચારે દેશનો મુલક તે અંગ્રેજ સરકારનું વતન-જેને વિલાયત કહે છે તે, ત્યાંનો રાજ્યવહિવટ પાર્લામેન્ટ અને રાજા બન્ને મળી ચલાવે છે. લોકોની ઇચ્છાઓ જણા-


ग्रेट ब्रीटन अने आयर्लंड.
आटलांटीक महासागर
उत्तर समुद्र
आयर्लंड
बर्मींगहाम
आटलांटीक महासागर

વનારી પાર્લામેન્ટ નામની સભા છે. આ સભામાંના મેમ્બરોમાંથી કેટલાકને લોકો પસંદ કરી ચુંટી કાઢે છે. તેની સલાહ પ્રમાણે રાજ્યકાજ ચાલે છે. તે વિષેની વિગત તો તમે ઇતિહાસ શીખશો ત્યારે જાણુશો.

આ દેશના લોકો કેવા હિમ્મતવાળા, કેવા ટેકીલા, કેવા બાહોશ અને કેવા ચાલાક છે, તે તો જેણે અંગ્રેજોને જોયા હશે તે એકદમ જાણી શકશે. હુન્નર–કારીગરીમાં અને કલા કૌશલ્યમાં તે અત્યારે ઉંચામાં ઉંચી પ્રજા ગણાય છે. મુઠીભર લોકો અને વેંતભર મુલક હોવા છતાં તે દુનિયાના છઠ્ઠા ભાગપર રાજ્ય ચલાવે છે, આવી સમર્થ પ્રજા સાથે આપણો સંબંધ જોડાયો છે, તે ખાતર પ્રભુનો આપણે ઉપકાર માનવો જોઇએ.

તે દેશનાં મોટાં શહેરોમાં લંડન આખી દુનિયામાં પહેલા નંબરનું શહેર છે. પચીસ લાખ માણુસની તેમાં વસ્તી છે. રાજધાનીનું શહેર છે, ને તે ઇંગ્લાંડમાં છે. સ્કોટલેન્ડનું **એડિનબરો** પણ એક સુંદર શહેર છે. તે ઉપરાંત તમારે જાણુવા જેવાં **લીવરપુલ** અને **માનચેસ્ટર** જ્યાં સુતરની મીલો છે તે, **બર્મિંગહામ** અને **શેફિલ્ડ** જ્યાં લોઢાનો સામાન બને છે. બીસ્કીટ **રીડીંગ**ના બહુ વખણાય છે. તમે જે અંગ્રેજી માલ વાપરતા હશો તે બધા ઉપર જે ગામમાં તે બનેલો હશે તેનું નામ હશે. કપડાંના તાકા ઉપર, ચપ્પુ, છરી, વગેરેનાં ફળ ઉપર, તથા છત્રી ઘડીઆળ બધા ઉપર નામ હોય છે. તે વાંચવાથી તે ક્યાં બન્યો છે તે તમે જાણી શકશો.

અંગ્રેજોની આ સ્થિતિ લાવનાર મુખ્ય કેળવણી છે, વાંચતાં લખતાં નહિ આવડતું હોય એવું ભાગ્યેજ કોઇ માણસ ત્યાં માલમ પડશે. પુસ્તકો અસંખ્ય છપાય છે અને વર્તમાનપત્રો પણ ઘણાં છે. એક નાના જેવા ગામમાં પણ એકાદ બે રોજીંદાં પત્ર હોય છે! આપણી તરફ તો મુંબઇમાં રોજીંદા પત્રો છે. એકાદ બે બીજાં છે ખરાં, પણ તે મુકાબલે કેટલાં બધાં ઓછાં કહેવાય! આમ હોવાનું કારણ એ કે આપણી તરફ ભણેલા બહુ થોડા એટલે વાંચવાવાળા પણ થોડા. ઇંગ્લાંડમાં તો દરેક જણ ભણેલો છે, ગામડે ગામડે નિશાળ છે. કોલેજ અને યુનિવર્સિટિ પણ ઘણી છે. વિદ્યામાં બહુ આગળ વધેલો હોઇ ઉંચું સ્થાન ભોગવે એ દેખીતું જ છે.

અંગ્રેજોની બીજી ખુબી **તેમનું દેશાભિમાન** છે. પોતાના દેશને માટે ગમે તેવો ભોગ આપવા તેઓ હંમેશાં તત્પર રહે છે. માનસિક દ્દઢતા અને શારીરિક શક્તિ સાથે દેશાભિમાન ભળવાથી, તે લોકો દુનિયાના બીજા લોકો કરતાં આગળ પડતા રહે એ સ્વાભાવિકજ છે.

તેમનું ખાસ બળ નૌકાસૈન્યમાં છે. અંગ્રેજોના જેવો દરિયાઇ કાફલો બીજી કોઇપણ પ્રજા પાસે નથી.

હુન્નર કારીગરીમાં શ્રેષ્ઠ હોવાથી ત્યાંની જાહોજલાલીની તો વાતજ શી કરવી! ઈંગ્લંડનાં નાનાં નાના ગામડાંનાં ઝુંપડાં જુઓ તો પણ તે આપણા બંગલાઓને શરમાવે તેવાં સ્વચ્છ સુઘડ અને સગવડવાળાં હોય છે. વીજળીની રોશની તો ઠેકઠેકાણે દાખલ થઇ ગઈ છે. વિશાલ સુંદર રસ્તાઓ, રસ્તાની બન્ને બાજુએ છોડ વેલાની લીલોતરી, તથા ઝાડ પાનના ભરાવ, બંગલે બંગલે બગીચા અને મકાને મકાને સર્વ જાતની સગવડ છે! આવાં આવાં સાધનો અને સૌન્દર્યથી ઇંગ્લંડ ખરેખર જોવા લાયક દેશ બની રહ્યો છે.

ઇંગ્લંડનાં હવાપાણી, ત્યાંના સૂર્યોદય અને સૂર્યાસ્ત, તથા ઋતુઓ વિષે જરા જાણવું જોઇએ. ત્યાં ઋતુઓના ફેરફાર બહુ દેખાઇ આવે-લાગી આવે-તેવા થાય છે. શિઆળામાં હિમ પડે-એવો કે નદીઓ પણ ઠરી જાય! ઝાડનાં પાન વગેરે બળી જાય! અને હવા પણ ઘણીજ ઠંડી રહે! શિયાળામાં સૂરજ મોડો ઉગે છે. તે એટલો બધો મોડો કે મધ્ય શિયાળામાં જયારે ટુકામાં ટુંકો દિવસ હોય ત્યારે તો નવ-દશ વાગે સૂરજ ઉગે! અને તે ઋતુમાં આથમી પણ ઝટ જાય. સાંજના ચારેક વાગે ત્યાં આથમી જાય! આથી ઉલટું ઉનાળામાં બહુ વહેલો ઉગે. સવારના પહોરમાં ચાર વાગે સૂરજ ઉગે અને રાતના આઠ સાડા આઠ વાગે આથમે! શિયાળામાં લોકોને સવારે દીવાબત્તીથી કામ કરવું પડે! નિશાળોમાં પણ દીવાબત્તીથીજ કામ ચાલે! અને ઉનાળામાં સૂરજ હોય ત્યાં તો સુવાનું!

ત્યાં હવા નિયમિત રહેતી નથી. એક વાગે સૂરજ સ્વચ્છ દેખાતો હોય આકાશ ચોખ્ખું હોય, અને દોઢ વાગે તો એકદમ વાદળાં ચઢી

આવી એકાદ ઝાપટું નાખી જાય! આપણે જેમ ચોમાસાની એકજ ઋતુ છે, તેમ ત્યાં નથી. ત્યાં તો માત્ર ઉનાળાના બેએક માસ વરસાદ થોડો રહે છે; બાકી તો આખું વરસ ધુમસ, ઝાકળ, કરા અને વરસાદ એવું એવું પડયાજ કરે! પરંતુ વરસાદ આખા વરસમાં થઇને કાંઇ બહુ પડતો નથી. બધો મળી દર વરસે ૨૦–૩૦ ઈંચ જેટલો લગભગ પડે છે. ત્યાંની ઋતુ અને હવા આટલી બધી અનિયમિત હોવા છતાં ત્યાંના લોકો કેટલા બધા નિયમિત છે!

હવા ઠંડી અને ઉત્તેજક હોઈ લોકો શરીરે મજબુત અને મનના પણ મક્કમ અને ચોકસ છે.

પ્રકરણ ૨૭ મું.

હિન્દુસ્થાનનો દુનિયાં સાથેનો સંબંધ.

પૃથ્વીના નકશામાં જુઓ, હિન્દુસ્થાન કેવો નાનો દેખાય છે! પણ તે ઘણા જુના વખતથી નામાંકિત થયેલો દેશ છે. એક વખત એવો હતો કે હિન્દની દોલત એ તો તવંગરમાં તવંગર સ્થિતિ જણાવવી હોય ત્યારે ઉપમા તરીકે વપરાતી! દુનિયાંના બીજા લોકો જ્યારે ઉઘાડા ફરતા કે છાલ પાંદડાંથી પોતાનું શરીર ઢાંકતા અને જંગલી પશુઓ પેઠે રહેતા ત્યારે હિન્દુસ્થાન દેશ સુધારાની ટોચ ઉપર હતો! હાલ પણ તે બ્રિટિશ સામ્રાજ્યમાં અમૂલ રત્ન ગણાય છે!

હિન્દુસ્થાન દેશ ઈંગ્લાંડ અને વેલ્સથી પાંત્રીસગણો મોટો છે અને યુરોપ ખંડમાંથી રૂશીયા બાદ કરીએ તો હિન્દુસ્થાન બાકીના લગભગ આખા ખંડના જેવડો થવા જાય!

આગળના વખતમાં પણ યુરોપખંડ સાથે તેનો સંબંધ હતો, એમ નકીપણે કહી શકાય છે. હાલના વખતાં તો તે આખી દુનિયાં સાથે એક કે બીજી રીતે જોડાયો છે. હિન્દુસ્થાનના સાહસિક વેપારીઓ આખી પૃથ્વી પર પથરાઇ ગયા છે. આફ્રિકામાં, અમેરિકાના કાનડામાં, ઑસ્ટ્રેલિયામાં, અને ન્યુઝીલાંડમાં વગેરે દૂર દૂર પહોંચી ગયા છે. ફ્રાન્સમાં

અને ઈંગ્લાંડમાં તો કેટલાક ઘર કરીને રહ્યા છે. આવી રીતે હિન્દીઓ અને હિન્દુસ્થાન આખી પૃથ્વી સાથે સંબંધ ધરાવે છે.

હાલના વખતમાં હિન્દુસ્થાન અને તેના લોકો બહુ માન પામતા નથી. માન હમેશાં વિદ્યાને અને જ્ઞાનને મળે છે; શારીરિક બળ પણ જોઇએ, પરંતુ વિદ્યાબળ અને કળા કૌશલ્યની પણ બહુજ જરૂર છે. હમણાંના હિન્દીઓમાં વિદ્યાનું બળ નથી અને કળાકૌશલ્યનું નામ પણ નથી, એટલે તેઓ ક્યાંય પણ માન પ્રતિષ્ઠા મેળવી શકે તેવું રહ્યું નથી. જોકે હિન્દના કોઈ કોઇ પુત્રો આજ પણ આગળ પડતા છે અને નવી શોધોમાં પણ બંગાળાના દાક્તર બોઝ જેવા અને સાહિત્યમાં કવિ શિરોમણિ રવીન્દ્રનાથ ટાગોર જેવા નીકળી આવે છે. પણ તેવા અમુક અમુક નરવીર બાદ કરીએ તો હિન્દીઓ સામાન્ય રીતે બહુ પાછળ પડેલા જ દેખાશે. વેપારમાં આગળ વધે છે ખરા, અને રહેણીની રીતભાત સાધારણ રીતે કરકસરવાળી હોવાથી થોડે પૈસે નિભાવી શકે છે, એટલે ઉતરતી પંક્તિનાં કામકાજ માટે હિન્દીઓની માગણી પણ થાય છે. ખેતીમાં હિન્દુસ્થાન હજુ સારી ઉપજ બતાવી શકે છે. યોગ્ય ખાતર અને બીજાં સાધનોથી ખેતીમાં પણ ઘણો સુધારો થાય તેવું તો છે, તો પણ જો ઈશ્વરકૃપા હોય અને વરસાદ સારો થાય તો તો હિન્દુસ્થાનને ખોરાકીનો બહુ વાંધો પડે નહિં તેવી સ્થિતિ છે. બાકી ખેતીની સીધી ઉપજ સિવાય બીજા એક પણ વિષયમાં હિન્દુસ્થાન કાંઇ પણ કરી શકતો નથી એમ કહીએ તો ચાલે તેવું છે. વિદ્યા, કળા અને હુન્નર એટલાં બધાં ઓછાં છે કે મોચી અને દરજીથી માંડી દરેક દરેક ધંધા માટે હિન્દુસ્થાનને પરદેશ પરજ આધાર રાખવો પડે છે, અને તેથી જુદા જુદા દેશોમાં બનતી સારી સારી ચીજો મંગાવવાને લીધે પણ હિન્દુસ્થાનનો સંબંધ આખી દુનિયા સાથે છે. દુનિયામાંના જુદા જુદા દેશ સાથે કેવો કેવો સંબંધ છે તેની વિગત તો તમે આગળ ભણશો ત્યારે શીખશો. અત્યારને માટે તો ઉપર કહી તેટલીજ હકીકત પૂરતી છે.

પ્રકરણ ૨૮ મું.

નકશો કેમ વાંચવો.

અક્ષાંશ અને રેખાંશ એ શું છે એ તો તમને શીખવવામાં આવ્યું છે. ભૂમધ્યરેખાથી ઉત્તર દક્ષિણ કલ્પેલી રેખાઓને અક્ષાંશ અને એક નિશ્ચિત બિંદુથી પૂર્વ પશ્ચિમ કલ્પેલી રેખાઓ તે રેખાંશ કહેવાય. તે લીટીઓ નકશામાં વાંક પડતી, ગોળાણ પડતી, કેમ કાઢે છે, તે તમે સમજો છો ? તે સમજવું બહુ સહેલું છે. પૃથ્વી ગોળ છે એ તો તમને કહ્યું છે. ગોળ દડા પર ફરતી લીટીઓ કાઢો અને તેને જરા દૂર રાખી જુઓ. દડાના ચિત્રમાં તે લીટીઓ પાડેલી હશે તો તદ્દન સીધી પાડીએ તો ચાલે ? ના. દડાના પરીઘને મળવા જતાં તે લીટીઓ પેટાળોમાં દૂર દૂર રહેશે અને પરીઘ પાસે નજીક નજીક આવશે; એટલે અવશ્યે તે વાંક પડતી–ગોળજ–કાઢવી પડશે.[૧]

તે બધી લીટીઓ સરખે અંતરે કઢાય છે. ભૂમધ્યરેખા એ પૃથ્વીની બરાબર વચમાં છે, અને ત્યાંથી એક બાજુ ઉત્તર તરફ ૯૦ ભાગ અને દક્ષિણ તરપ ૯૦ ભાગ; તથા બીજી બાજુએ પણ એ પ્રમાણે ૯૦–૯૦ ભાગ કરે છે. એમ બધા મળી ૩૬૦ ભાગ થાય છે. તે દરેક ભાગને અંશ કહે છે એ તો તમે આગળ જાણ્યું છે. આખી પૃથ્વીનો ઘેરાવ આશરે ૨૫૧૩૩ માઇલ છે. એટલે હવે તમે સાદા ભાગાકારથી કહી શકશો કે એક અંશમાં આશરે ૬૯ માઇલનો સમાવેશ થાય છે. આ પ્રમાણે જાણવાથી એક બીજી વાત આપણે એ જાણી શકીએ છીએ કે અંશના જ્ઞાનથી આપણે ગામ–ગામનું અંતર તથા પ્રદેશનો વિસ્તાર જાણી શકીએ. કરાંચી ૨૫ અક્ષાંશ પર છે અને શિકારપુર ૨૮ અક્ષાંશ પર છે. એક અક્ષાંશમાં આશરે ૬૯ માઇલ આવે છે, તો ત્રણ અક્ષાંશમાં લગભગ ૨૦૭ માઇલ થયા. એટલે કરાંચીથી શિકારપુર લગભગ ૨૦૭ માઇલ દૂર છે, એમ આપણે એકદમ કહી શકીશું. તેજ પ્રમાણે રેખાંશનું સમજવું.[૨]

---

[૧] શિક્ષકે આ વાત પ્રત્યક્ષ રીતે તેનો પ્રયોગ કરી છોકરાઓને બરાબર સમજાવવું.

[૨] શિક્ષકે અક્ષાંશ અને રેખાંશના કેટલાક મનોયત્ન આપી આ હકીકત વારંવાર ઠસાવવી.

અક્ષાંશ રેખાંશથી ત્યારે આપણે અંતર જાણી શકીએ છીએ. તેમજ તે બન્નેથી બીજી પણ કેટલીક હકીકત જાણી શકાય છે. આ તમે આગળ ઉપર શીખશો.

નકશો વાંચવામાં, સમજવામાં અને કાઢવામાં અક્ષાંશ રેખાંશનું જ્ઞાન જરૂરનું છે. તે જ્ઞાન નકશા ગરથી મેળવી પાકું કરવું જોઇએ. નકશો જોતાં જ જે દેશનો તે નકશો હોય તે સંબંધે થોડી ઘણી વિગત આપણે સમજી ન શકીએ તો પછી નકશાઓ નકામાજ ગણાય.

નકશા પરથી દેશ સંબંધે જ્ઞાન મેળવતાં, અને દેશની હકીકત પરથી તેનો નકશો ચીતરતાં જ્યારે આવડે ત્યારે જ ભૂગોળનું જ્ઞાન ખરા બર મળ્યું છે એમ કહી શકાય, એ વાત બધા છોકરાએ ધ્યાનમાં રાખવી.

પ્રકરણ ૨૯ મું.

પૃથ્વીની ગતિ.

છોકરાંઓ, સૂરજ હમેશાં ઉગે છે અને આથમે છે; તેથી દિવસ અને રાત થાય છે એતો તમે જાણો છો ને? પણ તેવું શાથી થાય છે તે કહેશો? સૂરજ ઉગે છે ને આથમે છે એમ કહીએ છીએ તેથી સૂરજ ફરે છે, એમ તમે સમજતા હશો, પણ તેમ નથી. ખરી વાત તો એ છે કે પૃથ્વી જ ફરે છે. સૂરજ તો સ્થિર ને સ્થિર જ છે, પણ જેમ ભમરડો તેની ધાર ઉપર ફરે છે, તેમજ પૃથ્વી પણ ધરી ઉપર ફરે છે, પૃથ્વીને કંઈ ખરી ધરી નથી, પણ અમુક એક બિન્દુ એકજ જગાએ રહી ચક્કર ચક્કર ફરે છે, અને તેની સાથે આખી પૃથ્વી પણ ફરે છે. તે જે કલ્પિત બિન્દુ ધાર્યું, ત્યાંથી પૃથ્વીની આરપાર જતી એક લીટી કલ્પો, તે લીટી તે પૃથ્વીની ધરી કહેવાય છે. તે ધરીની આસપાસ પૃથ્વી ચક્કર ચક્કર ફરે છે. એક દીવો રાખી તેનાથી થોડે છેટે તમે કુદડી ફરશો તો શું થશે! થોડો વખત તમે દીવો દેખશો અને થોડો વખત દીવો નહિ દેખો પૃથ્વીનું પણ તેમજ થાય છે. ફરતાં ફરતાં પૃથ્વીનો થોડો ભાગ સૂરજ તરફ આવે છે, ત્યારે આપણે સૂરજને

દેખીએ છીએ અને તેટલો વખત દિવસનો ગણાય છે, અને થોડો વખત આપણો વાંસો સૂરજ તરફ થઈ જાય છે, એટલે આપણે તેને દેખતા નથી, ત્યારે રાત પડી કહીએ છીએ.

સૂરજ સ્થિર છે અને પૃથ્વી ફરેછે એ વાત તમને બહુ નવાઇ જેવી લાગશે, પણ તે ખરી છે, એટલુંજ હમણાં સમજો; મોટા થશો ત્યારે તમે તેના પુરાવા સમજી શકશો. હમણાં પણ એટલું તો સમજી શકશો કે કોઇ વાર આપણે ફરતા હોઇએ, અને સામેની વસ્તુ સ્થિર હોય, તોપણ આપણને ઉંધું દેખાય છે. આગગાડી દોડતી હોય ત્યારે બહાર છેટે જુઓ તો ઝાડ અને છેટેની જમીન તમને ગોળ ફરતી દેખાશે. વળી આગગાડીમાં બેઠા હશો, અને ત્યાં પડખે બીજી ગાડી ઉભી હશે ત્યારે ઘણી વાર આપણી ગાડી ચાલતી હોય, તોપણ કેમ જાણે બીજી ગાડી ચાલતી હોય તેવું તમને નથી લાગ્યું? આપણી ગાડીમાંથી બહાર ડોકીયું કરી બીજી કોઇ સ્થિર વસ્તુ ધ્યાનમાં લઇએ ત્યારેજ આપણી ભૂલ સુધરે છે. વહાણમાં તો ઘણી વાર આવું થાય છે. ફરતાં વાહનમાં આપણે બેઠા હોઇએ, તોપણ સ્થિર વસ્તુ આપણને ફરતી જણાય છે, અને આપણે તો જાણે સ્થિર જ હોઈએ એવું ભાન થાય છે. પૃથ્વીની ગતિ વિષે પણ તેવું જ થાય છે. પૃથ્વી ચક્કર ચક્કર ફરે છે. તેનો એક ફેરો કેટલા વખતમાં પૂરો થતો હશે તે કહી શકશો? સૂરજને આપણે સવારમાં પહેલ વહેલો જોઈએ, ત્યાર પછી પાછો બીજી વાર તેજ સૂરજ ત્યાંજ પહેલ વહેલો કેટલા કલાકે જોઇએ છીએ? ચોવીસ કલાકે, ખરૂં? ત્યારે તેટલો વખત પૃથ્વીને એક ફેરો ફરતાં થાય છે, પૃથ્વી ચક્કર ચક્કર ધરી ઉપર ચોવીશ કલાકમાં એક વાર ફરે છે અને પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે

દિવસ અને રાત થવાનું કારણ તમે સમજ્યા પણ શિયાળો ઉનાળો કેમ થાય છે એ જાણો છો? શિયાળામાં ઠંડી વધારે અને ઉનાળામાં ગરમી વધારે હોય છે ગરમી વધારે ક્યારે લાગે? ચુલાની પાસે કે સામે હો ત્યારે કે દૂર કે પડખાના ભાગમાં હો ત્યારે? અલબત, પાસે કે સામે હો ત્યારે જ. પૃથ્વીનું પણ તેમજ છે. પૃથ્વીને ગરમી આપનાર કોણ છે તે જાણો છો? સુરજ.

એટલે પૃથ્વી સુરજની નજીક કે સામે હોય ત્યારે ગરમી લાગે છે અને તેથી ઉનાળો થાય છે, અને જ્યારે સૂરજથી દૂર કે પડખાના ભાગમાં હોય છે, ત્યારે ગરમી ઓછી લાગે છે; એટલે શિયાળો થાય છે.

પણ આમ દૂર, નજીક કોણ આવતું હશે? સૂરજ તો સ્થિરજ છે અને ફરતો નથી એ તો કહ્યું છે. દૂર, નજીક પણ જનારી પૃથ્વી જ છે. પૃથ્વી જેમ પોતાની ધરી ઉપર ફરે છે, તેમજ સૂરજની આસપાસ પણ ફરે છે. તમે જેમ ફૂદડી ફરતા ફરતા દીવાની આસપાસ ગોળ કુંડાળું ફરો તેમ. તમે તેમ કરતા હો ત્યારે બેવડું કામ કરો છો ખરું? એક ફૂદડી ફરો છો અને બીજું દીવાની આસપાસ પણ ફરો છો. પૃથ્વી પણ તેમજ ફુદડી ફરે છે, અને સૂરજની આસપાસ પણ ફરે છે. ફુદડી ફરતાં ચોવીસ કલાક થાય છે, પણ સૂરજની આસપાસ ફરતાં કેટલો વખત થતો હશે, કહી શકશો? જેમ એક સવારે સુરજ દેખાય ત્યારથી બીજી સવારે દેખાય તેટલો વખત પૃથ્વીની ફુદડીનો છે; તેમ શિયાળાની શરૂઆત થાય ત્યારથી પાછી બીજી વાર શિયાળાની શરૂઆત થાય ત્યાં સુધીનો વખત તે સૂરજની આસપાસના એક ફેરાનો વખત છે. તે કેટલો વખત કહેવાય? એક વરસ, ખરું? યાદ રાખો ત્યારે; કે પૃથ્વીને બે ગતિ છે; એક તો ધરી પર ચક્કર ફરે તે અને બીજી સૂરજની આસપાસ ફરે છે તે. પહેલી ગતિથી દિવસ અને રાત થાય છે, અને દિવસ એટલે દિનમાં તે પોતાનો એક ફેરો પૂરો કરે છે, માટે તેને દૈનિક ગતિ કહે છે. બીજી ગતિથી ઋતુઓ બદલાય છે. અને સૂરજની આસપાસ એક ફેરો ફરતાં એક વરસ થાય છે, તેથી તેને વાર્ષિક ગતિ કહે છે.

સમાપ્ત.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કુંપની. મુંબાઈ.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કુંપની. મુંબાઈ.

નાટ્ય કથારસ.

શેકસ્પીઅર કથા સંગ્રહ.

" નાટ્ય કથારસ સરસ જે, ઉત્તમ કવિ ઉદ્ગાર;
વાર્તા રૂપે વર્ણવ્યા; વાંચો વારંવાર. "

આવૃત્તિ બીજી. કીમત રૂ. ૦-૧૨-૦.

અનુક્રમણિકા.

બાળકો માટે પુસ્તકો.

શિશુસદ્બોધમાલા. ભાગ. ૧, ૨, ૩.	૦	૧૫
ભોજ અને કાલીદાસ	૨	૦
બાલકોને આનંદ. ભાગ ૧ તથા ૨	૧	૪
કરજ	૧	૮
બાલસ્વભાવ	૦	૮
ટુંકી કહાણીઓ. ભાગ ૧ —૨	૧	૦
રત્નગ્રંથી.	૦	૮
નવી જીંદગી.	૨	૦
ચંડાલ ચોકડી (શેરલોક હોમ્સનું નવું પરાક્રમ) ...	૦	૧૨
સારી રીત ભાત.	૦	૫
કાઊન્ટ ટોલ સ્ટોઇની વાતો.	૦	૫
નવરંગી બાલકો....	૦	૫
બાલકાવ્ય.	૦	૪
બાલ સદ્બોધ વાર્તા શતક. (છપાય છે.)		
સુશીલ યાને બાલ સદ્બોધ.	૦	ાાા